આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ છવ્વીસમું · અંક પાંચમો · માહે મે
ઈ. ઓગણીસસો ઓગણપચાસ
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત
સળંગ અંક
૩૦૫

કુમાર



સરસ્વતીના તટ પર ઉષઃકાળ
કૃતિ · નલિનકુમાર પટેલ.
પ્રકાશની સામે લેવામાં આવતાં છાયાચિત્રોની ખૂબી એ કાળા સમૂહમાં પણ આકારની સ્પષ્ટતા સુરેખ ઉતારવામાં રહી છે.





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ : મોકૂફ; બીજું ઈનામ : 'સરસ્વતી તટે ઉષઃકાળ'–નલિનકુમાર પટેલ (સુરત); ત્રીજું ઇનામ : 'પ્રકૃતિનું સૌન્દર્ય'–હિંમતલાલ જગજીવનદાસ દોશી (મુંબઇ). નોંધપાત્ર : અનુક્રમે : (૧) સરસ્વતીનો રમ્ય પટ : નલિનકુમાર–સુરત; (૨) વહાણુનો નનામો પ્રિન્ટ: સુંદરજી ભેદા–ઘાટકોપર;(૩) ખર્યું પાન : ચન્દ્રકાન્ત જયંતીલાલ કેશાણી–મોરબી;(૪)મિનારો:મુસ્તફા હેમાણી કરાંચી.

આ વખતે આવેલાં સંખ્યાબંધ ચિત્રોમાંથી વિવિધ દશ્યચિત્રોનો એક સારો સમૂહ નીકળી આવ્યો છે. પ્રકૃતિ-સૌન્દર્યથી કોણ મુગ્ધ નથી બનતું? અને તેમાં ય જેની કલાદષ્ટિ ખીલી છે તેવા ઊગતા કૅમેરિસ્ટો તો એ સૌન્દર્યથી આકર્ષાઈ તેને અમર કરવા ઝડપે છે. પણ ઘણીવાર પોતે માણેલા દશ્યનો અલ્પાંશ આનંદ પણ કૅમેરામાં ઝડપાતો નથી ત્યારે હતાશ થાય છે. આનું શું કારણ? દશ્યમાન તેટલાં 'દશ્યો' તો ખરાં; પણ તેમાંથી 'ચિત્રમયતા' તો આપણે પકડી પાડવાની હોય છે. કૅમેરાનો લેન્સ તો જે દેખાય તે બધું જ ફિલ્મ પર પાડવાનો. પણ એમાંથી રમણીય ચિત્રસંયોજન તારવી લેવાનું કલાકાર્ય તો આપણે જ કરવાનું હોય છે.





પહેલા ઇનામને પાત્ર ભાઈ નલિનકુમાર પટેલનું 'સરસ્વતીતટે ઉષઃકાળ' સૂર્યના સામા પ્રકાશે લેવાએલું છાયાચિત્ર છે (જુઓ : પૂઠું). નદીના વિશાળ પટમાં, એ પ્રકાશથી મોતીના દાણાની જેમ ચમકી ઊઠેલાં લ્હેરિયાં લેતાં પાણી વચ્ચેથી પસાર થતા ગાડાનું એ દશ્ય જીવંત ને સભર લાગે છે. આકારની સ્પષ્ટતા ઉતારવાની છાયાચિત્રની ખૂબી સાધતા એ પ્રિન્ટની ટેકનીક પણ સરસ છે. મૂળ ચિત્રને થોડું નીચેથી ને તેનું અર્ધું જમણી બાજુથી કાપીને અમે છાપ્યું છે એથી ચિત્રમાં વેગ વધ્યો છે.

ત્રીજું ઇનામ મેળવનાર ભાઇ હિંમતલાલનું 'પ્રકૃતિનું સૌન્દર્ય', નોંધપાત્ર ઠરેલું ભાઈ સુંદરજીનું હોડીઓનું ચિત્ર, પૂઠા પરના ચિત્રવાળા ભાઇ નલિનકુમારનું 'સરસ્વતીના પટ'નું ચિત્ર અને ભાઇ ચન્દ્રકાન્ત કેશાણીનું 'ખર્યુંપાન', જે આ ઉપર છાપ્યાં છે, તે અનુક્રમે ગિરિપ્રદેશ, સાગરતટ, નદીપટ તથા સપાટ મેદાન, એમ કુદરતનાં વિવિધ સ્થાનોનાં રમ્ય દર્શન રજૂ કરે છે. પહેલા ચિત્રમા ડાબી તરફનો સફેદ ભાગ જરા બેસાડી દેવાની જરૂર હતી; હોડીઓ તો ચિત્રસંયોજન માટેનું એવું સરસ અને આકર્ષક સાધન છે કે એમાંથી અનેક ભાતીગળ ચિત્રો નિપજાવી શકાય; નદીપટના ચિત્રમાં આકાશનો ભાગ અમે દોરી બતાવ્યો છે તેટલો કમી કરવાથી દૃષ્ટિ ચિત્રવસ્તુ ઉપર વધુ કેન્દ્રિત થશે; 'ખર્યુંપાન' ચિત્ર તો સહેજ માટે ઉચ્ચ કક્ષામાં આવતું અટકી જાય છે. વૃદ્ધાનું પાત્ર જરાક પાછળ ઝાડ તરફ હોત તો સંયોજન સપ્રમાણ બનત. ભાઈ મુસ્તફા હેમાણીના 'મિનારો' (જે અમે પ્રકટ નથી કરી શકયા) સહેજ ઊંચા કોણથી લેવાયો હોત તો દૃષ્ટ ઉઠાવ પકડત. મિનારાની સમતુલા સાચવે તેવી વસ્તુની ઊણપ જમણી બાજુ લાગે છે, તે, એ તરફથી પ્રિન્ટને એક ઇંચ કાપી નાખવાથી દૂર થશે.

શ્રીદામ ભટ્ટ

[આ વિભાગ માટે આવતાં ચિત્રો ઉચિત સંખ્યામાં એકઠાં થયે તથા સમયના ક્રમમાં તપાસવામાં આવે છે, અને અસ્વીકૃત કૃતિઓ તરત નહિ પણ તે માસનો અંક બહાર પડી ગયા પછી જ (અને જેમણે વળતું પોસ્ટેજ મોકલ્યું હોય તેમને જ) પાછી મોકલવામાં આવે છે. માટે આ નિયમ ખ્યાલમાં રાખીને તે અંગે વારવાર પૂછપરછના પત્રવ્યવહાર કરવાની તસ્દી લેવી નહિ.]

કુમાર

મે ૧૯૪૯

અંક ૩૦૫

ચિત્રો

કાવ્યો

નાટિકા

લેખો

વિભાગો


ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

ટંકારાની બજાર

…ર: ગગનલાલ ત્રિવેદી



છે તો માત્ર ગામડાગામની બજાર જ; પરંતુ આવાં સાદાં દૃશ્યોમાં પણ સંયોજનનું જે સૌન્દર્ય રહેલું હોય છે તે રસપિપાસુ આંખ તરત પકડી પાડે છે. ઊંચું મંદિર અને નીચી દેરી, ડોકાતું ઝાડ અને ઢળતી દુકાન, એ બધાં એકબીજાના પડખામાં ગોઠવાઈને જે સુરાવટ રચે છે તેમાં નાનું ફાનસ અને ધજા પણ ફાળો આપે છે. આવતાંજતાં પાત્રો તેને પ્રમાણ અને સજીવતા અર્પે છે. સૌન્દર્ય કાંઈ નિસર્ગનાં વિશાળ અને ભવ્ય દૃશ્યોમાં જ હોય એવું નથી. અંગ્રેજીમાં જેને 'bit' કહે છે એવાં આવાં રોજિંદાં દૃશ્યોના નાના ખંડકો પણ આંખને માધુર્યની તૃપ્તિ આપે છે. માત્ર એ જોવાની આંખ કેળવવી જોઈએ. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલું આ ટંકારા ગામ મહર્ષિ દયાનંદની જન્મભૂમિ હોવાનું માન

હેસ્પેરાઈડ્ઝનો ઉદ્યાન

ચિત્રકાર
સર એડવર્ડ બર્ન-જોન્સ



આ અંકમાં અન્યત્ર આપેલા 'બીલી'ના લેખમાં જણાવ્યા પ્રમાણે, એ ફળનું શાસ્ત્રીયનામ હેસ્પેરાઈડઝના ઉદ્યાનનાં સુવર્ણફળોની રક્ષા કરતી ત્રણ કુમારિકાઓમાંની એકના નામ પરથી પડેલું છે. હેસ્પેરાઈડ્ઝના એ ઉદ્યાન વિષે ગ્રીક પુરાણોમાં જે કથા છે તેના રૂપક પાછળ માનવ જીવનને બોધક તત્ત્વ રહેલું હોવાથી વિખ્યાત અંગ્રેજ ચિત્રકાર સર બર્ન-જોન્સે તે પર એક ચિત્ર આલેખ્યું છે અત્રે આપ્યું છે.

કથા એવી છે કે દેવેન્દ્ર ઝીઅસ અને દેવી હેરા પરણ્યાં, એ મંગલ પ્રસંગના અભિવાદન તરીકે પૃથ્વીમાંથી એક અદ્‌ભુત વૃક્ષ ફૂટી આવ્યું, જેને સોનાનાં ફળ બેસતાં. ગ્રીક કથામાં એ ઝીઅસ આપણા ઈંદ્ર જેવો છે. તેને નરના પ્રતીકરૂપ માન્યો છે, ને હેરાને નારીની પ્રતિનિધિ ગણી છે. આમ, નરનારીના સંલગ્ન થયે પૃથ્વી ફળે એ રૂપક સ્પષ્ટ છે. પૃથ્વીએ ભેટ આપેલી સમૃદ્ધિ રૂપ હેસ્પેરાઇડઝનાં બાગનાં એ સુવર્ણફળની ચોકી બે પ્રકારે થતી હતી : એક તો ગાન કરતી ત્રણ દેવકન્યાઓ દ્વારા. એ સૂર્યાસ્ત અને પશ્ચિમી પવન (વનસ્પતિનાં પોષક તત્ત્વો)ની પુત્રીઓ હતી અને તેને ગૃહિણીઓના સદ્‌ગુણોની પ્રતીક કલ્પી છે; બીજી બાજુ એ ફળોનું રક્ષણ લોભ, લાલચ, લોલુપતા આદિ દુર્ગુણોના પ્રતીક રૂપ એક સર્પરાક્ષસ કરતો હતો એ દૃશ્યનું આ ચિત્ર છે.

ઝીઅસને બીજી એક સ્ત્રીથી થએલા પુત્ર હેરાક્લીસ (કે હર્ક્યુલિસ)ને, હેરાના દ્વેષને કારણે બાર અશક્ય કામો પાર પાડવાની સજા ઝીઅસે કરેલી. એ મહાભારત કામો પૈકી ૧૧મું કામ આ સુવર્ણ ફળ લઈ આવવાનું હતું. ગ્રીક દંતકથામાં હેરાક્લીસ, એ માનવ પૌરુષ અને પરિબળનો પ્રતીક ગણાયો છે, અને દેવતાઓએ પ્રસન્ન થઇને પોતાને દીધેલી બુદ્ધિ તથા બળના પ્રભાવે કરીને તે મુશ્કેલીઓ સામે સદા જંગ ખેલીને તેને મહાત કરતો આવ્યો છે હેસ્પેરાઈડ્ઝના ઉદ્યાનની શોધ કરતો હર્ક્યુલિસ આફ્રિકાના એ પ્રદેશમાં જઇ પહોચ્યો જ્યાં ઍટલાસ પોતાના ખભા પર પૃથ્વી અને બ્રહ્માંડનો ભાર ધારણ કરીને ઊભો હતો. હર્ક્યુલિસે તેની સ્તુતિ કરી તેને પ્રસન્ન કર્યો, અને પોતાના કાર્યમાં સહાયભૂત થવા વિનતિ કરી. ઘણી વીનવણીને અંતે ઍટલાસ એ શરતે કબૂલ થયો કે પોતે એમાંનાં ત્રણ જ સુવર્ણફળ લાવી આપશે, પણ તે દરમ્યાન બ્રહ્માંડનો ભાર હર્ક્યુલિસે ધારી રાખવો. માનવીને માટે અશક્ય એવો એ બોજો અપ્રતિમ બલ અને ધીરતાપૂર્વક ધારી રાખીને હર્ક્યુલિસ ઊભો. ઍટલાસ ફળ લઇ તો આવ્યો, પણ હવે પેલો બ્રહ્માંડનો બોજો પાછો લેવાને બદલે તેણે તો કહ્યું કે એ ફળનો ઉપભોગ હું જ કેમ ન કરું ? 'ખરી વાત છે,' હર્ક્યુલિસે કહ્યું; 'તમારી જ મહેનતનું એ ફળ છે; તે તમે જ ભોગવો. પણ આ બોજાને લીધે મારી પીઠ તપી આવી છે ત્યાં જરા ગાદી મૂકી લઉં એટલી ક્ષણ એને ટેકવી ન રાખો ?' ઍટલાસે હા કહી; પણ જેવો એણે બોજ પોતાની પીઠ પર ધર્યો એવો જ હર્ક્યુલિસ તેના હાથમાંથી સુવર્ણફળ ઝૂંટવી લઇને પોતાને માર્ગે પડ્યાં.



પીળી છે પાંદડી ને—

· ગીત ·

પીળી છે પાંદડી ને કાળવો છ બાજરો;
સોણ્ણ છે રે ઝાઝો સવારથી ય સાંજરો.

ઝાકળિયે બેસું હું તો ય રે બપોર લાગે
આસો તે માસના અકારા,
આવડા અધિકડા ન વીત્યા વૈશાખના
આંબાની ડાળ ઝૂલનારા;
હું તો
અંજવાળી રાતનો માણું ઉજાગરો:
પીળી છે પાંદડી ને કાળવો છ બાજરો.

કોશના તે પાણીનું વ્હેતું ખળુ હો મને
લાગે કાલિંદરી જેવું,
આંબલીની છાય તે કદંબની જણાય મારા
મનનું તોફાન કોને કેવું?
મેં સો
દીઠો રાધાની સંગ ખેલંતો સાવરો:
પીળી છે પાંદડી ને કાળવો છ બાજરો.

રાજેન્દ્ર શાહ

મૈત્રી

· શાલિની ·

સંપત્તિ ને શક્તિના ઉગ્ર કૈફે
પેલો ઘેલો મત્ત ઉમન્ત્ત સિંધુ
તોફાને ઘૂમી રહેતો છકેલો
મૂકી માઝા નાચતો દોડતો ને.

જોરુકો ના કેમ ઝાલ્યો ઝલાય,
ભાગુંભાગું હાંફ ના ક્યાંય માય;
ખી ખી હાસે, ત્રાડતો એ બરાડે,
છોળે ચોડે છક્કડોના ઝપાટા.

સામે ઊભા નિત્યસંગી કિનારા
જોઇને બેભાન એની અવસ્થા,
વ્હોળા હાથે બાથમાં ઘાલી ઝાલી,
ફીણો કેરી પાંબડી લૈ વીંટાળે.
પ્રેમે ખાઇ માર મર્યાદ રાખે,
સાચા સાથી સિંધુની લાજ રાખે;

ધીમેધીમે વેગની કેફ-આંધી
ઓછી થાતાં, ભાનમાં આવતાં તે
લજ્જા પામી, ઊર્મિની અંજલિએ
રત્નો કેરી ભેટ ધારે કિનારે.

પ્રભુદાસ કાલિદાસ વ્યાસ

શા કારણે?

· પૃથ્વી ·

અનંત રમતું દિસે ત્રુટિત અંતના તાંતણે,
અહા! જીવન મ્હોરતું મધુર મૃત્યુના પારણે.

ઉગાર જલદી લિયે જખમ ઝેરના મારણે,
મળે જ રણ-દ્વીપ શો સલિલહીન સિકતા-રણે.

સીધું જ સૂત ઊતરે તકલીના અરે કાંતણે,
વિરુદ્ધ દિશ ગોઠવી, વણકરો છતાં તો વણે.

પ્રવેશ પણ શક્ય છે નિસરવા તણા બારણે,
જગે સપન ચિત્તનાં અવશ નિંદના ધારણે.

સખી!
નકાર તવ તો પછી નવ હકાર શા કારણે?

પ્રિયકાન્ત મણિયાર

જેને પ્રસંગે પ્રસંગે યોજાએલાં પ્રતીકો પાછળ આપણા જીવનને સ્પર્શતાં

[પ્રારંભિક સંગીત]

સૈનિક: ફટ છે એ નાયકને! ધિક છે એ અમલદારને! અને ફિટકાર છે એ સેનાપતિને અને સેનાધિપતિને! મને આમ છેહ દઇને એ બધા પોતાને સમજે છે શું? પચ્ચીસ વરસની મારી નોકરી, ને મને આમ ને આમ કાઢી મૂકયો? હવે રહ્યો કેવળ હું 'છુટો થએલો સૈનિક'! ને મારું હવે કોઇને કામ નથી. ઈશ્વરની ને રાજાની સેવામાં પચ્ચીસ વરસ કાઢયાં. અને હવે રૂખસદ આપી—રૂખસદ! હવે રહ્યું શું? આ ત્રણ રોટલા? ત્રણ... સૂકા ... રોટલા! ચાલો, હશે. રસ્તો લાંબો છે. ચાલવા માંડું. (ધબ-ધબ, એમ પગલાંનો અવાજ)

એક ભિખારી: અરે એ સૈનિક! એ ભાઈ સૈનિક! જરા ઊભા રહો!

સૈનિક: કેમ, બાપા! શું છે? (જરા અટકીને) મારી પાસે એક કાણી કોડી યે નથી.

ભિખારી: પૈસા નથી, પણ ખાવાનું તો હશે ને? આ સાઠ વરસની કાયામાં જરા યે આય રહી નથી. ભૂખ મારી રોજની સાથી થઇ પડી છે અને આજે તો—

સૈનિક: ભૂખ? તો લે આ રોટલો. એને પણ ઉઠાવ અહીંથી.

ભિખારી: ભગવાન તમારું ભલું કરે.

સૈનિક: શું કહ્યું? ભગવાન મારું ભલું કરે? રહ્યા છે માત્ર બે.. સૂકા... રોટલા અને ભગવાન મારું... (ધબ-ધબ ધબ-ધબ.)

બીજો ભિખારી: અરે ભાઇ સૈનિક!

સૈનિક: 'તારે' વળી શું જોઇએ છે?

બીજો ભિખારી: ખાવાનું, ભાઈ, ભગવાનને ખાતર! હું સિત્તેર વરસનો થયો તોય...

સૈનિક: હાડમાં જરા યે માંસ નથી, એમ ને? ચાલ, લે; આનાથી કાંઇ બહુ તો વળવાનું નથી, પણ...

બીજો ભિખારી: રોટલો! ભલો ભગવાન તમારું કલ્યાણ કરે.

સૈનિક: એ તો આવતે જન્મારે. ભલે ભલે. મને સૈનિકને તો કાંઈ ધાયે પડવાના નથી. નથી પાણીમાં ડૂબી જવાનો કે નથી અગ્નિમાં દાઝી મરવાનો. રસ્તો તો ખાસ્સો લાંબો છે, પણ કોણ જાણે છે—

ત્રીજો ભિખારી: સૈનિક! (પહેલાના બંને ભિખારીઓ કરતાં આ ભિખારી વધારે શાન્તિપૂર્વક બોલે છે.)

સૈનિક: વળી પાછો ત્રીજો હાડકાંનો માળો!

ત્રીજો ભિખારી; ભાઈ, માફ કરજે તને ખોટી કરું છું તે; પણ હું એટલો તો ઘરડો છું કે તને મારી ઉમરની કલ્પના યે નહિ આવે. આજ અન્નનો દાણો સરખો યે મોંમાં નાખ્યો નથી. અને ગઇ કાલે પણ માત્ર ઝાડની છાલ ચાવીને મન મનાવ્યું હતું.

સૈનિક: મારા વખતમાં મેં પણ એવું જ કર્યું છે, ભાઇ! હું જાણું છું કે એ કેવું લાગે છે. પણ લે (ભિખારીને તલપતો જોઇ) ઉતાવળ ન કર. બુઢ્ઢા! આપણે એના બે ટુકડા કરીએ તો?

ત્રીજો ભિખારી: જેવી તમારી મરજી.

સૈનિક: અરધું અરધું વહેંચી ખાવામાં ડહાપણ તો છે, પણ...

ત્રીજો ભિખારી: પણ શું?

સૈનિક: તારા બીજા બે ભિખારી ભાઇબંધોને દરેકને એક આખો દીધો એટલે તને અરધો આપવાનું ઠીક નથી લાગતું. લે, લઈ જા.

ત્રીજો ભિખારી: આખો યે મને?

સૈનિક: હા; રોટલો તો મને ભાવે છે ય કયાં?

ત્રીજો ભિખારી: મોટા પાડ તમારો, મારા ભાઈ. હવે હું તમને કાંઈ મદદ કરી શકું એમ હોય તો કહો.

સૈનિક: તું? મને મદદ કરે? ભગવાન તારું ભલું કરે, ભાઈ. તારું આ ખોળિયાનું ખોખું તો જો. મદદ કરી શકે એમ લાગતું નથી.

ત્રીજો ભિખારી: તને એમ લાગે છે, ખરું? બોલ તારે શું જોઈએ?

સૈનિક: મારે જોઈતું તો કંઇયે નથી, કંઇયે નહિ. પણ વારુ, તારી પાસે પાનાં છે?

ત્રીજો ભિખારી: રમવાનાં પાનાં ને? હા, આ રહ્યાં.

સૈનિક: ઓત્તારીની! આ તો તદ્દન કોરી જ જોડ છે!

ત્રીજો ભિખારી: જે કોઇની પણ સાથે આ પાનાંથી તું રમશે તેને તું જીતશે.

સૈનિક: હેં?!

ત્રીજો ભિખારી: અને આ જો,—કંઇક બીજું...

સૈનિક: એ શું છે? તોબરો?

ત્રીજો ભિખારી: હા, તોબરો.

સૈનિક: તોબરો?! શું મશ્કરી તો...?

ત્રીજો ભિખારી: જો ભાઈ, હું કહું તે સાંભળ. તેં મારા તરફ ભલાઈ બતાવી છે; હું પણ તારા તરફ ભલાઇ બતાવીશ.

સૈનિક: પણ ઘોડો તો છે નહિ ને તોબરાને શું...

ત્રીજો ભિખારી: ઘોડા પણ તને મળી રહેશે; જે જોઈએ તે બધુ મળી રહેશે. આ રસ્તે તું આગળ વધશે ને તારા મનમાં જે કશાની પણ ઇચ્છા થશે તે બધું ય,—પછી તે જનાવર હો કે પંખી હો કે માછલી. ફક્ત તારે આ તોબરો આગળ ધરવાનો અને તેનું આમ કરીને મોઢું ખોલવાનું, અને કહેવાનું કે 'જનાવર કે પંખી! આ મારા તોબરામાં કૂદી પડ.' અને ખાતરી રાખ કે તેઓ કૂદી જ પડવાના!

સૈનિક: હા! હા! હા! હા! હા! તેં વાત તો બહુ ફક્કડ કહી નાખી.

ત્રીજો ભિખારી: તું નહિ માને, પણ ખરી વાત હોય છે તે જ ફક્કડ હોય છે. હું કોણ છું તે તું જાણતો નથી, સૈનિક—

સૈનિક: તું કોણ છે?

ત્રીજો ભિખારી: તેની કલ્પના હું તારા પર જ છોડું છું, સૈનિક. પણ મારી આપેલી બક્ષિશોનો તું સદુપયોગ કરજે. વારુ ત્યારે, આવજે; ભગવાન તારું ભલું કરે.

* * *

[એકતારાનું ગામઠી સંગીત. ઘોંઘાટ કરતા ગામડિયાઓથી ભરેલી હૉટલનું સૂચન]

તોબરો

એક રેડિયો-રૂપક

મૂળ લેખક લૂઇ મૅકનીસ ★ અનુવાદક-રજનીકાન્ત મોદી

સૂચનો રહેલાં છે.



પહેલો ગાગડિયો : એ શેઠ ! ચ્હાનો પ્યાલો આપજો મારે ખાતે.

હૉટેલ માલિક : આ દહાડામાં ઉધાર કાંઇ નહિ મળે.

પહેલો ગામડિયો : કંજુસ બુઢ્ઢા—!

રૂખી : એ ખરું કહે છે વળી; આ દહાડામાં માણસને—

પહેલો ગામડિયો : માણસને ચ્હા તો જોઈએ ને ?

બીજો ગામડિયો : હાસ્તો વળી. ચ્હા ન મળે તો લોકો કરે શું ?

માલિક : કામ ન કરે તો લોકોને શું મળે ?

બીજો ગામડિયો : પણ પેટમાં પડ્યા વિના કામ શે થાય ? અને ખોરાક પણ જોઇએ ને ? પહેલાંનાં દિવસોમાં તો...

બધા : અહાહા ! એ દિવસોની તે શી વાત !

પહેલો ગામડિયો : ચ્હાના હાંડે હાંડા !

બીજો ગામડિયો : ને ફરસાણના તો ઢગલે ઢગલા !

સૈનિક (દાખલ થતાં): કોને જોઈએ ફરસાણ ?

માલિક : આવ ભાઇ સૈનિક; પણ જો તારે કંઈ ખાવું પીવું હશે તો પૈસા રોકડા જોઈશે.

સૈનિક : અરે હું કહું છું કે ફરસાણ કોને જોઇએ છે ?

રૂખી : ફરસાણ ? તું અહીં તદ્દન નવોસવો જ આવ્યો લાગે છે. મશ્કરી જવા દે...

સૈનિક : જુઓ, મારા હાથમાં આ શું છે ?

રૂખી : તોબરો. પણ તેનું શું ?

સૈનિક : એ ભરેલો લાગે છે ને ? ધારો જોઇએ એમાં શું હશે ?

બીજો ગામડિયો : હું કહી દઉં ... એઈ ?

ઘણા અવાજો : હા ! હા ! હું કહું—હું કહું...

સૈનિક : સબૂર. જુઓ ત્યારે અહીં : એક ! બે ! ! ત્રણ ! ! !

માલિક : ઓ મારા ભગવાન ! આ તો ખરેખર ફરસાણ !

બધાં : અરે ફરસાણના ઢગલે ઢગલા ! !

સૈનિક : સેવ, ગાંઠિયા, ફાફડા... લે ભાઈ હોટલવાળા, લઇ લે આ બધું. મને થોડું વાળુમાં આપજે. બાકીનું મારી ચ્હાના બદલામાં.

માલિક : ઓત્તારીની !

સૈનિક : કેમ, બરોબર છે ને ?

માલિક : અરે તદ્દન વ્યાજબી. હવે, સાહેબ, પધારો અહીં.

સૈનિક : મને 'સાહેબ, સાહેબ' નહિ કરો. મારે અહીં નથી બેસવું. મને પેલું મોટું ટેબલ ફાવશે. ને બધાને હવે ચ્હાપાણી આપો.

રૂખી : અરે વાહ ? !

સૈનિક : જ્યારે મારું નસીબ ખુલે છે ત્યારે બધાને જ હું તેમાં ભાગીદાર કરું છું. બેસો, તમે બધાં.

પહેલો ગામડિયો : હું આવું ?

બીજો ગામડિયો : હું ?

સૈનિક : અરે તમે બધા જ... (ખુશાલીના પોકારો.)

બીજો ગામડિયો : એક રૂખી સિવાય બધા. એને તો ચ્હા બનાવવાની છે; ને પછી રસોઈ...

રૂખી : હા. ને એને તો વાર લાગશે.

બીજો ગામડિયો : દરમ્યાન આપણે થોડી મોજ કરીએ.

સૈનિક : હા, કંઇક ગાઇએ બજાવીએ પણ ખરા. અરે માલિક !

માલિક : જી, સાહેબ !

સૈનિક: કંઈ વાજીંત્ર-બાજીંત્ર રાખો છો કે?

માલિક: સંગીત? પણ, સાહેબ—

સૈનિક: (દમામથી) બસ. સંગીત! (એકતારાનો અવાજ.)

સૈનિક: વારુ; એ ચાલશે. (જરા અટકીને સહજ જ સવાલ પૂછે છે.) પેલું બારીની સામે મોટું મકાન કોનું છે?

[એકતારો ઓચિંતો બંધ પડે છે. ગામડિયા ગુસપુસ કરવા માંડે છે.]

સૈનિક: સંગીત કેમ અટકી ગયું?

માલિક: તમે કંઈ બોલ્યા ને? તેથી, સાહેબ!

રૂખી: કોઇ એની વાત કરે છે કે તરત સંગીત અટકી જાય છે.

સૈનિક: શાની વાત?

બીજો ગામડિયો: પેલી બારી સામેની હવેલીની.

સૈનિક: કેમ? માણસ મકાનની વાત ન કરી શકે?

માલિક: હા, સાહેબ; પણ એ તો રાજાનો મહેલ છે.

સૈનિક: એટલે? માણસ મહેલની પણ વાત કરી શકે છે.

માલિક: હા, સાહેબ; પણ એ તો ભૂતિયો મહેલ છે.

[ગામડિયાઓ સાખ પૂરતા હોય તેમ ગણગણે છે.]

સૈનિક: ભૂતિયો?

માલિક: હા, તેમાં અનેક પ્રેતો વસે છે.

પહેલો ગામડિયો: અરે મોટું ટોળું ને ટોળું!

રૂખી: પેલી બારીઓ જોઇ, સૈનિક? પેલી કાચની બારીઓ?

પહેલો ગામડિયો: રોજ રાતે એ સૌ ત્યાં ભેગાં મળે છે.

સૈનિક: એમ કે?

માલિક: હા, સાહેબ. દરરોજ મધરાત થાય કે તેઓ ચીચિયારી કરતા ને ચીસો પાડતા આવે છે. અહીંથી પણ સંભળાય છે ને!

રૂખી: જાણે પાનાં રમે છે, ને જુગાર રમે છે, ને—

સૈનિક: રાજા શું કરે છે?

માલિક: રાજા? એ શું કરે? એણે તો ત્યાં બાર વરસથી પગ પણ મૂકયો નથી.

બીજો ગામડિયો: શાનો મૂકે? એ મહેલમાં રાત રહેનારો કોઈ જીવતો જ રહી શકતો નથી ને!

કણિકા

ઝાકળથી ભીંજાએલી કાંઠા પરની શિલાએ કળીબદ્ધ કમળને કહ્યું: 'સરોવરની વચ્ચે શુષ્ક જેવો શું ઊભો છે? નીરસ જમીન ઉપર છતાં હું કેવી ભીને વાન છું?

કમળ થોડી જ વારમાં પોતાની સહસ્ર પાંખડીઓ પસારીને સૂર્ય સામે હસી ઊઠયો. તાપથી સુકાતી શિલા એને મૂર્ખની જેમ જોઈ રહી.

વિદાય લેતા સૂર્યનું બહુમાન કરવા પશ્ચિમાકાશમાં વાદળીઓ એની રાહ જોતી હતી. થોડી જ વારમાં એમણે અચાનક પોતાને જ વિભૂષિત થએલી જોઈ, ત્યારે સૂર્ય ચૂપકીદીથી અદૃશ્ય થઈ ગયો હતો.

પુરુષોત્તમ સંઘવી

સૈનિક: એમ છે કે? એ રાજાને કયાં મળી શકાય?

[ગામડિયા ગભરાટ દર્શાવે છે.]

માલિક: એ તો આ પેલે છેડે રહે છે; પણ તમે શું—

સૈનિક: એનું તમારે કાંઈ કામ છે? તમે તમારે, ભાઈ, ચાપાણી શરુ કરો. (દૃઢતાપૂર્વક) હું તમારા એ રાજાને કાલે મળીશ.

• • •

[બીજે દિવસ. રાજસભા. રાજસભાનું સંગીત શરુ થાય છે.]

કંચુકી: (આગળ આવતાં) રાજાધિરાજ!

રાજા: કેમ, વળી પાછું શું છે?

કંચુકી: લશ્કરમાંથી છુટો થએલો એક સૈનિક દરવાજે ઊભો છે.

રાજા: છુટો થયેલો સૈનિક આવ્યો છે? જા, એને ફરી છુટો કર.

કંચુકી: પણ રાજાધિ...

રાજા: એવા ફાલતુ માણસોને મારી સવાર બગાડવા નહિ દઉં. માણસને સ્વેચ્છા જેવું કંઈ હશે, ખરું કે નહિ? મારા પિતાના...

સૈનિક: (પ્રવેશીને) નમસ્કાર. આપ રાજા છો?

રાજા: કેમ, શું છે?

કંચુકી: અરે, આને અંદર કોણે આવવા દીધો?

સૈનિક: હું મારી મેળે જ અંદર આવ્યો; મારે તમારું થોડું કામ છે.

રાજા: અરે, બોલાવ ચોકીદારને ને ધકેલી દેવડાવ આને જેલમાં.

સૈનિક: જેલમાં, અરે? (ખંધાઇથી) પેલા ભૂતિયા મહેલમાં જ શા માટે નહિ!

રાજા: ભૂતિયા...હરામખોર! એ ભૂતિયા મહેલનું તારે શું છે?

સૈનિક: મારે ત્યાંનાં પ્રેતો જોવાં છે.

રાજા: અરે, એ તો તારા ટુકડેટુકડા કરી નાખશે!

સૈનિક: આપ પણ એમ માનો છો?

રાજા: માનું છું શું? જાણું છું. અનેકે એ સાહસ ખેડી જોયું છે. હવે તારા જેવો નકામો માણસ આવ્યો. અરે, ભલભલા જુવાનજોધ માણસો ત્યાં ગયા છે, પણ સૌનો અંજામ એક જ. સવારે તપાસ કરાવતાં માત્ર તેમનાં હાડકાં જ મળે. (જુસ્સાથી) અને આરસની જમીન તેમનાં લોહીથી ખરડાએલી...

સૈનિક: એ પ્રેતોને ભગાડું તો આપ મને શું આપો?

રાજા: તને શું આપું? કંચુકી, છેલ્લી વખત આપણે શું આપવાનું જાહેર કર્યું હતું?

કંચુકી: મને યાદ નથી, રાજાધિરાજ; કંઇક બહુ મોટી રકમ હતી.

સૈનિક: વારું, મને એ મોટી રકમ આપજો. લાવો હવે ચાવી.

કંચુકી: અરે, બેઅદબ, રાજાધિરાજે હજી સંમતિ કયાં આપી છે?

રાજા: આપ, એને, આપ ચાવી. ભલે ત્યારે સૈનિક, આજે રાતે ત્યાં જજે અને કાલે અમે તપાસ કરાવીશું.

કંચુકી: (ટાઢાશથી) રાજાધિરાજ તારાં હાડકાંની વાત કરે છે.

• • •

[પ્રેતોનું ભયંકર સંગીત, ધીમેધીમે તે વધતું જાય છે અને સૈનિક જ્યાં સુધી આમ તેમ બધે તપાસતો ફરતો હોય છે ત્યાં સુધી ચાલુ રહે છે.]

સૈનિક: ત્યારે શું આ જ ભૂતિયો મહેલ! કેટલું સરસ કોતરકામ! હાથીદાંત ને આરસ! બહુ મોંઘામૂલનું હશે. જોકે હવા જરા વિચિત્ર તો લાગે છે; અને વાસ પણ કેવી આવે છે? આ લાદીઓ પર ગંદવાડો પડયો લાગે છે. માનું છું પ્રેતોએ એ કર્યો હશે. હાડકાં, પીછાં—(હસે છે, પણ આનંદથી નહિ). કદાચ

આ પંખીખાનું હશે. સારે નસીબે ચાંદની છે. આ બેઠક પર બેસું. (તે ધીમેથી બોલે છે અને બેસે છે.) મધરાત થાય ત્યાર પહેલાં આ ચૂંગી ફૂંકી લઉં.

[સંગીત અને પવન વાય છે. એટલામાં ઘડિયાળમાં મધરાતના ટકોરા પડવાની શરુઆત થાય છે, પણ પછી એકાએક ચીસાચીસ અને ચીચિયારીઓમાં ટકોરા ડૂબી જાય છે.]

પ્રેતોનો સરદાર: ચાલો, બધા અહીં આવી ગયા કે?

અવાજો: હા, સરદાર.

સરદાર: વારુ, આજ રાતના હુકમો તો બહુ સહેલા છે. હમેશની જેમ મહેલના એક નાકેથી બીજા નાકે ભમવું. અને બને તેટલું નુકસાન-તોફાન કરવું. બધું રમણભમણ છે કે?

અવાજો: જી, સરદાર.

સરદાર: સારું, ત્યારે જાઓ, અંદર.

[એકદમ ભયંકર સંગીત વધી જાય છે. પ્રેતોને તાન ચડે છે.]

પહેલું પ્રેત:

ધાંધલ, ધડપછ, ધમ્મપછાડા
ઊંધું, ચતું, કરતાં,
નરકમહીંથી પ્રેતો આવ્યાં
અહીં અમે સૌ ફરતાં.

બીજું પ્રેત:

ચાંચડ ને જૂ સમાં અમે ને
આગ સમાં બળબળતાં,
લાલ ભરેલી ગર્તામાંથી
અહીં અમે સૌ ઢળતાં.

ત્રીજું પ્રેત:

ઝેરીલાં, વેરીલાં ને વળી
લોહીતણા સૌ ભૂખ્યાં,
આવી અમે સૌ ધસતાં-
ધસતાં રાજમ્હેલમાં ઝૂકયાં.

ચોથું પ્રેત:

નહોર તીણા, આગ ઝરંતી
ચાંચ અને આ મારી,
હું છું મોટું પ્રેત, બધાંને
ખાતું મારી મારી.

નાનું પ્રેત:

ચમકંતા આ દંતૂશળ ને
પુચ્છ વળેલું કેવું!
નાનું આ હું પ્રેત
અહીં છું...અહીં છું...

અરે! મને પ્રાસ મળતો નથી!

સરદાર: બસ કરો! (સંગીત બંધ.) પ્રાસનો વખત નથી. જુઓ પણે, આ મોટા ઓરડાને પેલે છેડે શું દેખાય છે?

પહેલું પ્રેત: માણસ!

બીજું પ્રેત: માણસ!

ત્રીજું પ્રેત: માણસ!

ચોથું પ્રેત: માણસ!

નાનું પ્રેત: જીવતો માણસ!

સરદાર: એલા એ માણસ!

સૈનિક (દૂરથી): એલા એ પ્રેતો!

સરદાર: અહીં આવ.

સૈનિક (દૂરથી): આવું છું.

ચોથું પ્રેત: હાશ! હવે જરા મઝા પડશે.

બીજું પ્રેત: છેલ્લા બાર મહિનાથી એવો તગડો કોઇ જોયો નથી.

નાનું પ્રેત: અરેરે, મારું શૂળ હું કેમ ઘેર મૂકી આવ્યું?

[પ્રેતો બરાડા પાડતા તેને ફાડી ખાવા તલપાપડ થાય છે.]

સરદાર: સબૂર કરો! ચુપ થાઓ બધા! આજે હું જ એ કામ હાથમાં લઉં છું. હું હુકમ કરું નહિ ત્યાં સુધી કોઇએ કશું કરવું નહિ. કરડવાનું, ચીરવાનું, શૂળ ખોસવાનું, કે બીજું એવું કશું પણ હમણાં કોઇએ કરવાનું નથી.

સૈનિક (તેમની પાસે આવીને): ઓહો! પ્રેતડાંઓ!

સરદાર: સ્વાગત. સૈનિક, અમારી નાની મંડળીમાં તારું સ્વાગત. બોલ તને ખુશ કરવા અમે શું કરીએ?

સૈનિક: હું તો ખુશ થઈ જ ગયો છું. હા! હા! હા! મેં મારી આખી જિંદગીમાં આવા વિચિત્ર દેખાવોનો શંભુમેળો જોયો નથી.

[પ્રેતો તેની સામે સુસવાટા કરે છે.]

સરદાર: માફ કરજે. મારે તો ફક્ત એટલું જ જાણવું'તું કે તને મનગમતી રમત કઇ છે? નૃત્ય? ગેડીદડો? પાનાં?

સૈનિક: પાનાં.

સરદાર: બહુ જ સરસ. ચાલ, બેસ આ મેજ પર. અરે કોઇ પાસે પાનાંની જોડ છે કે?

સૈનિક: મારી પાસે છે.

સરદાર: વાહ! નવી જોડ છે ને?

સૈનિક: કોઇએ મને ભેટ આપી છે. વહેંચું?

સરદાર: હા, ચાલ.

[પ્રેતો મેજ પર ઉઝરડા પાડે છે અને કડકડાટ કરે છે.]

પ્રેતો: ગુબા-ગુબ, ગુબા-ગુબ, ગુબા-ગુબ

સૈનિક: ચાલો, હવે; એને ચત્તાં કરો.

પહેલું પ્રેત: લાલનો સત્તો.



આ નાટિકાના મૂળ લેખક

લૂઈ મૅકનીસ

ઈંગ્લંડની કવિતામાં પ્રગતિશીલ ને અભિનવ વિચારસરણી ધરાવતા, યુદ્ધ પછીના નવીન કવિઓમાં લૂઇ મૅકનીસનું નામ મોખરામાં છે. કવિ, વિવેચક ને નાટ્યકાર તરીકે ખ્યાતકીર્તિ એ યુવાન સાહિત્યકારનો જન્મ (૧૨-૯-૧૯૦૭) આઇરિશ માબાપને ત્યાં બેલફાસ્ટમાં થએલો. ૧૯૧૭માં તે ઇંગ્લંડ ભણવા આવીને ત્યાંના કાયમી વાસી થયા ને ૧૯૩૦માં ઑક્સફર્ડની મર્ટન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈ બર્મિંગહામ અને લંડન યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે કામ કર્યા બાદ, ૧૯૪૦માં અમેરિકાની કૉર્નેલ યુનિવર્સિટીએ તેમને વ્યાખ્યાન માટે આમંત્ર્યા. આજે લંડનના બી. બી. સી. રેડિયોના સ્ક્રિપ્ટ-રાઇટર તરીકેનાં તેમનાં લખાણો જાણીતાં છે.

બીજું પ્રેત: ફુલ્લીનો ચોગ્ગો.

ત્રીજું પ્રેત: ફુલ્લીનો ગુલ્લો.

ચોથું પ્રેત: ચોકટનો દસ્સો.

પ્રેતનો સરદાર: કાળીની રાણી.

સૈનિક: ચોકટનો એક્કો.

પ્રેતો: અરરરર – અરરરર – અરરરર – અરરરર

સૈનિક (શાન્તિથી): તમારા પૈસા? સાહેબ હવે તમારી પીસ.

સરદાર: સારું.

નાનું પ્રેત: હી-હી-હી. હવે કંઈ રમત જોવા મળશે.

[પાનાં વહેંચાય છે તેટલી વાર સંગીત ચાલે છે. ફરીથી રમત ચાલે છે ને સરદાર હારે છે.]

(અનુસંધાન પૃ. ૧૪૧મે)

શરીર-વિજ્ઞાન ઉપર નવી શરુ થતી પ્રમાણભૂત લેખમાળાનો પહેલો હપતો

લોહી

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણું શરીર સાત ધાતુઓ (ધાતુઓ એટલે શરીરના બંધારણ માટે જરૂરી દ્રવ્યો)નું બનેલું છે એવું આર્ય વૈદક ગ્રંથોમાં લખેલું છે. આમાંની મુખ્ય અને પાયાની ધાતુ લોહી છે, કેમકે શરીર પોતાના નિભાવની જરૂર પ્રમાણે તેમાંથી જ માંસ, મેદ, મજ્જા, વીર્ય, અસ્થિ વગેરે બાકીની ધાતુઓ બનાવી લે છે. શરીરમાં રૂંવેરૂંવે વ્યાપી રહેલું લોહી, શરીરને પોષવાનું, ગરમ રાખવાનું, વિષ ને વ્યય-દ્રવ્યો (ઘસારો પહોંચાડનારાં)થી મુક્ત રાખવાનું તથા રોગજનક જીવાણુઓથી રક્ષવાનું, કાર્ય કરે છે.


કોઇ મોટા દેશમાં જેમ અનેક નદીઓના પ્રવાહો વિસ્તરેલા હોય છે, તેમ આપણા શરીરમાં સર્વત્ર લોહી રૂપી જીવન-જળ વહી જતી રક્તશિરાઓ (લોહીની નસો) વ્યાપેલી છે. એ શિરાઓ જ્યારે પેશીઓ (માંસની પેશીઓ તેમજ મગજ-ગ્રંથીઓ અને હૃદયની માંસપેશીઓ)માં પ્રવેશે છે ત્યારે વાળ કરતાં યે બારીક, અને કોઈક ભાગોમાં તો નરી આંખે ન દેખાય એવી સૂક્ષ્મ અનેક કેશવાહિની-ઓ (વાળ જેવી ઝીણી નસો)નાં ગૂંચળાં રૂપે શરીરના ખૂણેખૂણે પથરાએલી હોય છે. એ સઘળી નસોમાં લોહી સતત ફરતું રહે છે.

લોહીનું આ ફરવું હૃદયના કાર્યને લીધે છે. હૃદય જ્યારે સંકોચાય છે ત્યારે એક મિનિટના સાઠ ફૂટના વેગે એ લોહી નસોમાં ધકેલાય છે. લોહીનું એક ટીપું હૃદયમાંથી નીકળ્યા પછી એક મિનિટના બીજાથી ત્રીજા ભાગ જેટલા સમયમાં તો પાછું હૃદયમાં આવી ફરતું થઈ જાય છે, એટલો આપણા શરીરમાં લોહીના ફરવાનો વેગ છે.

શરીરમાં આમ ફરતું રહેતું લોહી શરીરની જીવનક્રિયાને ઉપયોગી દ્રવ્યો શરીરના અણુએ અણુએ પહોંચાડવાનું કામ કરે છે. કેશવાહિનીઓની દીવાલો પાતળી અને છિદ્રાળુ હોવાથી તેમાંથી લોહીનાં પ્રવાહી અને વાયુમય દ્રવ્યો તંતુકોષોમાં ફેલાઈ પથરાઈ જાય છે, અને આપણા રોજિંદા જીવનથી કોષોમાં જે કચરો અને વાયુ ઉત્પન્ન થાય છે તે એ કેશવાહિનીઓમાં શોષાતાં જાય છે. આમ, શરીરના અણુએ અણુમાંથી દિવસમાં હજારોવાર પસાર થતા લોહીમાંથી શરીરના કરોડો ને અબજો કોષો પોષણ પામે છે.

હવે લોહી દ્વારા શરીરમાં ક્યાં ક્યાં દ્રવ્યો વહેંચાય છે તે જોઇએ. પ્રથમ તો ખોરાક. આપણે જે ખોરાક ખાઇએ છીએ તેના ઉપર પહેલાં તો પાચન રસોની ક્રિયા થાય છે. તેનો પરિપાક પછી આંતરડાંઓમાં આવે છે અને ત્યાંથી તે કેશવાહિનીઓ દ્વારા લોહીમાં આવે છે. એ ઉપરાંત આપણા શરીરમાંની રસગ્રંથીઓના રસો પણ આપણા લોહીમાં ચાલુ સ્રવ્યા કરે છે. એ રસો આપણા શરીરના વધવાની ક્રિયાને પોષે છે અને જીવનતત્ત્વમાં સતત ચાલી રહેલા રાસાયણિક ફેરફારોને વ્યવસ્થિત રાખે છે.


આપણા હલનચલન માટે જે શક્તિ જોઇએ તે માંસપેશીઓનાં દ્રવ્યો સાથે પ્રાણવાયુનું મિલન થવાથી ઉત્પન્ન થાય છે. શારીરિક કામ જેમ વધારે તેમ પ્રાણવાયુની જરૂરત વધારે. એ પ્રાણવાયુ ફેફસાં દ્વારા શ્વાસમાં લેવાઇ લોહીમાં ભળે છે અને પછી લોહી દ્વારા તે ખોરાકની જેમ શરીરના રૂંવેરૂંવે વ્યાપી જાય છે.



કોઈ મોટા દેશમાં જેમ અનેક નદીઓના પ્રવાહો વિસ્તરેલા હોય છે તેમ આપણા શરીરમાં ખૂણે ખૂણા સુધી મોટી શિરાઓ તેમજ વાળ કરતાં પણ બારીક કેશવાહિનીઓ દ્વારા લોહી રૂપી જીવન-જળ વહી રહ્યું છે.

આમ, ખોરાક, ગ્રન્થીરસ અને પ્રાણવાયુની શરીરમાં વહેંચણી કરવાના કામ ઉપરાંત લોહી એક બીજું કામ પણ કરે છે, અને તે શરીરના કોષોમાં પેદા થએલા ઘસારાના કચરાને તથા વિષને બહાર કાઢવાનું. શ્વાસની ક્રિયામાં ઉત્પન્ન થતો કાર્બન ડાયૉકસાઈડ વાયુ, કારબોનિક ઍસિડ, પાણી, યૂરિયા અને બીજાં ડઝનેક જેટલાં વિવિધ વિષ તથા વ્યયદ્રવ્યોને શરીરમાંથી ખેંચીખેંચીને ઉચ્છ્વાસ, પેશાબ અને પરસેવા દ્વારા લોહી જ બહાર કાઢી નાખે છે.

લોહીનાં આ બધાં કાર્યો સમજવા માટે લોહીનું ઘડતર જાણવું જરૂરી છે. લોહી પ્રવાહી છે એ તો આપણે જાણીએ છીએ, પણ સાચી હકીકત તો એ છે કે તેમાં ઘન પદાર્થો પણ તરતા રહેલા છે. આ પદાર્થો એટલા તો સૂક્ષ્મ છે કે તે નરી આંખે દેખાતા નથી. આ છે લાલ અને ધોળા કણો. લોહીના બાકીના પ્રવાહી ભાગને રક્તજલ (Plasma) કહેવામાં આવે છે. એ રક્ત-જલ પાણી જેવું જ હોય છે, પણ તેનો રંગ ઝાંખો પીળો હોય છે અને વજનમાં તે ભારે હોય છે, કારણકે તેની અંદર બીજી ત્રણ વસ્તુઓ ભળેલી હોય છે: (૧) શરીરને પોષણ આપનારા ખોરાકના પરિપાક થએલા પદાર્થો: ચરબી, સાકર, પ્રોટીન, તથા ક્ષારો; (૨) રસગ્રંથીઓના રસો; (૩) રોગો-



નરી આંખે માત્ર લાલ પ્રવાહી જેવું દેખાતું આપણું લોહી વિવિધ પદાર્થોનું બનેલું છે. તેમાં મુખ્ય ભાગ ઝાંખા રંગના પાણીનો છે. પણ તેને જે લાલ રંગ મળે છે તે તો તેમાં ભળેલા સંખ્યાતીત સૂક્ષ્મ લાલ કણોને લીધે. તેમાં ઑક્સિજનને ચૂસી લેનારૂં લોહતત્ત્વ હોય છે જેને હેમોગ્લોબિન કહે છે અને તેને જ કારણે તે લાલ લાગે છે. એ લાલ કરતાં જરા મોટા સફેદ કણ પણ લોહીમા હોય છે, જેનું કામ રોગના જંતુઓ સામે લડવાનું હોય છે. એ કેવી રીતે લડે છે તે આ સાથેના 'ચિત્રબોધ' વિભાગમાં દર્શાવ્યું છે. લોહીના ત્રીજા પ્રકારના કણો તે 'પ્લેટલેટ્સ'. એમનું કામ લોહીને જમાવવાનું. શરીરમાં કાપ પડે કે તરત તે ત્યાં ધસી જઇને લોહીને જમાવી દઈ બહાર વહી જવું અટકાવે છે ને નસમાંથી ધસારો બહુ ન હોય તો તેમાં તે સફળ નીવડે છે.

ત્પાદક જીવાણુઓને ઝેર રૂપ થઈ પડે તેવા પદાર્થો. આ રીતે રક્તજલ એ આપણા શરીરને વિષે એક કમતી પોષણ-ઝરા જેવું અગર તો જીવન-જળ જેવું છે. વળી તેમાં શરીરમાંથી ઉત્પન્ન થએલાં વિષ અને વ્યયદ્રવ્યો પણ ભળેલાં હોય છે.

ઉપર આપણે રક્તજલમાં ક્ષારો હોવા વિષે વાંચ્યું. લોહીમાં રહેલા બધા ક્ષારોમાં વધારેમાં વધારે મીઠું રહેલું છે. એથી જ લોહીનો સ્વાદ ખારો હોય છે. આ રીતે જોતાં લોહી અને દરિયાનું પાણી ગુણવિભાગે સરખાં છે. મીઠા વગર શરીર અક્કડ લાકડા જેવું થઈ જાય. વળી તે પાચનક્રિયામાં પણ મદદકર્તા છે, કેમકે લોહી જ્યારે જઠર ઉપરથી પસા થાય છે ત્યારે ત્યાંના અમુક કોષો ઉપર લોહીમાંના મીઠાની અસર થવાથી ત્યાં હાઇડ્રોક્લોરિક ઍસિડ ઉત્પન્ન થાય છે, કે જે ખોરાક પચાવવા માટે ઉપયોગી છે.

સમુદ્રમાં જેમ અસંખ્ય માછલાં તરતાં હોય છે તેમ લોહી રૂપી નદીમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ એવા સંખ્યાતીત લાલ તથા સફેદ કણો તરતા હોય છે. તે લોહીમાં ઓગળેલા નથી હોતા, પણ પાણીમાં જેમ માટી ભળી હોય ને ડહોળા રૂપે દેખાય તેમ લોહીમાં તે ડહોળા રૂપે પ્રસરેલા હોય છે. આ કણો (ખાસ કરીને શ્વેત કણો) જીવંત કોષો છે, અને તેથી આટલા પૂરતું લોહીને સજીવ કહી શકાય.

રક્ત કણો મૂળાનાં પતીકાં જેવા આકારના, પણ વચમાંથી પાતળા અને ધારેથી જાડા હોય છે. એવા એક કણનો વ્યાસ $\frac{૧}{૩૨૦૦}$ ઈંચ હોય છે; એટલે કે ૩૨૦૦ કણોની ધારો એકબીજાને અડે એવી રીતે ગોઠવીએ તો એક ઇંચ જેટલી જગા રોકે! તે પાતળાં તો એટલાં બધાં હોય છે કે રૂપિયાની થપ્પી જેવી તેની થપ્પી કરીએ તો બાર હજાર કણોની થપ્પીની ઊંચાઈ ફક્ત એક ઇંચ જ થાય! આટલા તે સૂક્ષ્મ હોવાથી લોહીના એક બિંદુમાં તેની સંખ્યા પચાસ લાખની હોય છે! આ હિસાબે આખા શરીરમાં તેમની કેટલી સંખ્યા છે તે તો કહી શકાય તેમ નથી, પણ એવું અનુમાન કરવામાં આવ્યું છે કે શરીરમાંના બધા લાલ કણોને જો પડખોપડખ ગોઠવ્યા હોય તો સિત્તેર માઈલ લાંબી હાર થાય!

ઉપર, શરીરને પ્રાણવાયુ પૂરો પાડવાનું લોહીનું કામ છે એમ આપણે જે જોયું, તે કામ લોહીની અંદર રહેલા આ અસંખ્ય લાલ કણો કરે છે. આ જીવનદાયી કાર્ય એ કણોમાં રહેલા 'રક્ત-લોહ' (હીમોગ્લોબીન) નામના એક દ્રવ્યને આભારી છે. શરીરને માટે આ દ્રવ્ય ઘણું જ મહત્ત્વનું છે. લોહીનો લાલ રંગ પણ તેના જ પ્રતાપે છે. એ રક્તલોહ આ દુનિયાનું કોઈ અદ્ભુત રહસ્યમય રાસાયનિક દ્રવ્ય છે, અને તેના પ્રત્યેક અણુમાં કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન અને લોહ જેવા ઓછામાં ઓછા હજારેક પરમાણુઓ હોવાનો સંભવ છે. લોહ પ્રાણીઓના દેહને ગુલાબી રંગ આપે છે એટલું જ નહિ પણ વનસ્પતિનાં લીલાં પાંદડાંને રંગ આપનાર તત્ત્વ પણ તે જ છે. જ્યારે માંદગી કે અપૂરતા ખોરાકને લીધે શરીરમાં આ રક્તકણની ખોટ પડે છે ત્યારે તે પીળાશપડતું કે ફિક્કું દેખાય છે. શરીરનો આવો રંગ એ રક્તજલના મૂળ રંગને લીધે દેખાતો હોય છે.


એ રક્તલોહનો અજબ ગુણ તો પ્રાણવાયુ સાથે ઝટ ભળવાનો છે. જેટલી ઝડપથી તે ભળે છે તેટલી જ ઝડપથી તેને છોડી પણ દે છે. શરીરમાં ફરતું લોહી ફેફસાંમાં આવે છે ત્યારે રક્તકણોમાંનું રક્તલોહ આપણે શ્વાસ વાટે ફેફસામાં લીધેલા પ્રાણવાયુને પકડી લે છે, અને શરીરના જુદાજુદા ભાગોમાં જાય છે ત્યારે પેશીઓને એ પ્રાણવાયુ આપી દે છે. પણ તે પછી તે ખાલી રૂપે ફેફસાંમાં પાછાં ફરતાં નથી, પણ પેશીઓની જીવન-પ્રક્રિયાને લીધે ત્યાં પેદા થએલો કાર્બન ડાયૉકસાઈડ નામનો ઝેરી વાયુ પોતામાં ભરી સાથે લેતાં જાય છે અને ફેફસાંમાં જઈ ત્યાં તે કાઢી નાખી ત્યાંથી ફરી પાછો પ્રાણવાયુ પોતામાં ભરી લે છે. આ ક્રિયા સતત ચાલ્યા જ કરે છે.

ખોરાક વિના આપણે થોડાક દિવસ નભી શકીએ, પણ હવા વિના તો થોડી મિનિટોમાં જ ગૂંગળાઈ મરીએ. અને એ જીવનદાયી પ્રાણવાયુ શરીરમાં પૂરો પાડવામાં રક્તકણોમાંનું રક્તલોહ જ અગત્યનો ભાગ ભજવે છે તે આપણે જોઇ ગયા. માણસે તંદુરસ્ત, સશક્ત અને સુખી જીવન ગાળવા માટે તેના શરીરમાં પૂરતા પ્રમાણમાં રક્તકણો હોવા જ જોઇએ.

લોહી સાથે સદોદિત ફર્યા કરતા આ રક્તકણો થોડા દિવસો કે અઠવાડિયામાં ઘસાઇને જીર્ણ થઈ નાશ પામે છે. આપણા શરીરમાં રોજના આવા હજારો રક્તકણોનાં મુરદાં થાય છે, અને તેમની ખોટ પૂરવા નવા કણો લોહીમાં ઉમેરાય છે. એ નવા કણો આપણા હાડકાંના પોલાણમાં આવેલા ગરભમાંથી પેદા થાય છે.

આમ, રક્ત-જળ અને રાતા કણોનું કાર્ય જેમ આપણને જીવાડવાનું છે, તેમ ધોળા કણોનું કાર્ય આપણને રક્ષવાનું છે. આપણાં શરીરમાં કુદરતીરીતે જે શક્તિ રોગ-હર રહેલી છે એ ધોળા કણોને આભારી છે. એ કણો શરીરમાંથી વ્યય-દ્રવ્યો (ઘસારાનો કચરો) દૂર કરે છે અને શરીરમાં પ્રવેશેલા રોગના જંતુઓ તથા તેમનાં ઝેરનો નાશ કરી આપણને માંદગીમાંથી સાજાતાજા બનાવે છે.

આ ધોળા કણોની સંખ્યા રાતા કણો કરતાં ઓછી હોય છે.



લોહીમાં તેના કણ કેવી રીતે તરતા હોય છે તે સૂક્ષ્મદર્શક યંત્ર નીચે અસંખ્યગણું મોટું કરીને અહીં બતાવ્યું છે.

દર પાંચસો રાતા કણોએ એક ધોળો કણ આવે એટલું એ પ્રમાણ છે. પણ અમુક માંદગીના સમયમાં તેમની સંખ્યા પાંચથી દસ ગણી વધી જાય છે. વળી રાતા કણોના મુકાબલે ધોળા કણો મોટા પણ છે. એ ૨૫૦૦ કણોની હાર એક ઈંચ જેટલી થાય. વળી તેમાં આકાર બદલવાનો પણ વિશેષ ગુણ રહેલો છે. તેમની ચાર-પાંચ જાતો છે. તેમાંની મુખ્ય બે: લ્યુકોસાઈટ્સ અને લિમ્ફોસાઇટ્સ. એ દરેક જાતને રોગ ઉત્પન્ન કરનારા જીવાણુઓનો સામનો કરવાના નોખા નોખા ધર્મ છે. શરીરની અંદર પ્રવેશેલા રોગોત્પાદક જંતુઓનો સામનો કરી તેનો નાશ કરવાનું કાર્ય લ્યુકોસાઇટ્સ કણો કરે છે. કોઇપણ સ્થળે રોગના જંતુનો હુમલો થતાં, રક્તશિરાઓની દીવાલો ભેદી ભેદીને એ ત્યાં બચાવ અર્થે પહોંચી જાય છે.

આપણી આંગળી ઉપર એકાદ ઘા પડતાં, હવામાં વિચરતા જીવાણુઓ તેમાં પ્રવેશે છે અને પરિણામે આંગળી સૂજીને તેમાં સણકા અનુભવીએ છીએ. પણ એ વખતે શરીરની અંદર ચાલી રહેલી ક્રિયાઓ જોવા મળે તો અદ્‌ભુત દૃશ્ય નજરે પડે. ઘા વાળી જગ્યાએ રક્તશિરાઓ ભેદીભેદીને હજારોની સંખ્યામાં ધોળા કણો ત્યાં એકઠા થાય છે અને કપરું યુદ્ધ ખેડી રોગજંતુઓનો નાશ કરે છે, અને આ રીતે ઘા રૂઝાય છે. પણ જો રોગજીવાણુઓનો હુમલો સખત હોય તો લોહીમાં એક એવું રાસાયનિક દ્રવ્ય પેદા થાય છે કે જે ભ્રમણ દરમ્યાન દૂત જેવું કાર્ય ઉપાડી લઈ, શરીરમાં દૂરદૂરને સ્થળે બરોળ, બગલ અને ગળામાંની ગાંઠો તથા હાડકાંના ગરભને કાર્ય-પ્રવૃત્ત થવા પ્રેરે છે. પરિણામે ત્યાં સંખ્યાબંધ શ્વેત કણો પેદા થાય છે ને તે બધા 'સંગ્રામ'ના સ્થળે ધસી જઇને રોગ-જીવાણુઓનો નાશ કરે છે. અંતે શ્વેત કણોને વિજય સાંપડે છે અને આપણે દરદમુક્ત બનીએ છીએ. યુદ્ધ હોય ત્યાં નાશ પણ હોય. રોગજંતુઓ સામેના આ યુદ્ધમાં શરીરના રક્ષણ કાજે લડીલડીને લાખોની સંખ્યામાં કુરબાન થએલા શ્વેત કણોનો ત્યાં ઢગલો થાય છે, કે જે દાક્તરની છરી ચાલ્યા બાદ 'પરૂ' રૂપે બહાર આવે છે.

ફેગોસાઈટ નામના ધોળા કણોનું મહત્ત્વનું કાર્ય બધી જાતના (જીવતા કે મરેલા) રોગજીવાણુઓને તથા મરેલા કણો અને લોહીગઠ્ઠા જેવી પરાયી ચીજોને ગળી જઈ મારી નાખવાનું છે. લોહીમાં પ્રવેશેલી એવી પરાયી ચીજોને સ્વાદિષ્ટ બનાવવા માટે લોહીમાંથી રુચિકર દ્રવ્યો (opsonins) નીકળીને એવા પદાર્થોને વીંટળાઈ વળે છે, કે જેથી તેમને ખાઈ જવા શ્વેત કણો લલચાય છે. લોહીને સ્વચ્છ અને રોગમુક્ત રાખવાની કુદરતની આ યોજના એવી તો આશ્ચર્યજનક છે, કે જાણે એ શ્વેત કણો બુદ્ધિથી ભરેલા હોય તેમ, તેઓ લોહીમાં તરતા રહેલા અસંખ્ય રાતા કણો અને પ્લેટલેટોને જરા પણ ઈજા ન કરતાં ફક્ત પરાયી વસ્તુઓ ઉપર જ તે હુમલો કરે છે!


ધોળા કણોની બીજી એક જાત વળી જીવાણુઓના વિષને સ્થિર કે નિરુપદ્રવી કરવાનું કાર્ય બજાવે છે; તો બીજી એક જાત રક્તજળમાં એવું દ્રવ્ય મોકલે છે કે જે રોગના જંતુઓનો તથા તેમનાં ઝેરનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. આમ, લોહીમાં કુદરતીરીતે જંતુઘ્ન અને રોગહર ગુણોની યોજના રહેલી છે, અને એના પ્રતાપે જ આપણે રોજ-બ-રોજ શ્વાસમાં અને ખોરાકમાં લાખો જીવાણુઓને (કે જેમાંનો મોટો ભાગ આપણને ઉપદ્રવી નીવડે તેવા હોય છે) પેટમાં 'ઓરતા' જતા હોવા છતાં યે મઝેદાર જીવન જીવીએ છીએ.

કેટલીક વાર જ્યારે ધોળા કણ રોગજીવાણુઓ ઉપર વિજય મેળવે છે ત્યારે લોહીમાં સામા પ્રતિકણો (Anti-bodies) પેદા થાય છે, કે જે જીવાણુઓના ઝેરનું શમન કરવાની શક્તિ ધરાવે છે. આના પ્રતાપે દરદીને રોગ પરત્વે કાયમી કુદરતી સહિષ્ણુતા (Immunity) પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે બળિયાના દરદીને રસી મૂકીને એવા પ્રતિકણો પેદા કરવાથી ફરી એ રોગનો ચેપ લાગતો નથી.

એ ધોળા કણો તો આપણા શરીરમાં રહેલા રક્ષણાત્મક લશ્કર જેવા છે. આપણી જિંદગીના મોટા ભાગમાં તેમને ભાગે કાર્ય કરવાનું બહુ થોડું આવે છે, પણ તેમને સદા પોલીસની જેમ 'સાવધાન' રહેવાનું હોય છે, અને કોઇ પણ વખતે શરીરમાં જેવો રોગજંતુઓનો પ્રવેશ થયો કે તરત તેમનું કાર્ય શરુ થાય છે.

ખડા પહેરેગીર જેવું કાર્ય બજાવતા એ શ્વેત કણોનું બીજું એક મહાન કાર્ય લોહીને જામી જવામાં ઉપયોગી નીવડવાનું છે. લોહીમાં જેમ વહેવાનો—પ્રવાહિતાનો ગુણ છે, તેમ તેથી ઉલટો પરાયા પદાર્થના કે હવાના સંસર્ગમાં આવતાં જામી જવાનો પણ ગુણ છે. જો આમ ન હોત તો ઘાથી લોહીની નળી છેદાતાં શરીરનું બધું લોહી બહાર જ વહી જાય; અને તેનું કેવું ભયાનક પરિણામ આવે તે તો સમજી શકાય એવું છે. લોહીનો જામી જવાનો એ ગુણ તેની રાસાયનિક રચનામાં રહેલો છે. રક્તજલમાં આવેલા ફિબ્રિનોજન નામના પદાર્થને લીધે લોહી જામતું હોય છે. ભાંગેલા ધોળા કણોમાંથી ફિબ્રિન નામનો એક આથો નીકળે છે. તે લોહીમાં રહેલા કૅલ્શ્યમની હાજરીમાં ક્રિયા કરતો થાય છે, તેને લીધે ફિબ્રિનોજનનું ફિબ્રિનમાં રૂપાંતર થાય છે. એ ફિબ્રિન હવાના સંસર્ગમાં આવતાં જાળીદાર રચનાવાળું બની જાય છે. તે રાતા અને ધોળા કણોને ઘેરી લઈ પોતાની અંદર સમાવી લે છે, આથી ઘાના મોં પર લોહી જામી જાય છે અને લોહી વહેતું બંધ થાય છે. લોહીની આ જામવાની ક્રિયા માટે કેલ્શ્યમ (ચૂનાનું સત્ત્વ) ને મીઠું બહુ અગત્યનાં છે.

જગતભરના પ્રવાહીઓમાં લોહી અદ્‌ભુત પ્રવાહી છે. શરીરના રૂંવેરૂંવે વ્યાપેલું લોહી શરીરને પોષણરૂપ, પ્રાણવાયુ પહોંચાડનારું જીવનદાયી, અને કુદરતી રોગહર શક્તિ ધરાવનારું જીવનસત્ત્વ છે. તેની સમૃદ્ધિ (Richness) ઉપર જ આપણી તંદુરસ્તી નભે છે —બલ્કે આપણી જિંદગી જ તેના આધારે છે.



આપણા લોહીમાં ચાલતું મહાન યુદ્ધ **[ચિત્રબોધ]**

જ આપણી ચામડી પર ઘા પડે છે ત્યારે એ છીંડા વાટે બહારના ભયંકર જંતુઓ આપણા લોહીમાં પેસવા મથે છે. પણ તરત જ લોહીમાં રહેલાં સફેદ કણો એ સ્થળે ખસી જઈને તેમનો સામનો સામનો કરે છે, અને ત્યાં એ બંને વચ્ચે જાદવાસ્થળી મચે છે. સામાન્યરીતે તો, સફેદ કણો તેમના પર વિજય મેળવી તેમનો નાશ કરે છે, અને એમાં બંને પક્ષે જે ખુવારી થાય છે તે પરૂ રૂપે બહાર નીકળે છે. પરંતુ જો આપણું લોહી બહુ પુષ્ટ ને તંદુરસ્ત ન હોય તો સફેદ કણોને મારી હઠાવીને જંતુઓ લોહીમાં વ્યાપી જાય છે અને આપણે ભયંકર રોગના ભોગ થઇએ છીએ. ઉપરના ચિત્રમાં બતાવેલું એ આખું યુદ્ધ, કોઇ શહેર પર થતા દુશ્મનના આક્રમણ જેવું કેટલું આબેહૂબ હોય છે, તે આ નીચે યોજી બતાવેલા તેના રૂપક-ચિત્ર પરથી સ્પષ્ટ થશે.



લેખક · અમૃતલાલ વ. પંડયા ★
ઈન્સ્ટીટ્યૂટ ઑવ આર્કીઑલૉજી · વલ્લભ વિદ્યાનગર · આણંદ

ગુજરાતનું સર્જન


પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુષ્યમાં ગુજરાતની સર્જનક્રિયા કેવી રીતે થઈ અને ગુજરાતનું કલેવર કેવી રીતે તથા શાનું શાનું ઘડાયું તે ભૂ-રચનાની અત્યંત રસમય ક્રિયાની મહત્ત્વની હકીકતો સરળરીતે સમજાવતી ઉપયોગી લેખમાળા

હવે ભારત પર મહારુદ્રનાં તાંડવ મંડાયાં. ચારે કોર કોઈક મહાપ્રલય આવવાના ઓળા પથરાયા. ભરતખંડની ભૂમિ હચમચવા લાગી. તેમાં મોટા મોટા ચીરાડા પડયા, ને પછી એ ચીરાડાઓમાં મહાપ્રલયનાં પ્રતિનિધિ સમાં વિનાશકારી તત્ત્વો જાગ્યાં. પ્રલયજ્વાળાઓ માઇલો જેટલી ઊંચી ભભૂકવા લાગી ને સજીવ સૃષ્ટિ તેમાં હોમાવા લાગી, એટલું જ નહિ પણ પૃથ્વીના પેટાળમાંથી આ ચીરાડાઓને માર્ગે ધગધગતો લાવા રસ (જ્વાળામુખીનો ઊકળતો કાદવ) વાતાવરણને ગજવતો ખૂબ ઊંચે ઊંચે ઊડવા લાગ્યો. અને એ ઊંચાણ પરથી પછી પૃથ્વી પર પ્રલયંકર પ્રહારો સાથે પછડાતો એ લાવા મહાવિનાશ સરજવા લાગ્યો. ક્રીટેશિયસનો સુવર્ણ યુગ એની નીચે દફનાવા લાગ્યો. નદીઓ, સરોવરો ને સાગરો એનાથી પુરાઇ રહ્યાં, તોપણ એનો વિનાશક ક્રોધ શમ્યો નહિ. એ તો અંદરથી નીકળીનીકળીને પૃથ્વી પર પથરાતો જ જતો હતો, ને તે એટલે સુધી કે હાલના આખા ગુજરાત, મધ્યહિંદ, મધ્યપ્રાંત અને મહારાષ્ટ્રના પ્રદેશો એ કાદવમાં આશરે ચારપાંચ માઈલ ઊંડા દટાઇ ગયા! આપણી વિશાળકાય નદી નર્મદા અને સાતપુડાનાં તો નામોનિશાન રહ્યાં નહિ. પણ અરાવલ્લી? હિમાલય સમ ઊંચા આ અરાવલ્લીને વળી શું થવાનું હોય? લાવાના પ્રવાહોને એણે ઉત્તર-પશ્ચિમ તરફ જતા થંભાવી દીધા.


પૃથ્વીની સપાટીમાં મોટા ભૂવા (મુખ) પડીપડીને જેમાંથી આ પ્રલયંકર લાવા-રસ રેલાયા તેમાંના કેટલાયે આજે ગુજરાતમાં મોજૂદ છે. તળ ગુજરાતમાં પાવાગઢ અને છોટાઉદેપુર રાજ્યના ફેણાઈ માના ડુંગરો, સૌરાષ્ટ્રને આંગણે ગિરનાર, ગિર, બરડો, આલેચ અને ઓશમના પર્વતો, અને કચ્છમાં ધીણોધર. (જુઓ ચિત્રો)

વળી વહીવટી કારણોસર ગુજરાતનો જે પ્રદેશ આજે ખાનદેશમાં જઇ પડયો છે તે 'ખાનદેશ-મહેવાસ' તો કદાચ હિંદમાં, પૃથ્વીએ પોતાના પેટાળમાંથી કાદવ ઑકયો તેનાં મોટામાં મોટાં મુખોના અવશેષો ધરાવે છે. રાજપીપળાની પૂર્વ સરહદે નર્મદા અને તાપી વચ્ચે સાતપુડા પર્વતનો જે ભાગ આવેલો છે તે 'કાઠી-સાતપુડા' કહેવાય છે, કારણ તે કાઠી નામના ભીલ રાજ્યમાં આવેલો છે. આ પ્રદેશમાં હું ખૂબ ફર્યો છું ને તેની ભાષા ગુજરાતી હોવા છતાં આપણી બેદરકારી અને નિર્માલ્યતાને પરિણામે આ પ્રદેશને હવે મહારાષ્ટ્ર આપણી પાસેથી પડાવી લેવા કટિબદ્ધ બન્યું છે. 'લલ્લુભાઇએ ભરૂચ ગુમાવ્યા'ની કહેવત આપણામાં જાણીતી છે. આપણા લલ્લુભાઇ (ગુજરાતી)ઓ આ જ રીતે ભરૂચો ગુમાવતા આવ્યા છે. આમ, જે આપણા હાથમાંથી આજે સરી પડવાની તૈયારીમાં છે તે આ પ્રદેશમાં સાતપુડા પર્વતનો ઊંચામાં ઊંચો ને રળિયામણામાં રળિયામણો ભાગ આવેલો છે. હિમાલયની દક્ષિણે આવેલા હિમાચલ પ્રદેશના જેવાં દશ્યો એકમાત્ર આ પ્રદેશમાં નજરે પડે છે.

આ સઘળો પ્રદેશ ભીલોની 'દેવભૂમિ' કહેવાય છે. અહીંની નદી દેવગંગા તથા પર્વતશિખરો 'દેવગીતારી', 'હીરાદેવ બાવા', 'અસ્તંબા' વગેરે સર્વ ઉપર ભીલોની માન્યતા પ્રમાણે દેવ લોકો વસે છે. અને ચારચાર હજાર ફીટ ઊંચાં એ પર્વતશિખરો જોતાં એમ જ લાગે છે કે ખરેખર એ દેવનિવાસને જ લાયક છે. આખા સાતપુડાનું ઊંચામાં ઊંચું શિખર તે ૪,૫૦૦ ફૂટ ઊંચું અસ્તંબા. ભીલોની માન્યતા પ્રમાણે મહાભારતના યુદ્ધમાંના દ્રોણપુત્ર અશ્વત્થામા અમર થઇને આ પર્વત ઉપર આવી વસ્યા છે. આ અસ્તંબા, દેવગીતારી ને હીરાદેવ બાવા પર્વતો, એ બધાં, પૃથ્વીએ જેમાંથી ધગધગતો લાવા કાદવ ઑકયો તે ખાડાઓનાં પુરાઇને તથા ઉભરાઇને થીજી ગએલાં લાવાનાં મુખો છે. આ મુખોમાંથી લાવાની ધારો માઇલો જેટલી



જ્વાળામુખીના પ્રલયકાળે લાવારસ જામીને ગુજરાતમાં રચાએલી, સાતપુડા પર્વતની ઊંચામાંઊંચી ને રળિયામણી માળા



સૌરાષ્ટ્રનો વિશાળકાય અને ઉન્નતશિર ગિરિમણિ આ ગિરનાર પણ અગ્નિતાંડવના પ્રલયકાળે લાવા-રસ જામીને જ બનેલો પર્વત છે. તળેટીમાં જૂનાગઢ સાથેનું તેનું આ ચિત્ર વિરલ છે.

ઊંચે ચડતી, ને કાળાંતરે એ ઊંચે ઊછળતો કાદવ એ રીતે સુકાઇને ઘટ્ટ બનતાં આ ઊંચાં ને રળિયામણાં ગિરિ-શિખરો સર્જાયાં.

આ બધા વિરાટ જ્વાળામુખીઓ માંથી કેટલા યે જમાનાઓ સુધી સતત વરસેલા લાવારસથી ગોંડવાના મહાયુગ સમયનું ભૂપૃષ્ઠ આચ્છાદિત બન્યું, ને એ છવાઈ છવાઈને આ લાવારસ સુકાતાં ત્યાં એક વિશાળ ગાલપ્રદેશ (Plateau) સરજાયો. આ પ્રદેશ ઉત્તરે મધ્ય હિંદથી માંડી દક્ષિણમાં છેક કર્ણાટક સુધી પ્રસરી રહ્યો. આ લાવારસ સુકાઇને જે પ્રકારનો પત્થર બન્યો તે સોપાન-શિલા (Trap or Basalt) કહેવાય છે.

ગુજરાતમાં પણ એવા કેટલાક પ્રદેશો છે જે આ લાવારસની સોપાન-શિલાઓના જ મુખ્યત્વે રચાએલા છે. તે છે મોટા ભાગે સૌરાષ્ટ્ર અને કચ્છ. હાલ જ્યાં કચ્છ અને ઉત્તર સૌરાષ્ટ્રના વિસ્તારો છે ત્યાં જુરૅસિક યુગમાં ભૂગર્ભ-ઉત્પાતોને લઈને ત્યાંની જમીન (કે જે તે વખતે ગોંડવાનાલૅન્ડનો અમુક ભાગ હતી તે) નીચે બેસી ગઇ એ આપણે અગાઉ જોઇ ગયા. આ બનાવને પરિણામે ટેથીસ મહાસાગરનાં પાણી એમાં ભરાયાં, અને ધીમેધીમે તેમાં થોડાઘણા નહિ પણ છ છ હજાર ફૂટ જેટલા જાડા દરિયાઇ કાદવના પડો બંધાયા. આ પડો



છોટાઉદેપુરનો ફેણાઇ માતાનો ડુંગર

પછીથી કચ્છ અને સૌરાષ્ટ્ર એ બંને દેશોનાં ચણતરો માટે પાયારૂપ બન્યા. ક્રીટેશિયસ યુગના અંતકાળે, આ પડોને ફોડીને, બીજા વિસ્તારોમાં બન્યું તેમ, કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશોમાં પણ ધીણોધર, ગિરનાર, બરડો ઇત્યાદિના સ્થળેથી ગર્ભમાંથી લાવારસ નીકળી નીકળીને કચ્છ-સૌરાષ્ટ્રના જુરૅસિક પડો પર પ્રસરવા લાગ્યો અને એ પ્રમાણે આ બંને પ્રદેશોની કાયા સોપાનશિલાઓની ઘડાઈ. સોપાનશિલાઓ પાણીના ઘર્ષણથી ઝડપથી ધોવાય છે, એટલે આ બંને પ્રદેશોમાં જે જે વિસ્તારોમાં સોપાનશિલાઓનાં પડો પાતળાં હતાં તે તે વિસ્તારોમાંથી તે ધોવાઇને સાવ સાફ થઇ ગયાં ને પરિણામે કચ્છના કેટલાક ભાગોમાં તેમજ ઉત્તર સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ અને પાંચાળમાં નીચેના પાયાનાં દરિયાઈ જુરૅસિક તથા ક્રીટેશિયસ પડો સપાટી પર આવી ગયાં.

સૌરાષ્ટ્રમાં પાંચાળની સપાટી જે લાલ છે તે આ ગૉંડવાનાના અંતકાળનાં જુરૅસિક અને ક્રીટેશિયસ પડોની છે અને એના પર ગરમાગરમ લાવારસ રેલાતાં તે શેકાઇને લાલ બની છે. તે ક્રિયા વખતે પડોમાં જ્યાંજ્યાં લોખંડ વગેરે ધાતુઓ હતી તે પીગળી પીગળીને ત્યાં કેટલાક ખડકોમાં મોટા પ્રમાણમાં જઇ ભળી; ને તેથી હવે આ પડો પણ ઉઘાડા થતાં આ પ્રદેશમાં કેટલેક ઠેકાણે કાચું લોખંડ મળી આવે છે. પાંચાળની લાલ જમીનની ઉત્પત્તિ આ પ્રમાણેની છે. એ જમીન ખેતી માટે નબળી છે, પણ એની આ ગૉંડવાના સપાટીમાં અનેક સ્થળે એવી માટી છે કે જે ચીની કામની વસ્તુઓ બનાવવામાં ખપ લાગે છે; અને તેથી જ આ પ્રદેશમાં થાન, મોરબી અને વાંકાનેરમાં 'પૉટરી વર્ક્સ' ઊભાં થઇ શક્યાં છે.

સૌરાષ્ટ્રમાં કોલસો હોવાની જે વાતો ચાલે છે તે પણ આ પડો સાથે જ સંબંધ ધરાવે છે. આ વિષે હાલ કેટલા યે લેખકોએ લેખો લખ્યા છે; પણ ઔદ્યોગિક હેતુઓ માટે સૌરાષ્ટ્ર અને કચ્છમાંનો કોલસો કાઢી શકાય તેમ જણાતું નથી. તેનું પડ ખૂબ પાતળું છે જો કે;—ક્યાંક ક્યાંક એનાં જાડાં પડો હશે ખરાં; પણ તે સોપાનશિલાઓની નીચે દબાઈ ગયાં હોવાં જોઇએ. (ચાલુ)

સાંજના સમુદ્રકિનારે બે મનુષ્યો જોરશોરથી ઝગડતા હતા. એક કહે કે પશ્ચિમમાં સૂર્ય ડૂબી રહ્યો છે ત્યારે બીજો કહે કે આ તો પૂનમનો ચન્દ્ર ઊગી રહ્યો છે. છેવટે પોતાના ઝગડાનું નિરાકરણ કરવા તેમણે એક ત્રીજા જણને પૂછ્યું 'ભાઈ પેલો ચન્દ્ર છે કે સૂર્ય ?'

થોડી ક્ષણ તે બાજુ જોઇ રહી. તે બોલ્યો,' માફ કરો. હું બરાબર ઓળખી શકતો નથી કારણ આ શહેરમાં હું નવો જ આવેલો છું.

શિક્ષક: ટીપુ કઈ લડાઈમાં માર્યો ગયો ?
ચાલાક વિદ્યાર્થી: સાહેબ, તેની છેલ્લી લડાઈમાં.

કચ્છી બોલીમાં 'ધીણો' એટલે દૂઝણાં ઢોર ગાય, ભેંસ અને બકરી. આથી ઘાસિયા અને ઝાડી વચ્ચોઆવેલા આ મુલકખ્યાત ડુંગરને 'ધીણો-ધર' યથાર્થ કહ્યો છે. ભૂસ્તરના નીચલા જ્યુરાસિક પડો ઉપર ઠરેલા ધોળા વેળુ-પાષાણના મોટા ભાગે ઉપલા જ્યુરાસિક પડોના બનેલા, લગભગ પોણા અગિયારસો ફૂટ ઊંચા આ ધીણોધર ઉપર, તેના શિરોભાગ, આશરે એકસો ઍંશી ફૂટના બૅસાલ્ટ ટ્રૅપ (આગ્નેય સોપાનશિલાઓ) ના થર આવેલા છે; ને તેથી ધીણોધર દંતકથાઓમાં તો એક વખતના મૃત જ્વાલામુખી પહાડ તરીકે ગણાઈ જઇ ગવાયો છે. કચ્છની દંતકથાઓમાં જાણીતા જોગી ધોરમનાથ સાથે સંબંધ ધરાવતી લોકકથામાં શ્યામ-ધવલ-વર્ણી તેની આ કાયાને લીધે ધીણોધરને કોઢિયા તરીકે વર્ણવ્યો છે.

'પટ્ટણ સબ ડટ્ટણ' થયું એટલે ધોરમનું બાર વર્ષનું તપ ગળે ગયું. પછી તે પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા અન્ય સ્થળે જઈ વસવાની તજવીજમાં પડ્યો. સાત સાયરો ખેડીખેડીને કચ્છ પહોંચતા સાગરખેડુઓને પથદર્શક બની રહેનો ઊંચો ડુંગર 'નનાઓ' પાપભર્યા ધોરમનો ભાર ન ઝીલી શક્યો. તે ત્યાંથી આગળ વધ્યો અને બીજા ડુંગર પર ચડ્યો. પણ એ તો ધોરમના પાપભારે જુરવા એટલે તૂટવા લાગ્યો અને 'જુર્યો' કહેવાઈ 'જુરા' તરીકે જાણીતો થયો. સ્થળના અભાવે અકળાઇ, વળી એક નક્કર લાગતા ડુંગર પર હવે એ પોતાનું પાપભર્યું કાળજીભું બનેલું મુખ રાખી અટકળથી ઊંચો ચડ્યો.(એ બધી કથા હવે પછી.) એમ ધોરમને ધરપતથી પોતાને ત્યાં સ્થાન આપી ધીરણ ધરનાર એ ડુંગર ધીણોં ધરનું નામ કમાયો.


ધોરમનાથે ધીણોધર ઉપર 'વ્રજ સોપારી' પર પોતાનું શિર ટેકવી બાર વર્ષ લગી એકધારું બીજું તપ આદર્યું. તપશ્ચર્યા દરમ્યાન સાધક ગરીબનાથ ને અરલની ચારણિયાણી બાઈ દેવલે ધોરમનાથની કાળજી રાખી. ધોરમના પ્રબળ તપોબળે નવ નાથ અને ચોરાશી સિદ્ધ સાથે અલખ નિરંજનને ધીણોધર પર ઊતરવાની ફરજ પડી. તેમણે ધોરમની તપશ્ચર્યાને સંપૂર્ણ માની તેની સિદ્ધિસ્વીકારી—એટલેકે તેમાં વિક્ષેપ પાડી હવે તેને આગળ વધતી અટકાવી. ધોરમનાં ચક્ષુ ખૂલ્યાં. પ્રથમ પહેલી નજર ઉત્તર તરફ ગઈ, તો તેના તપતેજે એ તરફના આર્ણવનું પાણી ખસીને મહાર્ણવમાં વહી ગયું. રિયાણમાં જેમ પહેલાં બાર વર્ષનું તપ નકામું નીવડ્યું તેમ તેની પુનરાવૃત્તિ ન થાય એ ભાને ધોરમનાથે દૃષ્ટિને સંકોચી નીચે વાળી, તો ધીણોધરમાં તૂટ પડી ને એ ખીણે વહેંચાયો.

સિદ્ધિ મેળવી ધોરમનાથ નીચે ઊતર્યા. અને ત્યાં ધૂણી ધખાવી જે અદ્યાપિ અખંડ જલ્યા કરે છે. સાંપ્રદાયિકતા વિનાના રહસ્યાચારી યોગધર્મનો પ્રસાર કરી યોગી ધોરમે 'નાથ' સંપ્રદાય સ્થાપ્યો અને શિષ્યો મૂંડ્યા. મઠમાં અભ્યાગતને આશ્રિતોને સદાકાળ અન્ન દૂધ મળ્યા કરે તેવો પ્રબંધ



ધોરમનાથી કનફટો બાવો
(સ્કેચ : રામસિંહજી રાઠોડ)

ધીણોધરનો ડુંગર (પ્રાચીન ચિત્ર) એ પર્વતની રચના કેમ થઈ તે વિષે આ અંકમાં જુઓ 'ગુજરાતનું સર્જન' લેખ



કર્યો ને પછી દાદા અલોપ થયા. આજે પણ માન્યતા છે કે ઘોરમનાથ અમર છે.

નિરંજન નિરાકાર નાથપંથી આ દાદા ઘોરમનાથને, મત્સ્યેન્દ્રનાથના શિષ્ય અને સંયુક્ત પ્રાંતના ગોરખપુરમાં જેમનો મુખ્ય ગઠ છે તથા હિંદમાં કેટલેક સ્થળે જેમના નામની ગોરખમઢીઓ આવેલી છે એ ગોરખનાથના ધર્મભાઇ માનવામાં આવે છે.

કચ્છમાં આ નાથ સંપ્રદાયની ધીણોધર મોટી જાગીર લેખાય છે. હિંદભરમાં બીજે આ પંથના મુખ્ય ગુરુને પ્રચલિતપણે 'પીર' કહેવામાં આવે છે, તેમ અહીંના મુખ્ય ગુરુને પણ પીર કહેવાનો ચાલ છે. આ જાગીરની ત્રણ શાખાઓ બળદિયા, અરલ અને મથલમાં આવેલી છે અને ત્યાં મુખીઓ 'આયેસ' કહેવાય છે. જોધપુરમાં પણ ઘોરમનાથી યોગીઓએ મઠ સ્થાપેલા. એ સિવાય કચ્છમાં ભડલીમાં ગરીબનાથે ચલાવેલો તે, ભુજમાં શિવરામંડપમાં શાંતિનાથ પંથી અને કંથકોટમાં કંથડપંથી યોગીઓની શાખા, એમ 'કનફટાઓ'ના બીજા જુદાજુદા તફાઓ છે. આ પંથમાં શિષ્યોની પસંદગીમાં જાતભાતનો ભેદભાવ રાખવામાં નથી આવતો; અને યોગી તરીકે સ્વીકારવાના ક્રિયાકાંડમાં 'ઓગડ' શિષ્યને ભૈરવનાથ આગળ કાન ચીરાવી દર્શનો પહેરવાં પડે છે, એટલે તેઓ બધા 'કનફટા' તરીકે ઓળખાયા છે. આ રીતે મુંડાતા ચેલાને રુદ્રાક્ષગ્રંથી સહિત શંગીનાદ ભેરવેલી કાળી ઊનની શેલી પહેરાવવામાં આવે છે. પછી ગુરુ તેને ઓંકાર ઉપદેશ અને આદેશ આપે છે. સાર્વભૌમપણે સર્વને સ્પર્શે એમ જનસેવા સાથે યોગવિદ્યા સાધવાનો આ સંપ્રદાયનો મૂળ ઉદ્દેશ છે; પણ યોગ્ય આદેશ ને અધિકારી શિષ્યોના અભાવે ઉત્તરોત્તર પંથના આ ઉદ્દેશનો હ્રાસ થતો ગયો અને હવે સ્મરણ તરીકે રહ્યા છે માત્ર કનફટા જોગીઓ ને તેમની જાગીરો.

આવી ધર્મસાધના માટે ઘોરમનાથને ધીણોધર સુગમ થયો. અને ધીણોધરની ટોચ ઉપર પહોંચીએ તો આની વાસ્તવિકતા સમજાય છે. અહીંથી ઉત્તરમાં નજર નાખો તો સિંધને કચ્છથી દૂર હડસેલતો, અફાટપણે ફેલાએલો સાગર (કચ્છનું મોટું રણ), અને તેમાં વચ્ચે આવેલી પચ્છમની ઉત્તુંગ ગિરિમાળા 'કાળા'ની થતી ઝાંખી; પૂર્વે કરકરિયો દેખાતો જુરો, દૂર નજર કરતાં વીંગો ડુંગર વીંછિયો, અને ઊંટની સપાટ ખૂંધ જેવો લાગતો વરાટ, તેની પાછળ દૂરદૂર નજરે પડતો કચ્છના કીર્તિકણ સમો ભૂજિયો કિલ્લો; દક્ષિણે જોતાં ચુંગ થઈ રહેતો ચાડવા; અને પડખે પશ્ચિમ તરફ આંખ ફેરવતાં અડીખમ ઊભેલા ડુંગરો નનાંઓ અને ધ્રબત્રો, ને વિશેષ આથમણા જોતાં ગયડાના ડુંગરોની ધાર, જાગોરની ભીટ્ટ અને પછી ઇ. સ. ૧૭૬૮માં કચ્છના સિંધ સાથેના યુદ્ધના સાક્ષી સમરક્ષેત્ર 'ઝારો' દેખાય છે. અને આ બધાની વચ્ચેવચ્ચે ડોકિયા કરતી લીલી ઝાડી, ઘાસિયા (બીડ) કે કોરાં મેદાનો, અને તેમાં છુટાંછવાયાં વેરાયેલાં ગામડાં, ખેતરો અને વાડીઓ, વાંકાચૂંકા વહેળા ને નદીનાળાં રમણીય આકર્ષણ રજૂ કરે છે. ધીણોધરની ૧૨૬૭ ફૂટ ઊંચી ટોચે દુઃસહપણે ચડી તે ઉપરનું દૃશ્ય જોઈ ઈ. સ. ૧૮૭૭માં કચ્છનો એ સમયનો બ્રિટિશ પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટન આનંદાવેશમાં આવી ગએલો. ત્યાંથી આ વિવિધ નિસર્ગશ્રી એ નિહાળતો હતો એ દરમ્યાન તેને આવરી લેતા વાદળગોટા ચડી આવ્યા; ને એ ઘનઘોર તોફાન પસાર થઇ ગયે ઇંદ્રધનુ કે મેઘનુષ્યના રંગોમાં રંગાએલી ધીણોધરની પ્રકૃતિનું તેણે અતિ રોચકપણ વર્ણન કર્યું છે. કુદરત જેમને ગમે છે તેઓ ધીણોધરની ટોચે પહોંચી તેની વિસ્તારેલી ભવ્યતામાં જરૂર રાચે છે.

ધીણોધર

લેખક · રામસિંહજી રાઠોડ
કચ્છ ગવર્મેન્ટ રીસર્ચ સ્કૉલર · ડીપાર્ટમેન્ટ ઑવ જીઑલૉજી · બનારસ હિંદુ યુનિવર્સિટી

મૃત્તિકા-શિલ્પી શ્રી દત્તા મહા

પરિચય કરાવનાર : રવિશંકર રાવળ



ગાંધીજીની જનસેવા ને તપશ્ચર્યાથી આકર્ષાઈને ગુજરાતની સેવાર્થે આવનારા શ્રી કાકાસાહેબ કાલેલકર, સ્વ. નારાયણરાવ ખરે અને મામાસાહેબ ફડકે આદિ મહારાષ્ટ્રીય સજ્જનોની જેમ શ્રી દત્તા મહા પણ કલાશિક્ષણની ઉપાસના લઇને અહીં આવ્યા છે. ગાંધીજી વિના સૂના પડેલા સાબરમતી-આશ્રમમાં એમના મંત્રોના જાપ નિરંતર ચાલુ રાખનારી જે બેચાર સંસ્થાઓ ત્યાં કામ કરી રહી છે તેમાં નાનકડી પુષ્પવાડી જેવું હરિજન કન્યાવિદ્યાલય પણ છે. એ બાલાઓનાં સંસ્કાર, શિસ્ત અને શિક્ષણના નિયામક આચાર્ય શ્રી પ્રતાપભાઈ તથા તેમના સાથીઓના શિક્ષાક્રમમાં કલાદ્વારા સૌંદર્ય ને વ્યવસ્થાના પાઠ આપવાનો ભાર શ્રી દત્તા મહાએ ઉપાડી લીધો છે, ને તેને પૂરી રાષ્ટ્રીય ભાવના દ્વારા વિકસિત કર્યો છે.

કલા શિક્ષણનું એક ઉપયોગી ને સર્વસુલભ સાધન મૃત્તિકા છે. છેક પ્રાચીન કાળથી નદીની કે ખેતરની ભીની માટીએ માણસજાતનાં આંગળાંમાં સળવળાટમાં ઊભો કરી તેમાં નિર્માણશક્તિ પેદા કરી, જેમાંથી વાસણો, વિવિધ આકારો, કારીગરીઓ તથા અનેક શિલ્પકૃતિઓનો વિસ્તાર થયો. માટીની એ ક્રિયાઓ દ્વારા આંગળાં અને હથેલીના સ્નાયુઓ, ઘાટના પિંડ અને ઘડતર દ્વારા મનુષ્યના અનેક ભાવો તથા વિચારો પ્રકટ કરતા થયા. આસીરિયા અને સુમેરની સંસ્કૃતિઓ જુઓ, સિંધની મુદ્રાઓ જુઓ, મથુરાનાં પકવેલાં પ્રાચીન મૃત્તિકાશિલ્પો જુઓ તો ખાતરી થશે કે અનેક પ્રજાસમૂહને મૃત્તિકાએ કેટલી સર્જનશક્તિ અર્પી છે. પરંતુ આજની કેળવણીના સંચાલકોએ એને ગોબરવાડો ગણી દૂર રાખી, તેના પરિણામે આપણા ભણેલાઓમાં હાથની ક્રિયા-કુશળતા ખીલ્યા નહિ.

શ્રી દત્તા મહાએ આ મૃત્તિકાવિધાનને શાળાશિક્ષણમાં બહુ અગત્યનું ને મહત્ત્વનું સાધન બનાવી જે શિક્ષણવ્યાપાર ખીલવ્યો તેની બરોબરીનું કામ આખા મુંબઈ ઇલાકાની કોઇ શાળામાં જોવા નહિ મળે. આટલું સસ્તું, સુલભ અને આમજનોને કલાસંપર્ક આપનારું સાધન શિક્ષણથી દૂર રાખવામાં આવ્યું છે તે આપણા કેળવણીવિધાયકોનાં દૃષ્ટિપડળને આભારી છે. બધું શિક્ષણ અપાવવા ચોપડીઓ અને નોટબુકોના થોકડાનો ભાર વધાર્યો પણ દૃષ્ટિ કે ક્રિયાશક્તિ ન ખીલવ્યાં, એટલે પોપટિયા વિદ્યાર્થીનો સાગર ઊલટ્યો, કૉલેજો ભરાઇ ગઈ, પણ કારીગરી અને ધંધા નાશ પામ્યાં.

દત્તાત્રેય મહા હરિપુરાની મહાસભા વખતે તેમના ગુરુશ્રી પંધેજી સાથે ગુજરાતમાં આવ્યા. તેઓ મૂળ મહારાષ્ટ્રમાં બલઢાણા જિલ્લામાં મલિકાપુરના વતની. નાનપણથી જ તેમને કલાભિરુચિ હતી. તેમના પિતાશ્રી લક્ષ્મણ મહા ને કાકા બંને કલારસિક પુરુષો હતા, તેથી એમના પ્રોત્સાહનથી તેમણે શાળામાં વર્ગશિક્ષણ સાથે પ્રાથમિક અને માધ્યમિક ચિત્રપરીક્ષાઓ પસાર કરેલી.

૧૯૩૦માં સત્યાગ્રહની પહેલી લડત વેળા હાઈસ્કૂલ છોડી તે તેમના બલઢાણા જિલ્લામાં જ આવેલા ખામગાંવના ટિળક રાષ્ટ્રીય વિદ્યાલયમાં જોડાયા. ત્યાં કલાશિક્ષણનું કેન્દ્ર છે ને તેના આચાર્ય શ્રી પંત્રે ગુરુજી એક સૌજન્યપૂર્ણ સાધુ પુરુષ છે. જોકે તેમની કસોટી ઘણી આકરી હતી, છતાં તેમની પાસે દત્તાએ સ્થાન મેળવ્યું. (ગુરુજી લાડથી દત્તાત્રેયને દત્તા કહી સંબોધતા ને







ડાબી તરફથી : (૧) માટી-શિલ્પમાં માનવ પાત્ર; (૨) એક પ્રાચીન મૂર્તિના ફોટોગ્રાફ પરથી માટીમાં ઉતારેલું શિલ્પ; (૩) 'માધુકરી': કુમારમાં આવતા એ વિભાગના મથાળા માટે યોજાએલા રેખાંકન ઉપરથી ઉતારેલું મૃત્તિકાશિલ્પ; લેખને મથાળે : શ્રી દત્તા મહા પોતે



ગ્રામજનો: ખેતરની સાદી માટીમાંથી કરેલું અર્ધશિલ્પ

ત્યારથી ગુરુપ્રસાદ તરીકે તેઓ પોતાને 'દત્તા મહા'જ કહેવડાવે છે.) આ વિદ્યાલય પૂર્ણ સ્વાવલંબી છે, દરેક વિદ્યાર્થી જુદીજુદી ટુકડીમાં ગામમાં જઇ મુષ્ઠિ ફંડ (મૂઠી અન્ન) માગી લાવે ને એમાં જ આશ્રમનો નિભાવ ચાલે. અપરિગ્રહ એટલે પાસે દ્રવ્ય રાખવું નહિ એ પાઠ ત્યાં પૂરેપૂરો મળતો. એક ચદ્દી અને પહેરણ, બે લંગોટ અને એક કામળો, એટલી જ દરેકની સંપત્તિ. દત્તા મહાએ પોતાની નમ્રતાથી ગુરુપ્રસાદ પ્રાપ્ત કરી ગુરુમાં જ બધું સમર્પ્યું ને ગુરુનાં સુખદુઃખમાં એકતા સાધી. ગુરુજીને પગાર પેટે બાર રૂપિયા મળતા, તેમાં ગુરુશિષ્ય રહેવા લાગ્યા. કાગળ, પેન્સિલ, રંગ બધું એમાંથી જ બચત કરી લાવવામાં આવતું. (એ ગુરુના પ્રેમની પણ વળી બલિહારી છે. એક વખત એક વિદ્યાર્થી માટે ગુરુએ પોતે વિદ્યાલય છોડેલું અને જાતે જુદી ઝૂંપડી બાંધી રહ્યા હતા.) ખામગાંવના કલાકેન્દ્રમાં દત્તા મહાએ ચિત્ર અને શિલ્પ બંનેની પરીક્ષાઓ પસાર કરી, પ્રદર્શનોમાં ચિત્રો મોકલી, પ્રશસ્તિપત્રો અને ચદ્રકો પણ મેળવ્યાં, ને છેવટે મહારાષ્ટ્ર વિદ્યાપીઠની કલાવિશારદની પદવી પણ મેળવી. ગુજરાત વિદ્યાપીઠમાં ચિત્રશિક્ષકની જરૂર ઊભી થતાં મહામાત્ર શ્રી મગનભાઇ દેસાઇની માગણીથી શ્રી કિશોરલાલભાઇએ ૧૯૩૭માં શ્રી દત્તા મહાને ગુજરાત વિદ્યાપીઠ માટે મેળવ્યા અને ત્યાંથી તેઓ ૧૯૪૭માં સાબરમતી હરિજન આશ્રમના હરિજન કન્યા વિદ્યાલયમાં જોડાયા. એમની કલાનો થોડો પરિચય સાથેનાં ચિત્રોથી થશે.

★ રોજિંદા જીવનમાં વિજ્ઞાન [૨૫]

કાચ

માનવ સંસ્કૃતિના આદિકાળથી શોધાએલો અને જીવનનાં સર્વ ક્ષેત્રોમાં વ્યાપી રહેલો

★ ડૉ. નરસિંહ મૂ. શાહ એમ. એસસી., પીએચ. ડી.

આપણી સંસ્કૃતિમાં કાચનો હિસ્સો અતિ મહત્તાપૂર્ણ છે. આપણા રોજિંદા જીવનમાં કાચની ચીજોનો ઉપયોગ ઘણો વિસ્તૃત છે. કાચનાં વાસણો, બંગડીઓ, ચશ્માં વગેરે તો સર્વસામાન્ય થઈ પડયાં છે. કાચ વિના વીજળી કે ફાનસના ગોળા શે બનત? બારીબારણાંમાંથી કાચ વિના આપણાં ઘરોને પ્રકાશ કેમ મળત? એમ વિચાર કરીશું તો સમજાશે કે કાચ કેટલી હદ સુધી આપણા જીવનમાં વ્યાપક બની ગયો છે.

અને વિજ્ઞાનની પ્રગતિમાં પણ કાચનો ફાળો નાનોસૂનો નથી. સૂક્ષ્મદર્શક યંત્ર અને દૂરબીનની શોધોએ વનસ્પતિશાસ્ત્ર તેમજ આપણું ખગોળનું જ્ઞાન કેટલું બધું આગળ વધાર્યું છે? કાચ વિના એ શોધો કેમ થઈ શકત? રસાયનશાસ્ત્રના અભ્યાસમાં આજે થઇ રહેલી પ્રગતિ વિધવિધ આકારનાં કાચનાં વાસણો (apparatus) વિના સંભવત? આમ, આપણા જ્ઞાનની વૃદ્ધિમાં પણ કાચનો હિસ્સો ખૂબ છે.

કાચની બનાવટ જૂના કાળથી જાણીતી છે. મોહેં-જો-ડેરોના અવશેષોમાંથી મળી આવેલા કાચના મણકા અને બીજી ચીજો દર્શાવે છે કે કાચની બનાવટનું જ્ઞાન એ ૫૦૦૦ વરસ પહેલાંના પુરાણા કાળમાં પણ હતું. ઇજિપ્તની જૂની કબરોમાંથી ઇ. સ. પૂર્વે ૩૪૦૦ના સમયના જૂના કાચના મણકા મળી આવ્યા છે. ઈ. સ. પૂર્વે ૧૩૭૦ના સમયનું જૂનું કાચનું કારખાનું સર ફ્લીન્ડર્સ પૅટ્રીએ ઇજિપ્તના પુરાતત્ત્વના અવશેષોમાંથી શોધી કાઢયું છે. ઍસીરિયામાં પણ કાચ બનાવવાનું કામ ખીલેલું હતું. ટૂંકામાં, હજારો વર્ષો પૂર્વે કાચ બનાવવાનું જ્ઞાન માણસજાતને હતું.

સામાન્ય કાચનું રાસાયનિક બંધારણ કૅલ્શ્યમ અને સોડિયમ સિલિકેટો. રેતીને માત્ર સોડા સાથે ગરમીમાં ઓગાળવાથી પાણીમાં દ્રાવ્ય કાચ બને છે, એ ઉલ્લેખ ગયા હપ્તામાં આવી ગયો. એવી રીતે ચૂના-પથ્થરને રેતી સાથે ઓગાળવાથી કૅલ્શ્યમ સિલિકેટ બને છે. પણ તેના પર તેજાબની અસર સહેલાઈથી થાય છે.

પરંતુ પાણીમાં તેમજ તેજાબમાં નિષ્ક્રિય અને અદ્રાવ્ય પારદર્શક કાચ તો રેતી, કૅલ્શ્યમ કાર્બોનેટ (ચૂના-પથ્થર) અને સોડિયમ કાર્બોનેટ (સોડા ઍશ)ના મિશ્રણને ભઠ્ઠીમાં ઓગાળવાથી બનાવી શકાય છે. કાચનો મુખ્ય ગુણ એ છે કે સ્ફટિકમાં રૂપાંતર થયા વિના ધીમેધીમે તે ઘન બને છે. આ ઘન પારદર્શક, અસ્ફાટિક અને સરખા ગુણો ધરાવનારો પદાર્થ છે. પણ કાચની બનાવટમાં જો આવશ્યક પદાર્થોનું પ્રમાણ બરાબર ન સચવાય તો એવો કાચ ઠંડો પડતાં તેમાં સ્ફટિકો પેદા થવા માંડે છે. આ ક્રિયાને Devitrification કહેવામાં આવે છે. આવો કાચ પારદર્શકતા ગુમાવે છે અને તેનો ઉપયોગ બરાબર થઈ



કાચનાં વાસણોની બનાવટના તબક્કા : કાચના રસના લચકાને નળી ઉપર ચડાવી કારીગરો તેને રગડાવી, ફુલાવી તથા ફૂંકીને ધીમેધીમે તેમાંથી કાચનો ટંબલર કેમ બનાવે છે તે ઉપરનાં ચિત્રોમાં ક્રમવાર બતાવ્યું છે. આજે તો આ બધી ક્રિયાઓ સાંચાથી જ થાય છે.

શકતો નથી.

ભઠ્ઠીમાંથી ગરમ કાચનો લચકો લઈને કાચ ફૂંકનારો તેમાંથી જોઈતી ચીજો તેનાં બીબામાં ફૂંકીફૂંકીને બનાવે છે. કાચના ઉદ્યોગમાં આગળ વધેલા દેશો આ કામ સંચા વડે કરે છે. કાચની બનાવટ માટે વપરાતી રેતીમાં લોહ યા બીજી ધાતુઓની અશુદ્ધિઓ લેશમાત્ર ન હોવી જોઈએ. આ કામ માટે તદ્દન સફેદ અને સાફ કરેલી શુદ્ધ રેતી જ વાપરવામાં આવે છે.

જુદીજુદી જાતના કાચનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય:

૧. સોડા-ગ્લાસ યા સામાન્ય કાચ (Soda or soft Glass): આ પ્રકારનો કાચ, ૧૦૦ ભાગ રેતી, ૩૫ થી ૪૦ ભાગ સોડા ઍશ અને ૧૫ ભાગ ચૂના-પથ્થરનાં મિશ્રણને 'ગરમી-સ્થિર' એવા માટીના મોટા મૂસમાં, ૧૩૭૫ યા તેથી વધારે ઉષ્ણતાએ ભઠ્ઠીમાં ઓગાળીને બનાવાય છે. આ કાચમાં જૂજ ઍલ્યુમીનિયમ ઑકસાઈડ પણ હોય છે અને એ પદાર્થ મૂસમાંથી ગરમીને લીધે આવતો હોય એમ લાગે છે. સોડા ઍશ મળી ન શકે તો સોડિયમ સલ્ફેટ અને કોલસો મેળવીને વપરાય છે. એમાં સોડિયમનું પ્રમાણ જેટલું વધારે તેટલા પ્રમાણમાં કાચ પોચો બને છે. ચૂના ને રેતીનું પ્રમાણ વધારવાથી કાચ સખત થાય છે. ચૂનાને બદલે બેરિયમ ઑકસાઈડ વાપરવાથી કાચ વિશેષ ચકચકિત બને છે. આ 'સોડા-કાચ' ઘણા ઉપયોગોમાં આવે છે. દરેક જાતની બાટલીઓની બનાવટમાં, બારીબારણાંના, છબિઓના, ટેબલ ઉપર પાથરવાના કે દુકાનોના શો રૂમના મોટા 'પ્લેટ ગ્લાસ'-ની બનાવટમાં તથા કાઉન ગ્લાસ તરીકે ઓળખાતા પ્રકાશવિદ્યાનાં સાધનોમાં વપરાતી ચીજોની બનાવટમાં તેનો ઉપયોગ થાય છે.

૨. સીસાવાળો કાચ (Lead Glass): આ જાતના કાચની વિશિષ્ટતા એ છે કે તે ગરમીમાં સહેલાઈથી પોચો પડી જાય છે. આ કાચ પર ઊકળતા પાણીની કે તેજાબની અસર થતી નથી, પણ કૉસ્ટિક સોડાનાં દ્રાવણો તેની પર અસર કરે છે. ક્રિસ્ટલ ગ્લાસ (પાસા પાડીને બનાવાતી ચીજોમાં વપરાતો કાચ) અને ઇમીટેશન ઝવેરાતની બનાવટમાં વપરાતો કાચ આ પ્રકારનો છે. તેમા ૩૦ થી ૩૫ ટકા સીસાનો ઑકસાઈડ હોય છે અને સોડાને બદલે પોટાશ્યમ કાર્બોનેટ વપરાય છે. વીજળીની બત્તીના ગોળાની બનાવટમાં આ કાચનો પુષ્કળ ઉપયોગ થાય છે.

૩. પોટાશ-ગ્લાસ યા બોહીમિયન કાચ: આ કાચમાં સોડિયમને બદલે પોટાશ્યમ આવે છે અને તે ખૂબ સખત હોય છે એટલે તેને સખત કાચ (Hard Glass) પણ કહેવામાં આવે છે.

૪. વૈજ્ઞાનિક કામ માટે સખત ગરમીમાં પણ ટકી શકે એવો કાચ (Heat-resistant Glass): આ પ્રકારનો કાચ અમુક વિશિષ્ટ કામ માટે જ બનાવવામાં આવે છે. રાસાયનિક પદાર્થોની અસર ન થાય એટલા માટે આવા કાચમાં રેતી, ઍલ્યુમીના તથા ચૂનાનું પ્રમાણ વધારવામાં આવે છે. યેના (gena) કાચમાં બોરિક ઍસિડ તથા જસતની ભસ્મ પણ ઉમેરવામાં આવે છે. પાઈરેકસ (Pyrex) નામે કાચમાં ૮૦ ટકા રેતી, ૧૨ ટકા નિર્જળો બોરીક ને થોડા પ્રમાણમાં સોડા તથા ઍલ્યુમિના હોય છે.

૫. પ્રકાશ-વિદ્યાનાં સાધનોમાં વપરાતો કાચ (Optical Glass): આ કાચ માટે કોઈ સામાન્ય સૂત્ર ન મૂકી શકાય. આવા કાચમાં ફૉસ્ફરસ ઑકસાઇડ નાખવામાં આવે છે. કેમકે આવાં સાધનોમાં વપરાતા કાચ ખૂબ સ્વચ્છ અને પારદર્શક હોવા જોઈએ. કાઉન કાચ, ફ્લિન્ટ કાચ વગેરે આ કામ માટે ઉપયોગમાં લેવાય છે.

આ તો બધી રંગ વિનાના સફેદ કાચની વાત થઇ. આ સર્વ પ્રકારના કાચની બનાવટોમાં વપરાતા પદાર્થોમાં મુખ્ય મુદ્દો એ કે તેમાં જેમ બને તેમ ઓછી અશુદ્ધિઓ હોવી જોઈએ. રેતીમાં સામાન્યતઃ જૂજ પ્રમાણમાં પણ લોહ હોય છે, એટલે સામાન્ય કાચ જરા લીલો બને છે. આથી એ રંગની છાંટ દૂર કરવા મૅન્ગેનીઝ ડાઇ-ઑકસાઈડ તેમાં નાખવામાં આવે છે.

હવે આપણે રંગીન કાચની બનાવટ લઈએ. ભઠ્ઠીમાં તૈયાર થતા સફેદ કાચના ધાણામાં જુદાજુદા પદાર્થો ઉમેરવાથી રંગીન કાચ બને છે.

રાતો કાચ: સોનું, સીલીનિયમ કે કુપ્રસ ઑકસાઇડ ઉમેરવાથી
લીલો કાચ: ત્રાંબાની ભસ્મ યા ક્રોમિયમનો ક્ષાર ઉમેરવાથી.
પીળો કાચ: કાર્બન, ગંધક યા કૅડમિયમ સલ્ફાઈડ ઉમેરવાથી.
વાદળી કાચ: કોબાલ્ટના ક્ષાર ઉમેરવાથી બને છે
દૂધિયો કાચ: હાડકાનો ભૂકો યા કલાઈની ભસ્મ ઉમેરવાથી બને છે.
કાળો કાચ: લોહ ભસ્મ ને ત્રાંબાની ભસ્મ ખૂબ નાખવાથી બને છે.
વાદળી-જાંબુડિયો કાચ: મૅન્ગેનીઝ ડાયોકસાઇડ નાખવાથી બને છે.

કાચનો પ્રસરણાંક ખૂબ છે, એટલે કાચની ચીજોને ખૂબ ધીમે-ધીમે ઠંડી કરવામાં આવે છે; નહિતર જલદી ઠંડો કરેલો કાચ ઝટ તૂટી જાય છે. કાચને ઠંડો પાડવાની આ ક્રિયાને ૨૪ કલાક લાગે છે અને એને અંગ્રેજીમાં annealing કહેવામાં આવે છે.

ચશ્માં માટે વપરાતા ક્રૂકસ ગ્લાસમાં પ્રેઝિયોડિયમ અને નીઓડિયમ જેવી વિરલ ધાતુઓ ઉમેરવામાં આવે છે. આવા પરિશુદ્ધ કાચમાંથી પ્રકાશ પસાર થઈ શકે છે, પણ અલ્ટ્રા-વાયોલેટ કિરણોને રોકે છે, આથી ઉલટું નીકલ ધાતુવાળો કાચ પ્રકાશને રોકે છે અને અલ્ટ્રા વાયોલેટને પસાર થવા દે છે. ટૅન્ટેલમ ધાતુવાળો કાચ ગરમીનાં કિરણો ચૂસી લે છે, એટલે ભઠ્ઠીઓમાં કામ કરનારાઓ આંખોના રક્ષણ માટે આવા કાચનાં ચશ્માં વાપરે છે.

આપણા દેશમાં યુક્ત પ્રાંતોમાં, મુંબઇ ઇલાકામાં અને કાઠિયાવાડમાં કાચનાં કારખાનાં આવેલાં છે. મહારાષ્ટ્રમાં ઓગળેવાડી ને તળેગાંવ, તથા કાઠિયાવાડમાં વઢવાણ અને મોરબીમાં કાચ બને છે. દર વરસે હિંદ લગભગ ત્રણ કરોડ રૂપિયાનો કાચનો માલ આયાત કરે છે, એટલે આ ઉદ્યોગની ખીલવણી માટે પુષ્કળ અવકાશ છે. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કાચનાં રસાયન અંગે ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે ને સંશોધન પણ ચાલે છે. તેમાં ભઠ્ઠીની રચનામાં બળતણનો ફાયદો થાય એવા પ્રયોગો યોજવામાં આવ્યા છે તથા ઊંચી જાતનો કાચ બનાવવા માટેના પણ અખતરાઓ કરવામાં આવે છે.

એક વસાવવા જેવું પુસ્તક

પંચતંત્રની વાર્તાઓથી કોઈક જ અજાણ હશે. 'કુમાર'માં મહીનાઓ સુધી એ વાતો ચિત્રિત રૂપે આવી ગઇ છે. પણ હમણાં મુંબાઈની ગુજરાતી સાહિત્યપરિષદ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાએ શ્રી ભોગીલાલ સાંડેસરા જેવા આપણા અભ્યાસી અને માન્ય સંશોધક પાસે તૈયાર કરાવેલું આ પુસ્તક (પૃ.૬૬૩ કિં. ૮-૦-૦) અનેક રીતે મૂલ્યવાન છે. દુનિયા ભરના સાહિત્યમાં અનન્ય પ્રતિષ્ઠા પામેલા, માનવ ડહાપણના એ અદ્ભુત ગ્રંથની બની શકી તેટલી વાતો ખોળી, સંશોધી આમાં સંગ્રહી છે, અને તેના જે અનેક પાઠ તથા રૂપ પ્રચલિત છે તેનો પરિચય તથા સરખામણી સાથે વિદ્વત્તાભર્યું તેનું સંપાદન કરેલું છે. અભ્યાસીઓ માટે આ ગ્રંથની પ્રસ્તાવના પણ ઉપયોગી છે.

તાબરો (અનુસંધાન પૃષ્ટ ૧૨૯થી ચાલુ)

સૈનિક: તમારા પૈસા લાવોજી.

[પાછું એનું એ જ: રમત અને હાર]

સૈનિક: તમારા પૈસા લાવોજી.

[ફરી એનું એ જ]

સૈનિક: તમારા પૈસા લાવોજી.

[સંગીત પૂરું થાય છે. પ્રેતો ખૂબ ગુસ્સે થયાં છે.]

સરદાર: અજબ! ભારે અજબ આ તો! એલા એઇ!

નાનું પ્રેત: જી સાહેબ!

સરદાર: નરકમાં જા ને થોડા પૈસા લઇ આવ.

નાનું પ્રેત: જી, કેટલા લાવું?

સરદાર: તારાથી ઉંચકાય એટલા. ને રસ્તામાં વેરવું નહિ.

નાનું પ્રેત: ના, જી; નહિ વેરું, જી.

સરદાર: વારુ, સૈનિક, તારું નસીબ તો ખૂબ જોર કરતું લાગે છે. (પ્રેતો ઘુરઘુરાટ કરે છે.) પણ હું જેગ હમેશ કહું છું તેમ જે છેલ્લો હસે છે.... અરે! લઇ આવ્યું? એને મૂક અહીં.

નાનું પ્રેત: હું કેટલું જલદી આવ્યું, સરદાર! ને રસ્તામાં એકે પાડયો નથી.

સરદાર: ચાલ, ટકટક ન કર. વારુ, ત્યારે કોની ચીપ છે?

[પ્રેતો પહેલાંની જેમ મેજ પર ઉઝરડા પાડે છે ને કડકડ કરે છે. થોડી વાર સંગીત. ફરી પાછું એનું એ જ ....]

સૈનિક: તમારા પૈસા લાવોજી....

સરદાર: આ તો હદ થાય છે.

[સંગીત ઓચિંતું અટકે છે.]

સૈનિક: શું, તમે તદ્દન સાફ થઇ ગયા? લાગે છે કે રમતનો છેડો આવી ગયો.

સરદાર: જરા યે નહિ, સૈનિક. રમત તો હજી હવે શરુ થાય છે. અલ્યાંઓ! તમારાં શૂળો કયાં છે? (ઘોંઘાટ શરુ થાય છે.)

નાનું પ્રેત: ઓહ, મારું શૂળ હું ઘેર કેમ ભૂલી આવ્યું?

સરદાર: ત્યારે હવે? આપણે એને મારી નાખીએ ત્યાર પહેલાં ...કેમ, સૈનિક, તને બીક નથી લાગતી?

સૈનિક: બીક? શાની બીક? સૈનિક કંઇ પાણીમાં...

સરદાર: હા, હા, એ કહેવત હું જાણું છું.

સૈનિક: કાંઈ પાણીમાં બળી મરતો નથી. (પ્રેતો હસે છે.)

સરદાર: પણ સૈનિક કે અ-સૈનિક, તેં અમને પાનાંમાં છેતર્યાં છે અને તારે હવે એનો બદલો આપવો જ પડશે.

[પ્રેતો તપી જઇને ઘુરઘુરાટ કરે છે.]

સૈનિક: (રૂઆબથી) ચાલો, હઠો પાછળ! આ જોયો કે?

પ્રેતો: તોબરો?

નાનું પ્રેત: ગંદો, ખાલી, ફાટેલો, તોબરો!!

સૈનિક: ગંદો? હશે. ખાલી? એનું તો આપણે જોઇશું.

[પ્રેતોમાં વધુ ઘુરઘુરાટ થાય છે.]

સૈનિક: (ઓચિંતા દમામથી) પ્રેતો! ભગવાનને નામે: પડો બધા મારા તોબરામાં. (ચીસાચીસ મચી રહે છે. સંગીત.)

સૈનિક: બરોબર—એક-બે-ત્રણ-ચાર-છ-સાત-આઠ-નવ-દસ...

[એનો અવાજ સંગીતમાં ડૂબી જાય છે. સંગીત અને રાત બંને ખતમ થઇ જાય છે.]

* * *

કંચુકી: રાજાધિરાજ! પ્રભાત થઈ ગયું.

રાજા: ઓહો! એટલામાં સવાર થઇ ગઈ? કેમ, શા ખબર છે?

કંચુકી: કશું નવું નથી રાજન્! માત્ર પેલો સૈનિક—

રાજા: સૈનિક?

કંચુકી: જે કાલે રાતે ભૂતિયા મહેલમાં સૂતો હતો તે.

રાજા: અરે, હા, હા; એનાં હાડકાં મંગાવ્યાં કે નહિ?

કંચુકી: ના, રાજેશ્વર—

રાજા: કેમ?

કંચુકી: ચોકીદારનો સરદાર કહે છે કે પરોઢિયે મહેલ પાસે તે ગયો હતો, પણ ત્યાં એને હાડકાં મળ્યાં નહિ.

રાજા: અરેરે, હાડકાં પણ ન મળ્યાં?! બિચ્ચારો સૈનિક!

કંચુકી: વિચિત્ર વાત તો એ છે, રાજન્, કે હમણાં જ ખબર આવ્યા છે કે એના જેવા જ દેખાવનો એક સૈનિક બેએક કલાક પહેલાં ગામના લુહાર પાસે ગયો હતો.

રાજા: લુહાર પાસે? શું કામ?

કંચુકી: એમ કહેવાય છે કે એની પાસે એક તોબરો હતો.

રાજા: એક...શું?

કંચુકી: એક તોબરો, રાજેશ્વર. બહુ જ મામૂલી ચીજ.

રાજા: હં! બીજી શી શી હકીકતો છે?

કંચુકી: બીજી કશી જ હકીકત નથી, રાજન્! ફક્ત એક સૈનિક, એક તોબરો, એક લુહાર...

(જરા વિરામ)

* * *

સૈનિક: ત્યારે, હવે, લુહાર! તું અને તારો સાથી બંને જણા થઇને આ થેલીને પકડો અને અહીં એરણ પર મૂકો.

પહેલો લુહાર: વારુ. ઓ... આ તો ભારે છે!

બીજો લુહાર: હા ભાઇ, બહુ ભારે છે. એમાં શું છે, સૈનિક?

સૈનિક: એનું તમારે શું કામ? તમે તમારે એ થેલીને એરણ પર મૂકીને બંને જણા એના પર જોરથી તમારા ઘણ ફટકરવા માંડો.

પહેલો લુહાર: ભલે, મને જરા દમ લેવા દો. હું તો એના આ વજનથી જ પરસેવે રેબઝેબ થઈ ગયો છું.

બીજો લુહાર: આ તોબરામાં તો ભૂત જ હોય એમ લાગે છે.

નાનું પ્રેત(દબાએલા અવાજે)તું ખરો છે, બાપા. અમે એ જ છીએ.

પહેલો લુહાર: એ શું?

બીજો લુહાર: સન્તો અમારું રક્ષણ કરો.

સૈનિક: સન્તો તમારું રક્ષણ કરશે. તમે તમારુ કામ ચાલુ કરો.

[ઘણના તાલબદ્ધ ઘા પડે છે. અંદરથી પ્રેતો ચીસો પાડે છે.]

સૈનિક: બહુ મઝાનું સંગીત છે આ. બ્લિગ-બ્લૅાગ; બ્લિગ-બ્લૅાગ;-જરા જોરથી, ભાઈ; જરા દમ ભીડીને...

[ધબાકા મોટા ને મોટા થતા જાય છે અને પછી ધીમેધીમે નાના ને નાના થતા જાય છે. પ્રેતો પાછાં નરકમાં પહોંચી ગયાં છે, પણ બહુ જ થાકેલાં છે.]

ચોથું પ્રેત: હાશ...મને તો નો'તું લાગતું કે આપણે અહીં હેમખેમ પાછા આવી શકીશું.

બીજું પ્રેત: ને આ સરસ વાતાવરણ પાછું માણી શકીશું. તમારાં હાડકાં કેમ છે, ભાઇ?

પહેલું પ્રેત: તૂટી ગયાં છે, એકેએક. જો એણે એ વખતે આપણને જવા ન દીધા હોત તો હું ધારું છું કે હું તો—

નાનું પ્રેત: સરદાર કયાં છે?

ત્રીજું પ્રેત: હા, હા, સરદાર કયાં છે?

બીજું પ્રેત : હજી સુધી એ અહીં આવ્યા લાગતા નથી.

ચોથું પ્રેત : આવ્યા યે હોય. એ તો થેલીની છેક નીચે હતા ને?

નાનું પ્રેત : અરે, બીચારા સરદાર!...

પહેલું પ્રેત : ઓ...પણે આવતા લાગે...

બધા : પધારો, સરદાર. ફરી પાછા નરકમાં હેમખેમ પહોંચ્યા.

સરદાર (હાંફતાં): મને જરા બેસવા દો કોઇ.

ચોથું પ્રેત : કેમ, શું થયું, સરદાર, શું થયું?

સરદાર : જુઓ, આ વાત તમારા મનમાં રાખજો. પેલા સૈનિકે જ્યારે તોબરો ઉઘાડયો—તમે જાણો છો ને કે હું છેક છેલ્લો હતો;... ખરેખર, બહુ હીણપતભરી વાત છે...

નાનું પ્રેત : ચલાવો, સરદાર, આગળ ચલાવો.

સરદાર : એણે મને પૂછડેથી પકડયો અને મને છોડતાં પહેલાં મારી પાસે એક કરાર પર સહી કરાવી લીધી.

પ્રેતો : કરાર?

સરદાર : હા ભાઇ,...પણ હું શું કરું? હું—

ચોથું પ્રેત : તમે કશાનું વચન તો નથી આપી બેઠા ને?

સરદાર : એ જ પંચાત છે ને? મેં આપ્યું છે. હું—

નાનું પ્રેત : એ તો તમે તોડી શકો છો, સરદાર.

સરદાર : બસ, બંધ કર તારી કટકટ! પ્રેતનું વચન એટલે સજ્જનનો બોલ. [મોટાં પ્રેતો 'બરાબર છે' એમ કહે છે] હવે જ્યારે એ સૈનિક મને બોલાવે ત્યારે તેને મારી સેવા આપવા હું બંધાયો છું.

બીજું પ્રેત : હત્ તમારી, એ તો બહુ કપરું.

સરદાર : કપરું? અરે ભલા માણસ, એ તો હલકા પાડનારું છે. પણ હું મારું વચન પાછું મેળવીશ, જો એ સૈનિકડો માત્ર એકાદ વખત પણ અહીં નરકમાં આવવાનો વિચાર કરે...અરે સુખી!

ચોથું પ્રેત : જી, હજુર.

સરદાર : આજથી ચોકીદારો બેવડા કરજો. બધા દરવાજા પર બંદોબસ્ત પાકો કરાવજો, દરેક મિનારા પર નિરીક્ષકો નીમજો.

ચોથું પ્રેત : સારું, જી.

સરદાર : અને તોબરાવાળો કોઈ પણ સૈનિક દેખાયાની બાતમી મળે કે તરત ઢોલ પીટાવજો અને બુરજો પર લડવૈયા ગોઠવી દેજો.

ચોથું પ્રેત : વારુ, જી.

સરદાર : 'એ ભલે પોતાને હોશિયાર સમજતો હોય; પરંતુ એ આખી દુનિયામાંબધે પ્રવેશી શકશે પણ અહીં પ્રવેશી શકવાનો નથી.

બીજું પ્રેત : એ એને બહુ સારો પાઠ શીખવાનો મળશે. હમણાં તો છોને એ પોતાને સુખી માનતો. કેટલી મોટી ભ્રમણા! સુખી!!

* * *

[આનન્દનું સંગીત ખીલી ઊઠે છે અને તે સમયનું વહન બતાવે છે.]

સૈનિક : અહો! હું કેટલો સુખી છું. દુનિયામાં જે જોઇએ તે બધું મને મળ્યું; સિવાય કે એક પત્ની.

[ફરી સમયનું વહન બતાવતું સંગીત વાગી રહે છે.]

સૈનિક : ઓ પ્રિયતમ પત્ની! લગ્ન એ કેવું મધુર અને સુખી છે! દુનિયામાં જે જોઇએ તે બધું મને મળ્યું, માત્ર એક પુત્ર...

[સમયનું વહન બતાવતું સંગીત]

સૈનિક : ખાઓ, પીઓ ને મોજ કરો, ભાઇઓ. આજે થએલા પુત્રજન્મનો ઉત્સવ માણો. (આનંદ રેલવતું સંગીત પૂરું થાય છે.)

* * *

રાજા : કેમ કંચુકી, શા ખબર છે?

કંચુકી: ખાસ કશા જ નથી, રાજાધિરાજ.

રાજા : પેલા છુટા થએલા સૈનિકનું પછી શું થયું?

કંચુકી : એના ખાસ કૈં સમાચાર નથી. રોજની જેમ સુખી છે.

રાજા : અને રોજની જેમ ધનવાન પણ?

કંચુકી : હા, રાજન્.

રાજા : અને એની પત્ની?

કંચુકી કુશળ છે, રાજન્.

રાજા : અને એનો પુત્ર?

કંચુકી : રાજસભામાંથી મળેલા સમાચાર પ્રમાણે એ આવતી કાલે પાંચ વર્ષનો થશે. અને હજી કોઇ પણ દિવસ એનું માથું સુદ્ધાં દુખ્યું જાણ્યું નથી.

રાજા : માથું પણ નહિ? છટ્! હું માનતો નથી. હું નાનો હતો ત્યારે તો મને પારણામાં યે સળેખમ થઈ આવતું. (છીંક ખાય છે.) હા, અને હમણાં યે પાછું એ થઇ આવ્યું છે.

કંચુકી : એ સાંભળી ઘણો સંતોષ થયો, નામદાર. (છીંક ખાય છે.) આપ નામદાર જોશો કે મને પણ શરદી થઇ છે.

રાજા (ચીડથી) : તો હમણાં મારી પાસે ન આવતો. વખતે તારી શરદી જોરમાં હોય. મારો દાક્તર કહે છે કે હાલ પ્લેગ ચાલે છે

કંચુકી : હા, રાજન્. બે કે ત્રણ હજાર કેસ બન્યા છે. પણ એની શરુઆત તો ગાંઠથી થાય છે.

રાજા : તને ગાંઠ છે કે?

કંચુકી : ના રે નામદાર'

રાજા : સારું સારું. જેટલા સાવધાન રહીએ તેટલું ઓછું. દાક્તર કહે છે કે એ ગાંઠ તો ઓચિંતી જ થઈ આવે છે. અને એક વાર એ દેખાઈ એટલે તમારા રામ રમી ગયા સમજવા.

* * *

[સૈનિકની સ્ત્રી એને બૂમ પાડતી પાસે આવતી સંભળાય છે.]

પત્ની : નાથ!... નાથ!... ઓ નાથ...

સૈનિક : કેમ પ્રિય! શું છે? તારાં મોતી પાછાં ખોવાયાં કે શું?

પત્ની : ના. પણ આપણા નાનકાના ગળા પર આ ગાંઠ દેખાઈ!

સૈનિક : ગાંઠ?... પ્લેગની તો નહિ ને?

પત્ની: મેં રાજાના દાક્તરને બોલાવ્યો. એ એને હમણાં તપાસે છે.

સૈનિક (ધીમેથી, અત્યંત ગંભીરપણે) : જો એ પ્લેગ હોય તો—

દાક્તર (આગળ આવીને): બેન, જરા ગરમ પાણી મંગાવો.

પત્ની : પાણી? એને પાણી જોઈએ છે?

દાક્તર : ના, મારે જોઈએ છે,—મારા હાથ ધોવા. આવા ગંભીર પ્રકારના ચેપી રોગો સાથે સંપર્કમાં આવ્યા પછી...

સૈનિક : શું કહો છો? ગંભીર પ્રકારનો ચેપી રોગ?

દાક્તર : તમારા પુત્રને પ્લેગ છે. (પત્ની દુ:ખથી ચીસ પાડે છે.) ચોવીસ કલાકથી વધુ નહિ કાઢે. તમે પાણી મંગાવો તો! હા, અને ટુવાલ પણ... (હવે દરેક વાકયની વચમાં સંગીત)

સૈનિક : ચોવીસ કલાકમાં મોત...

...(સંગીત)...

બાર કલાકમાં ...

...(સંગીત)...

છ કલાકમાં ...

...(સંગીત) ...

ત્રણ કલાકમાં મોત...

...(સંગીત)...

બે કલાકમાં ...

...(સંગીત)...

એક જ કલાકમાં.... (સંગીત ધીમેથી મંદ બને છે.)

પત્ની (કલ્પાંત કરતી): નાથ! તમે કંઈ જ નહિ કરી શકો?

સૈનિક: હું કાંઇ દાક્તર નથી. હું તે શું કરી શકું?—ઓ! ઓ! પેલું કરારનામું કયાં ગયું?

પત્ની: કયું કરારનામું? અહીં પથારી તળે શું શોધો છો?

સૈનિક આ રહ્યું, આ રહ્યું! હવે મને જરા એકલો રહેવા દે.

પત્ની: પણ, નાથ!

સૈનિક: કહ્યું ને, કે એકલો રહેવા દે?

પત્ની: પણ આ બાળકની સારવાર તો હું કરું ને?

સૈનિક: બધું હું કરીશ. તું આ ઓરડામાંથી બહાર જા.

પત્ની (નહિ જેવી આશાને પણ વળગી રહેતી): વારુ, ત્યારે.

[બારણું બંધ થાય છે.]

સૈનિક: ચાલો, ત્યારે; જલદી. પેલું હરામખોર પ્રેત કયાં ગયું?

પ્રેત—સરદાર: હરામખોર? કોણ કહે છે કે હું હરામખોર છું?

સૈનિક: વારુ, વારુ. તેં સાબિત કર્યું કે તું નથી. આ કરાર જોયો?

સરદાર (ચીડમાં): તમારે મારી પાસે શું કરાવવું છે તે બોલો ને!

સૈનિક: પણે જો પેલા પલંગ પર.

[પ્રેત જાય છે ત્યાં સુધીનો ટૂંકો વિરામ. પછી તેનો અવાજ દૂરથી આવે છે.]

સરદાર: હં! તમારો પુત્ર માંદો લાગે છે.

સૈનિક: પ્લેગ થયો છે, પ્લેગ!

સરદાર: એને સારો કરવા મને બોલાવ્યો છે?

સૈનિક: તું કરી શકશે?

સરદાર: પ્રયત્ન કરી જોઉં. આ મારા ચલાણામાં જરા પાણી ભરોને. [પાણી રેડાવાનો અવાજ.]

સરદાર: હં, આવો હવે. આ ચલાણું આપણે દરદીના પલંગ ઉપર ધરીએ. આવો, અહીં આવીને મારી પડખે ઊભા રહો. હવે જુઓ આ ચલાણામાં, અને મને કહો કે તમને શું દેખાય છે?

સૈનિક: શું દેખાય છે?... કંઈ જ નહિ...એટલેકે માત્ર પરપોટા સિવાય કશું જ નહિ.

સરદાર: એ પરપોટા તો હમણાં બેસી જશે. તમે જોવાનું ચાલુ રાખો. હવે કંઈ દેખાય છે?

સૈનિક: ઓહ!

સરદાર: કેમ?

સૈનિક: મારો પુત્ર મને પલંગ પર દેખાય છે.

સરદાર: હા...?

સૈનિક: અને એની પાસે એક માણસની આકૃતિ ઊભેલી છે.

સરદાર: તમે જાણો છો એ કોણ છે? એ યમરાજ છે!

સૈનિક: યમ?

સરદાર: હા, એ જ. એ કયાં ઊભા છે?

સૈનિક: કયાં એટલે?

સરદાર: એટલે કે તમારા પુત્રને માથે કે એને પગે?

સૈનિક: એના પગ નજીક.

સરદાર: આપણે એટલું જ જાણવાનું જરૂરી હતું. જો યમ એના પગ પાસે ઊભા હશે તો તમારો પુત્ર બચી જશે!

સૈનિક: ભગવાનની દયા, તો તો!

સરદાર: અને જો એ એના માથા પાસે હશે તો, કોઇ એને બચાવી નહિ શકે. હવો, હવે આ પાણી જરા બાળક પર છાંટો.

બાળક: ઉઉઉં...

સરદાર: જોયું? એ સજીવન થયો.

સૈનિક: ઈશ્વરનો મોટો આભાર માનું છું.

સરદાર: 'ઇશ્વર'નો, એમ? વારુ; બીજું કંઇ જોઇએ?

સૈનિક: ના, પ્રેત; પણ...

સરદાર: પણ શું?

સૈનિક: તારો એ પ્યાલો મને ન આપે?

સરદાર: ના, નહિ જ. એ તો ન જ મળે.

સૈનિક: આમ જો, પ્રેત. જો તું મને એ પ્યાલો આપે તો હું તને આ કરારમાંથી મુક્ત કરું.

સરદાર: એમ? ત્યારે તો વિચાર કરવા જેવી વાત. ભલે, મને એ કરારનામું આપી દો. આભાર...હું આભાર માનું છું.

(કરારનામું ફાડવાનો અવાજ)

સરદાર: રામરામ, સૈનિક. એ ચલાણું કેમ વાપરવું તે તો તમે જાણો જ છો હવે?

સૈનિક: હા. આજથી હવે હું દાક્તર બનીશ.

• • •

[કરુણ સંગીત માંદા કંચુકીના પલંગ તરફ દોરવી જાય છે.]

કંચુકી: પેલા દાક્તર કયાં છે, દાક્તર? એને મારો સંદેશો કહી આવી કે નહિ?

દાસી: ક્ષમા કરો, જી. દાક્તર તો કહેવડાવે છે કે જો આપને પ્લેગ થયો હોય તો એવા કેસોની એ હવે દવા કરતા નથી.

કંચુકી: ઓત્તારી જાતનો પરદેશી દાક્તર! અહીં બીજો કોઈ—

દાસી: એ તો કહે છે, જી, કે આપ ભગવાનનું નામ દો અને મૃત્યુની રાહ જુઓ. પણ જો આપ મને પૂછતા હો—

કંચુકી: શું? કહે, કહે, હું તને પૂછું છું.

દાસી: હું તો ભગવાનનું નામ દઇને પેલા સૈનિકને બોલાવું.

કંચુકી: (કચવાઇને) પેલા છૂટા થએલા સૈનિકને? કેમ?

દાસી: લોકો કહે છે કે એની પાસે પ્લેગનો ઈલાજ છે. ગણે અત્યાર સુધીમાં ઘણાને સાજા કર્યા છે. ઉમરાવોને, ને લશ્કરી અમલદારોને, ને એવાએવાને. એ બધું એ એક ચલાણાથી કરે છે.

સૈનિક (પ્રવેશીને): હા. એક ચલાણાથી જ; જુઓ, આમ!

દાસી: વાહ! ભૂતની વાત કરો કે ભૂત આવીને ઊભું જ છે ને!

સૈનિક: એઇ! મને ભૂત ના કહે. મારી પાસે ભૂતની વાત સુદ્ધાં ન કરતી. (ખુશમિજાજથી) વારુ ત્યારે, કંચુકી, તમારે સાજા થવું છે?

કંચુકી: હા. આ શી દવા છે?

સૈનિક: અરે પાણી છે માત્ર પાણી. એને હવે હું તમારી ઉપર ધરું છું. હવે એઈ દાસી, તું અહીં આવ ને આમાં જો કે શું દેખાય છે.

દાસી: શું દેખાય છે? ફક્ત પરપોટા.

સૈનિક: જોયા કર... હવે?

દાસી: શેઠને પથારી પર સૂતેલા જોઉં છું.

કંચુકી: વાહ! એને માટે વળી ચલાણામાં જોવું પડે?

સૈનિક: જરા શાંતિ રાખો. હં! બીજું કાંઇ?

દાસી: હા. કોઈ માણસની આકૃતિ—

સૈનિક: એ માણસ નથી, યમ છે. (કંચુકી ભયથી બૂમ પાડે છે.)

દાસી: યમ?

સૈનિક: એ તારા શેઠના માથા પાસે છે કે પગ પાસે?

દાસી: એના...ઓ, ઓ, ઓ, તમે એમ ચલાણાને હલાવો તો મને કશું જ દેખાતું નથી... એ બરાબર એમના પગ પાસે છે.

સૈનિક: બસ, ચાલો હવે કંચુકી, તમે આટલું ટૂંકું પીણું લઇ લો.

કંચુકી: હાશ! તમે શું—

સૈનિક: કાલે સવારે તમારા ઉપર બિલ મોકલાવીશ.

* * *

(પહેલાંના જેવું કરુણ સંગીત)

દાક્તર: ગાંઠ? એટલે તો પ્લેગ! વકીલોને બોલાવો. હું હવે મારું વીલ કરી લઉં.

સૈનિક (પ્રવેશીને): દાક્તર સાહેબ, તમારું વીલ જરા મોકૂફ રાખો. તમારે સાજા થવું છે?

દાક્તર: તને કોણે અંદર આવવા દીધો, ઊંટવૈદ?

સૈનિક: હું પૂછું છું, સાજા થવું છે?

દાક્તર: આ પ્લેગને કોઈ જ મટાડી શકતું નથી. એ હું જાણું છું.

સૈનિક: (ચાલતો થતાં, ખુમારીમાં) સારું, તમે જાણો છો તો...

દાક્તર: એય, પણ તમે ક્યાં ચાલ્યા?

સૈનિક: મને લાગ્યું કે અહીં મારો કાંઇ ખપ નથી.

દાક્તર: હં; તમારો ઈલાજ શો છે?

સૈનિક: બહુ સહેલો છે, દાક્તર સાહેબ; પણ મોંઘો બહુ છે.

દાક્તર: તમારી ફી શી છે?

સૈનિક: જો તમને હું મટાડું તો તમારે રાજાના દાક્તર તરીકેનું રાજીનામું મારી તરફેણમાં આપવું.

દાક્તર: રાજાના દાક્તર તરીકેનું?—ના, ના, ના! એવું તો કેમ બને? તમે રાજાના વૈદ થાઓ? નહિ, કદી નહિ; લાખ વાર નહિ, હજાર વાર નહિ, સો વખત નહિ, દસ વખત નહિ.....

* * *

(પહેલાંની જેમ કરુણ સંગીત)

કંચુકી: દાક્તરને બોલાવવા મોકલો. રાજા મરણપથારીએ છે.

સૈનિક: તમારે મોકલવાની જરૂર નથી, કંચુકી. ખબર તો આ દિવસોમાં વાયુવેગે પ્રસરી જાય છે; અને હું તો એનાથી યે ઝડપથી આવું છું. આ લો, જરા આ ચલાણું પાણીથી ભરી લાવો, અને—

રાજા: એ કોણ છે? પેલો છુટો થએલો સૈનિક?

સૈનિક: જી ના. હું રાજવૈદ છું, રાજાધિરાજ.

રાજા: પ્રભુનો પાડ કે તમે આવી પહોંચ્યા. વારુ તમે મને સાજો કરી શકશો?

કંચુકી: એણે 'મને' ય સાજો કર્યો હતો ને, રાજન્!

રાજા: તારી વાત જુદી છે. એને આની સાથે કંઇ લેવાદેવા નથી.

કંચુકી: વળી એણે સેંકડો ઉમરાવોને, લશ્કરી અમલદારોને અને બીજાઓને પણ સારા કર્યા છે.

રાજા: તું મૂગો રહીશ હવે? તેં એના ચલાણામાં પાણી ભર્યું?

કંચુકી: હા, રાજાધિરાજ.

રાજા: સારું, ત્યારે એને શરૂ કરવા દો.

સૈનિક: કંચુકી, અહીં મારી પાસે આવો. આ ચલાણામાં જુઓ. જોજો, બહુ ધ્યાનપૂર્વક નિરખજો. તમને શું દેખાય છે?

કંચુકી: પરપોટા.

સૈનિક (આરામથી એનો પડઘો પાડતાં): હં, પરપોટા; હવે?

કંચુકી: એક આકૃતિ.

સૈનિક: એક આકૃતિ.

કંચુકી: રાજા પથારીમાં છે.

સૈનિક: રાજા પથારીમાં છે.

કંચુકી: અને બીજી આકૃતિ.

સૈનિક: યમ.

કંચુકી: યમ? ઓ બાપ રે! એ યમ છે?...

સૈનિક: યમ એમના પગ પાસે ઊભા છે?

કંચુકી: ના.

સૈનિક (આંચકો ખાઈ): શું?

કંચુકી: તમે જ તમારા પ્યાલામાં જુઓને! યમ તો એમના માથા પાસે ઊભા છે.

સૈનિક: એમના—શું?... શું? (ગમ ખાઈ) હા; યમ એમના માથા પાસે ઊભા છે.

(થોડો વખત સ્તબ્ધતા)

રાજા: ચાલો, ઝટ કરો; હજી હું સાજો કેમ નથી થતો?

સૈનિક (શાન્તિથી): અને તમે થવાના યે નથી, રાજાધિરાજ.

રાજા: શું કહ્યું? તું શું કહેવા માગે છે, અલ્યા?

સૈનિક: તમારા જીવનના ત્રણ જ કલાક હવે બાકી છે.

રાજા: જુઠ્ઠો!

સૈનિક: ના, રાજાધિરાજ—

રાજા: તેં ઉમરાવોને સાજા કર્યા છે ને?

સૈનિક: હા.

રાજા: અને અમલદારોને?

સૈનિક: હા.

રાજા: અને આ મારા કંચુકીને?

સૈનિક: હા. પણ...

રાજા: અને તું મને જ સાજો કરવાની ના પાડે છે?

સૈનિક: 'હું' ના નથી પાડતો નામદાર; હું—

રાજા: તું રાજદ્રોહી છે. હું હમણાં જ તારો શિરચ્છેદ કરાવું છું.

કંચુકી: આપનો હુકમ હું પસાર કરું, રાજન્?

રાજા: હા. એનો તરત જ શિરચ્છેદ કરાવો અને—

[એક બીજી વ્યક્તિનો ખૂબ ગંભીર, મંદ અને તટસ્થ અવાજ વચ્ચે પુરાય છે.]

યમ: મેં તો એકનું જ સારું કર્યું હતું; અને હવે તો લાગે છે કે બે આવશે.

રાજા: એ શું? એ કોણ બોલ્યું?

યમ: એક પ્લેગથી અને બીજો શિરચ્છેદથી.

કંચુકી: ઓ બાપરે, રાજન્, કોઈક બોલે છે!

સૈનિક: શી...શી...શી... એ તો આ ચલાણામાં દેખાય છે તે યમ બોલે છે. કેમ, તમે યમ છો ને?

યમ: હા, સૈનિક; જય જય.

સૈનિક: જય જય, તમે રાજાને લઈ જવાની રાહ જુઓ છો?

યમ: હા, સૈનિક.

સૈનિક: હવે ધારો કે... ધારો કે...

યમ: ધારો કે—શું?

સૈનિક: તમે તો સારા માણસ છો. તમે તો એકનું જ સારું કર્યું છે. તો પછી—

યમ: તો પછી?

સૈનિક (ઝંપલાવીને): રાજાને બદલે તમે મને કેમ નથી લઈ જતા?

યમ: તને, સૈનિક?

સૈનિક: કેમ? એમાં શો વાંધો? એ તો મારો શિરચ્છેદ કરવાના જ છે ને? તો પછી એ બુઢ્ઢા જાનવરને જીવવા દો ને મને લઇ જાઓ.

યમ: તારે એમ કરવું છે?

રાજા: (વચ્ચે બોલી ઊઠે છે) હા.

સૈનિક: તને કોણે પૂછયું?...હા, મારે એમ કરવું છે! પણ ફક્ત મને ત્રણ કલાકની મહેતલ આપો, જેથી હું ઘેર જઇને મારા કુટુંબની વિદાય લઇ આવું.

યમ: વારુ, સૈનિક. હું રાજા ઉપરનો મારો દાવો છોડી દઉં છું અને તને ત્રણ કલાકની મહેતલ આપું છું. ત્રણ કલાક બાદ હું તારા માથા આગળ આવીને ઊભો રહીશ.

* * *

[વચમાં વચમાં સંગીત]

સૈનિક: વિદાય, મારા મિત્રો! મારા પુત્ર! મારી પ્રિયતમા!

યમ: તારો સમય પૂરો થયો છે, સૈનિક. (સંગીત અટકે છે.)

સૈનિક (મંદતાથી): હે યમ, તમે ક્યાં છો? ક્યાં છો?

યમ: તારી આંખે ઝાંખ વળે છે. હવે ફક્ત ત્રણ જ મિનિટ બાકી છે. જલદી કર, સૈનિક, હું રાહ જોઉં છું. એ તું શું કરે છે? તકિયા નીચે શા ખાંખાખોળા કરે છે?

સૈનિક: એક ચીજ શોધી રહ્યો છું, એક લૉકેટ.

યમ: લૉકેટ? હં... રોજ સૌ મરવા પડેલાની એની એ જ વાત. ચાલ, જલદી શોધી કાઢ અને...અરે! આ કંઈ લૉકેટ નથી.

સૈનિક: ત્યારે એ શું છે?

યમ: વાહ? એ તો માત્ર એક જૂનો ગંદો તોબરો છે.

સૈનિક: તમને ખાતરી છે?

યમ: અલબત્ત, વળી. હવે મશ્કરી બહુ થઈ; મારે બીજાં કામ છે.

સૈનિક: બીજાં કામ પછી; પહેલાં તો જે ચાલતું હોય તે જ કામ કરો, યમરાજ. જો એ તોબરો હોય તો--એમાં કૂદી પડો.

[સંગીતથી તોબરામાં કૂદવાનું સૂચન]

* * *

ગામડિયો: એઈ, સૈનિક. આ તોબરામાં શું છે?

સૈનિક: હશે કંઇ. તારે શી પંચાત! જંગલનો રસ્તો તો આ જ ને?

ગામડિયો: એ જ, નાકની દાંડી સામે દેખાય છે તે જ જંગલ. તોબરો તો બહુ ભારે લાગે છે.

સૈનિક: ભારે તો છે જ, ભાઇલા.

ગામડિયો: પણ એ જંગલમાં તો ખૂબ ઠંડી છે.

સૈનિક: ઠંડી? (મજાકમાં) જેમ વધારે ઠંડી તેમ વધારે સારું.

[જંગલમાં: સંગીત અને પવન.]

સૈનિક (શ્રમથી થાકેલો): હાશ. તાડનું ઝાડ, અને એની ઊંચામાં ઊંચી ટોચ. એને બરાબર મુશ્કેટાટ બાંધું. (વિજયના આનન્દપૂર્વક) રામરામ, તોબરા! રામરામ, યમરાજ! લાગે છે કે હવે આજ પછી કોઇ પણ માણસ મરશે જ નહિ.

[અરણ્ય-સંગીત: જાણે કે પ્રાચીન ઇતિહાસ હોય તેવું બની જાય છે.]

* * *

રાજા: અજબ જેવી વાત છે, કંચુકી. રાજ્યમાં કોઇ મરતું હોય એમ જ જણાતું નથી. તને એ જણાયું છે કે નહિ?

કંચુકી: કેમ નહિ રાજન્? કોઈ મરતું જ નથી ને? મસાણિયાતો દંગ થઇ ગયા છે.

રાજા: થાય જ ને, એમનો ધંધો ગયો એટલે.

કંચુકી: ના, રાજન્. આ બહુ ગંભીર વાત છે.

[સંગીત દ્વારા કાળના વહનનું સૂચન.
ન મરવાનો યુગ આગળ ધપ્યે જાય છે.]

કંચુકી: રાજન્, ખરેખર બહુ જ ગંભીર પરિસ્થિતિ થતી જાય છે.

રાજા: કેમ, શું છે કંચુકી?

કંચુકી: વસ્તીગણતરીનું પત્રક હમણાં જ આવ્યું છે.

રાજા: હા, પણ તેનું છે શું?

કંચુકી: એમાંથી બિલકુલ શંકા વિના સાબિત થાય છે કે રાજ્યમાં વસ્તી ખૂબ જ વધી ગઈ છે.

રાજા: એમ કે? કેમ, વારુ?

કંચુકી: કારણકે કોઇ મરતું જ નથી.

રાજા: છેલ્લું મરણ ક્યારે થયું હતું?

કંચુકી: વર્ષો પહેલાં, રાજન્.

રાજા: વર્ષો? કે પછી દાયકાઓ?

કંચુકી: હા રાજન્, દાયકાઓ જ કહેવા જોઇતા હતા.

[વળી પાછું સંગીતથી કાળના વહનનું સૂચન.]

* * *

સૈનિક: વાહ, વાહ, વાહ! આજે હવા કેવી ખુશનુમા છે! સુંદર ભૂરું આકાશ ખીલી રહ્યું છે. બધા જ આજે સુખી હોવા જોઇએ. પણ ખરેખર તેઓ નથી. પેલી ઘરડી બાઈ જોઇ? પવનથી આમતેમ હીલોળા ખાય છે. એનો મરવાનો વખત થયો હોય એમ લાગે છે.

ઘરડી બાઈ (ઉંમર અને દુઃખથી પીલાતી): મારી જીભે આવેલા શબ્દો જ તું બોલ્યો, સૈનિક. મરવાનો વખત 'થયો' શું, એ વખત તો 'આવ્યો અને ગયો'—કેટલાંય વર્ષો પહેલાં. અને ત્યાર પછી તો જિંદગી એવી ત્રાસરૂપ બની ગઈ છે કે એને જિંદગી કહેવી કે નહિ એ જ સવાલ છે. અને, તું જાણે છે કે એમાં વાંક કોનો છે? જે વખતે તેં મોતને તોબરામાં પૂર્યું, તે વખતે મારે આ દુનિયામાં માત્ર એક કલાક જ જીવવાનો બાકી હતો. હવે તો ફક્ત મને આરામ જોઇએ છે, અને તે તો તેં જ છીનવી લીધો છે.

સૈનિક: હું દિલગીર છું, માજી.

ઘરડી બાઇ: દિલગીર? તને ખબર છે તેં શું કર્યું છે તે? તેં અક્ષમ્ય પાપ કર્યું છે. અને મારા જેવા તો કેટલાય લોક હશે. તેમનો તેં વિચાર કર્યો છે?

સૈનિક: ના, હું એમ તો ન કહી શકું કે—

ઘરડી બાઇ: વારુ, ત્યારે. હવે તો કર, તેં કરેલું જો ફોક કરી શકતો હોય તો.—પણ કદાચ એ વાત હવે તારા હાથમાં નહિ હોય.

સૈનિક: (ઓચિંતો પલટાઈ જઇને તેની વચ્ચે પડે છે.) મારા હાથમાં નહિ હોય!...કદાચ હજી મારા જ હાથમાં છે.

* * *

[પાછા જંગલમાં પવન અને સંગીત.]

સૈનિક (ઘાંટા પાડતો): યમરાજ! યમરાજ! પેલો ઊંચો તાડ ક્યાં ગયો? ઓહ, આ રહ્યો યમરાજ! એ યમરાજ! તમે જીવો છો?

યમરાજ (ઊંડેથી અને ખૂબ મંદતાથી): હા, સૈનિક, માત્ર જીવતો જ છું.

સૈનિક [તાડની ટોચ તરફ બૂમ પાડતો]: સારું; તો હું તમને મારી સાથે ઘેર લઈ જવા આવ્યો છું.

[ફરી પાછું ધીમેધીમે જંગલ દૂર જતું જાય છે.]

* * *

પત્ની: નાથ! નાથ! તમે કેમ સૂવા માંડયું? હજી તો સૂરજે આથમ્યો નથી—

સૈનિક: મારે કામ છે.

પત્ની: કામ? પથારીમાં?

સૈનિક: હા. હમણાં પતી જશે; હવે તું જા.

પત્ની: વારુ, તો વાળુ હું પછી તૈયાર કરું? [બારણું બંધ થાય છે.]

સૈનિક: વારુ? હા...હા...ત્યારે, ક્યાં ગયો પેલો તોબરો? ચાલો યમરાજ; હવે હમણાં જ એને ઉઘાડું છું.

યમ (ઊંડેથી): આભાર તારો, ભાઇ

સૈનિક: પણ એક શરતે જ.

યમ (ઊંડેથી): શી શરત?

સૈનિક: કે બીજા કોઈને તમે લો ત્યાર પહેલાં મને ઊંચકી લો.

યમ: (ઊંડેથી): કેમ?

સૈનિક: કેમકે મારું જીવન પાપી હતું અને ખૂબ લાંબું યે હતું. હું માનું છું કે મોત જ મારે માટે સૌથી સારું છે. (થોડો વિરામ) કેમ? બરાબર સાંભળ્યું?

યમ: (ઊંડેથી) હા.

સૈનિક: ઠીક, ત્યારે; તમને બહાર કાઢું છું.

[સંગીતથી સૂચન. તોબરો ખુલવાનો અવાજ.]

સૈનિક: એઇ યમરાજ! ક્યાં દોડયા?

યમ: હવે તું મને પકડ, જો તારાથી પકડાય તો.

સૈનિક: પણ તમે વચન આપ્યું છે ને?

યમ: મેં કશાનું પણ વચન આપ્યું નથી. તને શું એમ લાગે છે કે વળી પાછો બીજી વાર તારી યુક્તિમાં ફસાઉં?

સૈનિક (આજીજી કરતાં): પણ યમરાજ,...યમરા...

યમ: હવે મને વીનવવામાં કંઈ સાર નથી. જો લોકો મારી સાથે રમત રમે તો મને પણ તેમની સાથે રમત રમતાં આવડે છે. હવે તું ફરી કદિ મને જોઈ જ શકવાનો નથી ને! રામરામ, ત્યારે. અને તારું બૂરું થજો. (બારણાનો ધડાકો.)

સૈનિક: શું કહ્યું? એ હવે ફરી દેખાશે જ નહિ? એટલેકે મારાથી મરી જ નહિ શકાય? ઝાડપાન મરશે, જનાવરો મરશે અને હું જ નહિ મરું? ને હું પાપિયો...પાપિયો...પાપિયો...! પણ એનો ઉપાય છે. પાપિયા માટે એક જગ્યા છે ને? ભલું સૂઝયું. હું જીવતા-જીવત જ મારા પાપનું મૂલ્ય આપીશ અને એ જ યોગ્ય છે.

[દૂર દૂરના સ્થાનેથી ઢોલ પીટાવાનો અવાજ. એ મોટો થતો જાયછે. નરકમાં હાહાકાર મચી રહ્યો છે.]

* * *

પ્રેત-સરદાર: મુખી!

ચોથું પ્રેત: જી!

સરદાર: આનો હુકમ કોણે આપ્યો?

ચોથું પ્રેત: શાનો, જી?

સરદાર: આવો ઢોલ પીટવાનો.

ચોથું પ્રેત: આપે આપ્યો હતો, જી.

સરદાર: મેં આપ્યો હતો?

ચોથું પ્રેત: હા જી, બાવીસ વરસ પહેલાં. યાદ છે, સરદાર? પેલો તોબરાવાળો સૈનિક?

સરદાર: પેલો સૈનિક? શું એ અહીં—

ચોથું પ્રેત: હા, જી એ અહીં પશ્ચિમ દરવાજે ૦૦. વાગ્યે આવતો દેખાયો હતો. અને હવે તો એ આવતો હોવો જોઇએ.

સરદાર: ચોકીદારોને સૂચનાઓ આપી છે ને?

ચોથું પ્રેત: હા, જી, પણ આપની જગ્યાએ જો હું હોઉં ને,

સરદાર: બરાબર છે, મુખી; હું પોતે જ જઇશ.

[ઢોલ ખૂબ જોરથી પીટાય છે અને પછી ધીમો થતો જાય છે.]

સૈનિક: પણ, હું કહું છું, પ્રેત, કે હું ગુનેગાર છું. ગુનેગાર જીવ છું; મારે યાતનાઓ વેઠવી છે.

ચોકીદાર: પણ એમાં હું શું કરું? તમે હજી 'જીવંતા' છો!

સૈનિક: જીવતો? કદાચ હોઈશ, પણ...

ચોકીદાર: અમે જીવતા સાથે વાત કરતા નથી. વળી તમારી પાસે તોબરો છે.

સૈનિક: પણ તેને ને આને શી લેવા દેવા છે!

ચોકીદાર: અમને કાયમનો હુકમ છે કે તોબરાવાળા કોઈ પણ સૈનિકને—

પ્રેત-સરદાર (આવીને): કેમ, શી ધાંધલ છે ચોકીદાર?

ચોકીદાર: લ્યો આ અમારા સરદાર પધાર્યા.

સૈનિક: પ્રેતજી, આપણે પાછા મળ્યા ખરા!

સરદાર: નહિ ભાઇ, આપણે મળવું જ નથી. આ દરવાજામાંથી ચાલ્યો જા, દૂરદૂર અવકાશમાં ચાલ્યો જા. તારે માટે અહીં જગ્યા નથી.

સૈનિક: પણ, પ્રેત, હું તો અહીં યાતનાઓ વેઠવા આવ્યો છું.

સરદાર: યાતનાઓ વેઠવા? હા! હા! હા! અવકાશમાં રઝળશે તો અહીં કરતાં પણ વધારે યાતના વેઠી શકશે. નરકમાં તો ભાડાં ખૂબ વધારે છે. તારા જેવા યુક્તિબાજ મશ્કરાને તે અમે અહીં અંદર આવવા દઈએ ખરા?

સૈનિક: અરે એક નાનો ખૂણો ય ચાલશે,—ગમે તેવો.

સરદાર: બીજે જા, બીજે; ગમે ત્યાં. અને આવ્યો તેનાથી બેવડી ઝડપે,—સાંભળ્યું?

સૈનિક: બીજે? પણ ક્યાં?

સરદાર: લોકો કહે છે કે સ્વર્ગ નામનું પણ એક સ્થાન છે.

સૈનિક: સ્વર્ગ? અરે, એ તો મારી સામે પણ નહિ જુએ, પ્રેત! મારા પર એક કૃપા ન કરે? તો પછી હું જતો રહીશ.

સરદાર: શું?

સૈનિક: મને બસો જીવ આપ,–રૌરવ નરકમાંના પાપીમાં પાપી જીવો. એમને હું સ્વર્ગના દરવાજા લગી મારી સાથે લઈ જઈશ. તો કદાચ તેઓ મારાં પાપોની માફી બક્ષશે અને—

ચોકીદાર: ઓહ! શી હિંમત!

સરદાર: મૂગો રહે, ચોકીદાર! એને અહીંથી ટાળવા માટે હું કંઈ પણ કરવાને તૈયાર છું. બસો જીવો તેં કહ્યાં ને? જો તેમને અબઘડી જ લઇને વિદાય થતો હોય—ફરી પાછા નહિ આવવાનું વચન આપતો હોય—તો લેને ભાઇ, બીજા પચાસ વધારે આપું.

સૈનિક: વારુ. કબૂલ. [સંગીત]

સરદાર: લે આ રૌરવ નરકમાંના અઢીસો જીવ. લઇ જા એમને, ને ઝટ વિદાય થા અહીંથી.

* * *

[અવકાશમાં જીવો ઊંચા ચડતા જાય છે તેમ તેમ દિવ્ય સંગીત વધતું જાય છે.]

લુટારાનો જીવ: વાહ! વાહ! વાહ! અહીં તો ખૂબ ઠંડક છે ને શું? અરે, કોઈની પાસે એકાદું વધારાનું ચામડું છે કે?

સ્ત્રીનો જીવ: અરે, પણ આપણે હજી કેટલેક ઊંચે જવાનું છે?

ધુતારાનો જીવ: સૈનિક, એ સૈનિક! આ સ્ત્રી અહીં...

લુટારાનો જીવ: સ્ત્રી? હા! હા! હા!

ધુતારાનો જીવ: આ સ્ત્રી પૂછે છે કે તું સૌને ક્યાં લઈ જાય છે.

સૈનિક: કેમ? તમને પ્રેતોએ કહ્યું નથી? હું તમને બધાને સ્વર્ગમાં લઇ જાઉં છું.

[બધા આશ્ચર્યમાં ધાંધાટ કરે છે.]

લુટારાનો જીવ: સ્વર્ગમાં?!

સ્ત્રીનો જીવ: પાંખો? અને સંગીત? હું કેટલી ભાગ્યશાળી કે મારું રૂપ હજી મેં જાળવી રાખ્યું છે?

લુટારાનો જીવ: તારું રૂપ? ક્યાં જાળવી રાખ્યું છે?

[જીવો અટ્ટહાસ્ય કરે છે.]

સૈનિક: હસવાનું બંધ કરો, ઉલ્લુઓ. જરા સામે નજર કરો.

ધુતારાનો જીવ: હેં! એ શું છે? સૂર્ય મારી આંખો સામે છે એટલે મને બરાબર...

સૈનિક: સૂર્ય તો તારી નીચે છે, ભાઈ. આ તો ઝળહળતો દરવાજો છે.

જીવો: દરવાજો?... સ્વર્ગનો દરવાજો?!

સૈનિક: હા. એ જ. માટે હવે તમે જરા તમારું વર્તન સુધારો.

ધુતારાનો જીવ: સુધારીએ? હા, હા; કેમ નહિ? મેં રોમમાં પેલા તાતાર સરદારને ધૂત્યો હતો ત્યારે—પણ, સૈનિક એક વાત પૂછું? આપણે અહીં જગાતી નાકાબંધી પસાર કરવી પડશે?

સૈનિક: એ કેમ પૂછવું પડ્યું?

ધુતારાનો જીવ: છે તો નજીવી જ ચીજો, પણ નરક છોડયું ત્યારે હું મારી સાથે આ બધું ઉઠાવતો...

સ્ત્રીનો જીવ: અરે જુઓ તો ખરા! મને તો મોતીના કોટ દેખાય છે.

લુટારાનો જીવ: હા, ને મને એની ઉપર ચઢેલા માણસો પણ દેખાય છે. એમના હાથમાં ભાલા છે. એ આપણને જ નિરખતા લાગે છે. કંઈ બહુ સારા હોય એમ લાગતું નથી

[સ્વર્ગમાં પહોચતાં સુધી વિરામ]

સ્વર્ગનો અમલદાર: દરવાન!

દરવાન: જી!

અમલદાર: પેલું ટોળું શાનું છે? અહીં આવતું લાગે છે કે શું?

દરવાન: હા, જી. એ રૌરવ નર્કના અઢીસો ગુનેગાર જીવો છે અને તેમની સાથે પૃથ્વી પરથી એક જીવતો, તોબરાવાળો સૈનિક છે.

અમલદાર: ઓહ, એમ?

દરવાન: શો હુકમ છે, જી? એમને પાછા કાઢું?

અમલદાર: ના. એમને અંદર આવવા દે. બસો ને પચાસ તો સરસ સંખ્યા છે.

દરવાન: બસો ને એકાવન, જી.

અમલદાર: મેં કહ્યું 'બસો ને પચાસ'! એ સૈનિકને અહીં નહિ લઈ શકાય.

દરવાન: જી. હું સમજ્યો. આ એ લોકો આવી પહોંચ્યા, જી.

અમલદાર: ભલે, દરવાજાઓને હુકમ આપી દો.

દરવાન: હા, જી. (ઊંધો ફરે છે અને મોટે અવાજે પોકારે છે.) દરવાજાઓ! સ્વર્ગના દરવાજાઓ! બસો ને પચાસ જીવો પ્રવેશે ત્યાં સુધી ખુલ્લા રહેજો. દરવાનઓ! કમાડ ખુલ્લાં કરો! ઊઘડી જાઓ.

[સંગીત દ્વારા દરવાજા ઊઘડવાનું સૂચન.]

સૈનિક: સાંભળ, એઇ!

લુટારાનો જીવ: મને કહ્યું?

સૈનિક: હા, જલદી કર. લે આ તોબરો. અને જેવો તું અંદર જાય કે મને કહેજે—બરાબર ધ્યાનમાં રાખ—મને કહેજે 'સૈનિક! તોબરામાં કૂદી પડ.'

લુટારાનો જીવ: સારુ, લાવો.

સૈનિક: પણ જોજે, ભૂલતો નહિ, હં? એ જ એક મારી તક છે, માટે ભૂલતો નહિ. (દરવાનનો અવાજ ફરી સંભળાય છે.)

દરવાન: દરવાજાઓ! સ્વર્ગના દરવાજાઓ! બંધ થવાને તૈયાર રહો! ..બંધ થઈ જાઓ!

[સંગીત દ્વારા દરવાજા બંધ થવાનું સૂચન. શાન્તિ...સૈનિક એકલો છે.]

* * *

સૈનિક: એટલે એ ભૂલી ગયો! ઉલ્લુ! અને મારો તોબરો યે લઈ ગયો. દુનિયામાં બધું એમ જ ચાલે છે. આ દરવાજા હવે મારે માટે પાછા ઊઘડવાના નથી. અને નરક પણ બંધ જ છે. અને યમ તો મારી પાસે યે આવવાના નથી. મારે માટે કાંઈ જ નથી. અહીં કેટલો વખત લટકતો રહું? રાતે તો અહીં અસહ્ય ઠંડી લાગે છે. લાવ તો પાછો ઘેર જ જાઉં,—પૃથ્વી પર.

* * *

[એકતારાનો અવાજ. પછી ગામડિયાઓની ગરબડ. સ્થળ એ જ પહેલાંની જ હૉટેલ.]

રૂખી: શેઠ! યાદ છે પેલો સૈનિક? ઘણાં વરસ પહેલાં એકવાર અહીં આવ્યો હતો, ને એના તોબરામાંથી ફરસાણના ઢગલે ઢગલા એણે કાઢ્યા હતા?

માલિક: પેલા ભૂતિયા મહેલમાંથી પ્રેતોને નસાડયા'તા એ?

રૂખી: હા. એ જ; એ અહીં પાછો આવ્યો છે.

[હેં? હેં?હેં? બધી બાજુથી સંશયના ઉદ્ગારો]

માલિક: શું? મેં તો સાંભળ્યું હતું કે એ મરી ગયો!

સૈનિક: (પોતે જ) ના, શેઠ એવું મારા નસીબમાં ન હતું. આ મારો છેલ્લો પૈસો છે. મને ચ્હા આપો તો.

માલિક: રૂખી, ચ્હા લાવ તો.

સૈનિક: કેમ? મારા ગયા પછીના અહીંના શા ખબર છે?

માલિક: ખબર? તમે ક્યાં હતા? દેશ તો યુદ્ધે ચડયો છે.

સૈનિક: યુદ્ધ?

માલિક: હા. તમને થોડા જ વખતમાં બોલાવશે.

સૈનિક: મને બોલાવે? હું તો પાપિયો છું.

માલિક: પાપ? મને હસવું આવે છે એ સાંભળીને. તમે તો સૈનિક છો; કેમ ખરું ને?

સૈનિક: હા, એક વખતે હું હતો ખરો. તેમણે મને રૂખસદ આપી.

માલિક: તમારી કેટલા વરસની નોકરી થઈ હતી?

સૈનિક: પચીસ વરસની.

માલિક: બહુ નહિ કહેવાય.

રૂખી: આ ચ્હા લાવી.

માલિક: વારુ, તમારી પચીસ વર્ષની નોકરી થઇ ને? હજી વધારેની થશે. મોટી લડાઇઓ લડવાની છે. તમારી પાસે પેલો જાદુઇ તોબરો હતો ને? તમે ગુમાવી દીધો લાગે છે. પણ તેનું કંઇ નહિ. એનાથી યે વધારે સારી ચીજ તમને મળી.

સૈનિક: ચાલો, ત્યારે ચ્હા પીશું?

માલિક: હા ચાલો; તમારા બાહુઓમાં બળ છે અને હૈયામાં હામ છે. શત્રુઓ સામે લડવાનું છે. તમે તો સૈનિક જ છો ને?

સૈનિક: હાસ્તો. આપણે તો લડવાનું જ કામ. ઠીક લ્યો, ત્યારે.

માલિક: જય હો માતૃભૂમિનો.

સૈનિક: જય હો માતૃભૂમિનો.*

* આ નાટક-મૂળ નામ-'The Nosebag' લંડનના બી. બી. સી. ઉપરથી ૧૯૪૪માં બ્રોડકાસ્ટ થયું હતું. એના સર્વ હક્ક સ્વાધીન છે.

Our Friends Abroad

આ વિભાગના નિયમો અમે આ અગાઉ બેત્રણ વખત પ્રકટ કરી ગયા છીએ, છતાં તેનું પાલન થતું જણાતું નથી. આથી ફરી તે પ્રકટ કરીએ છીએ; એનું પાલન નહિ થએલા પત્રો રદ ગણાશે અને તે વિષેનો કોઈ પણ પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. (૧) પોતાનું નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે પોતાના જ હસ્તાક્ષરમાં પોસ્ટકાર્ડ પર અંગ્રેજીમાં (પહેલી એ. બી. સી. ડી.માં જ) પોતાનું સંપૂર્ણ નામ, પોતાના ઘરનું (શાળા અગર દુકાનનું નહિ) પૂરું સરનામું, ઉમર અને શૉખ જણાવવાં; (૨) પોતે કયાં સુધી ભણેલા છે અથવા ભણે છે તે જણાવવું. માત્ર અંગ્રેજી ૬ઠ્ઠું કે મૅટ્રિક ભણતા કે ભણી ચૂકેલાઓનાં જ નામો પ્રગટ થશે, કારણકે પરદેશમાં પત્રવ્યવહાર કરવા ઓછામાં ઓછું અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું આવશ્યક છે; (૩) આ માહિતી નીચે પોતાના વાલી અગર શાળા શિક્ષકની સહી કરાવવી. (૪) આ વિભાગમાં પ્રકટ કરવા માટેના પરદેશી પત્રમિત્રોના પત્રો ખાસ નવી માહિતી કે દૃષ્ટિવાળા હોય તે જ (બને ત્યાં સુધી ટૂંકા) પસંદ કરીને મોકલવા; સાથે ફોટો કે ચિત્ર હશે તો તે આવકારપાત્ર થશે; (૫) તેનો ગુજરાતી અનુવાદ પણ સાથે કરી મોકલવો જરૂરી છે; એમાં ઘટતા સુધારા અમે કરી લઇશું; (૬) એ બધી સામગ્રી ન સ્વીકારાયે પાછી મેળવવા માટેનું પૂરતું પોસ્ટેજ પણ સાથે બીડવું. કીમતી સામગ્રી હોય તો વળતી વખતનું રજિસ્ટર્ડ કરવા સાથેનું પોસ્ટેજ મોકલવું. (૭) પોસ્ટેજ બીડયા વિના આ વિભાગને લગતી કોઈ પણ પૃચ્છાનો ઉત્તર આપવામાં નહિ આવે.

પરદેશનાં નવાં પત્રમિત્રો

જાપાનનાં

હિંદી પત્રમિત્રો (કુમારો) સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છતી ત્રણ જાપાની બહેનોનાં નીચેનાં નામ ભાઈ નવનીત કમાણીએ મોકલ્યાં છે. 'કુમાર' સાથે એમના નામનો પણ ઉલ્લેખ કરવો:

(1) Miss Yoshiko Akagawa, 168, Miyoshi Kiru-shi, Gunma, (Japan)—15; (2) Miss Michie Maeno, 431 I-Chome, Shijukudori Kiru-shi, Gunma,(Japan) —15; (3) Miss Kazuko Yamamori, 129 I-Chome Nishitakaido, Suginami-Ku, Tokeyo, (Japan)—16;

ન્યૂઝીલૅન્ડની કુમારીઓ

(1) Miss Venece Burnett, C/o M. W. Burnett, Dovedale, R. M. D., Wakefield, Nelsouf (New Zealand)—14, Penpals, pets; (2) Miss Dawn Rowell, 72, Moorhouse St., Morrinsville, North Island, (New Zealand)—17; Tennis, Drawing & Painting, Reading & Stamps and Autographscollecting;(3)Miss Janette Williams,9,Warwick Street,Morningside, Auckland, s. w. I. (New Zealand)—13, stamps & autographs, Drawing; (4) Miss Helen Cox, Post Office Orarislh, Canterbury; (New Zealand)—15; Penpals, stamps, picture-postcards, sports; wants boy-friends of 17-18 years-age. (ઉલ્લેખ : શ્રી જ્યોતીન્દ્ર કુંભાણી, રાજકોટ.)

જર્મન યુવાનો

(1) Else Potenberg, (24a) Lubeck, Holstentor-Platz (British Zone, Germany)—21; Music, Literature, Arts; (2) Rudolf Ahrens, (24a) Elmshorn/Holstein Garten Strasse 21 (British Zone,Germany)—21, Geography, Histery, Sports; (3) Gunther Abendorth (24a) Lubeck Holstentor-Platz (British Zone, Germany)—25; Music, Theatre. (ઉલ્લેખ : બંસી શાહ વડોદરા)

Hans H. Glasser, Lahnsteiner Str. 6, Braubach (Rhine-Germany)—20, Commercial Student, wants boy or girl friend; (ઉલ્લેખ : વિમલ મહેતા, મુંબાઇ).

નીચેના જર્મન વેપારી યુવાને અમને પોતાનું નામ મોકલ્યું છે:

Werner H. Knies, Ludwig Landmann Str., 16 II, Frankfurt/Main—21,(Germany) 20 Years, Merchant; wishes to exchange ideas concerring commercial affairs, politics, philosophy, with young Indians.

જર્મન પત્રમિત્રો (કુમારો તથા કુમારીઓ માટે)

કેવળ કુમારો માટે : ઉલ્લેખ : ગિરધારીલાલ શ્રૉફ, અમદાવાદ; બધાં સરનામાંમાં Germany (British Zone) એટલું ઉમેરવું.

(1) Gunther Willurzki, 24 Hodorb 4. Gluckstadt, Schleswig-Holstein;-18, Stamp; (2) Franz Loffler, 24b Wachen 4. Trzehoem Schleswig Holstein.—19, Culture, Art; (3) Hermann Jensen, 24 Ttzehoe Victortastr, 12, Schleswig-Holstein—19, Literature, Art; (4) Dieter Wuttke, 24b Ttzehoe Brunnenstr. 26, Sshleswig-Holstein—20, Stamps, Literature; (5) Arthur Ulrich, Ttzehoe Bretenbungeostr. 19, Schleswig-Holsrein—20, Stamps, Literature. (6) Heunins Kaisur, 24 Burg/Dithm. Am Bahnhof, Schleswig-Holstein—19, Stamps;(7) Rolf Barow, 24 Brunsbuttclkoog Schulstr, 21, Schleswig-Holstein. Boy—19, Culture, Nature; (8) Dicker Stahl, 24 Brunsbttclkoog Schoofstr, 4, Schoeswig-Holstein—19, Technic, Nature; (9) Helmut Steinkrans, 24 Warnigholz Krs. Rendshung Post Hanerau, Schleswig-Holstein—19, Literature; (10) Gunter Pahl, 24 Elonshorn Klostersande 52, Schleswig-Holstein—19, Music, Sport, Football; (11) Helmut Brummer, 24b Ttzehoe Bahnfofstr, 37, Schleswig-Holstein—19, Literature.

કેવળ કુમારીઓ માટે (ઉલ્લેખ : ગિરધારીલાલ શ્રૉફ, અમદાવાદ.)

(1) Charlotte Meyenkohn, 24b Munsterdorf 4./Ttzehoe, Kalandstr. 1. Schleswig-Holstein—20, Customs; (2) Ingrid Norrmanu, 24b Ttvehoe Ht. Klosterhofn, Schleswig-Holstein—20, Economy, Stamps; (3) Lieselotte Nietern, 24b Ttzehoe Brunnenstr, 2b. Schleswig-Holstein—20, Daily life; (4) Elisabeth Sievers, 24b Hohenwestedt Wapelfederweg 14, Schleswig-Holestein—20, Politics; (5) Gertrud Winter, 24b Wilster Steindamm 4a, Schleswig-Holstein—20, Custom; (6) Doris Muller, 24b Lagerdorf 4./Ttzehoe, Munsterdorfenstrv 19, Schleswig-Holstein—20, Politics, Culture; (7) Erdmute Tefs,

24b Ttzehoe Ht. Klasterhof 10, Schleswig-Holstein; —20, Culture, Music, Economy; (8) Marlise Gunther, 24b Lagerdorf 4, Ttzehoe Breitenhargerstr, 7, Schleswig-Holstein—19, Politics, Economy; (9) Wiebke Jensen, 24b Ttzehoe Vitoriastr. 12, Schleswig-Holstein—19, Religion; (10) Gisela Poth, 24b Burg Holzmaikt 4, Sehleswig-Holstein—19, Religion.

વધુ જર્મન પત્રમિત્રો

(નં. ૧૦ તથા ૧૧ સિવાયામાં 'જર્મની બ્રિટિશ ઝોન' ઉમેરવું.)

(1) Willi Brosch, (21b) Klafeld-Geisweid, Hermann; (2) Heinz Geory Matter, 22a, Essen; (3) Lothar Euler, 21b, Weildenan, Siegen, Wiesenstr 9; (4) Hâns Branscheid, 21b, Siegen, West f. Siegbergstr 3; (5) Helga Hoftmann, 21b, Weidenan, Sieg, Bruckenstr 2, Westf; (6) Gunther Groos, 21b, Littfeld B, Siegen, Schloosstr 38, II, Westf; (7) Fritz Frahn, Leer (Ostfeiesland), Reimerstrabe 40, Land Niedersachsen, Provinz Hannover; (8) Gunther Bruninghaus, 21b, Hilchenbach, Kirchstr I-14 Westf; (9) Reinhard Hahme, Essen-Ost, Gelsberg 36; (10) Klans May, Essen-Ruhr, Rembrandstreet 14, Germany; (11) Dorris Kreeger, 23 Aurich Ostfreisl, Radolf Eucken, Qllee 9, Germany. (ઉલ્લેખ: જયન્ત રાણા, સિદ્ધપુર)

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(222) Dahyabhai L. Patel, Executive Engineer's Office, Lonavla—27, photography, correspondence; (223) Pramodray H. Dave, Shahpur, Vadwalimehtapole, Ahmedabad—19, Atheletic, Sports, Dancing, Music; (224) Chhatrasinh Narsinh Chauhan, 1746 Kalupur, Sakkarkhan Masjid's pole, Ahmedabad—15, Stamps, Coins, Reading; (225) Chandrakant K. Ghadiali; c/o Kalidas G. Ghadiali, 841, Bhat's pole, Raipur, Ahmedabad—18, Stamps, Coins, Literature; (226) Chandravadan B. Bhatt, c/o Dr. B. D. Bhatt, Halol—14, Reading, Music; (227) Ashutosh N. Oza, 12, Lajpatrai Rd., Vileparle, Bombay 24—15, Stamps, Cricket, Autographs, photography; (228) Shantichand Gulabchand Jhaveri, Gopipura, Main Rd., Surat—18, Science, Stamps, Photography; (229) Dhirajlal K. Vadalia, Dharagni, via Chalala (Saurashtra)—20, Commerce, Reading, Cross-wordpuzzle; (230) Mansukhlal Jivraj Vaghela, Rajmahel, Jetpur —16, Drawing, Music, Science, Stamps; (231) Pravinchandra Bhansali, c/o Chhotalal K. Mehta, Dukal Kotdi, Palanpur—14, Stamps, Coins; (232) Bhupesh Sharadchandra Patel, c/o Harshadkumar M. Desai, New Avenue Rd., Kothi, Baroda—16, Stamps, Photography; (233) Ramniklal, c/o V. J. Shah, Nanavati Bazar, Bhavnager—20, Reading, Pictures; (234) Ramanlal Mohanlal Panchal, 134, Shantinath pada, Gheekanta, (અનુસંધાન પૃષ્ઠ ૧૫૯મે)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૫ · વૈશાખ ૧૯૮૦ (મે ૧૯૨૪)

સં. ૧૬૭૯ની શ્રાવણ સુદ ૭મે ભારતખ્યાત સંત ગોસ્વામી તુલસીદાસનો દેહાંત થયો એની ૩૦૦મી સંવત્સરી હિંદમાં આજથી પચીસેક વરસ પર ઉજવાએલી: એ પ્રસંગને અનુલક્ષીને 'કુમાર'ના ૫મા અંકમાં એમનું ચરિત્ર આપેલું તેની રૂપરેખા :

તુલસીદાસજીનો જન્મ મઉ પરગણાના રાજાપુર ગામમાં સં. ૧૫૮૯માં થયો હતો. ત્યાં હજુસુધી એમની ઝૂંપડી હયાત છે. એમનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો. બાળક આ નક્ષત્રમાં જન્મે તો માબાપ ઉપર ભાર મનાય છે, તેથી ભયને લીધે માબાપે એમને છાંડેલા. તુલસીદાસ લખે છે કે 'માતાપિતાએ તો મને જન્મ દઈને તજ્યો, તેમજ વિધિએ પણ કાંઈ સુખ લલાટે ન લખ્યું. ઘેરઘેર રખડી ભિક્ષા માગી અને અંતે રઘુવર રામને શરણે ગયો.' નરહરિદાસ નામે કોઇ સાધુએ એમને પાળીપોષી મોટા કર્યા. તુલસીદાસજીનું મૂળ નામ તો રામબોલા અથવા તુલારામ. તે પારાશર ગોત્રના સરયૂપારીણ બ્રાહ્મણ હતા. એમના પિતાનું નામ આત્મારામ દુબે અને માતાનું નામ હુલસી. એ ચાર ભાઇ હતા અને વિદ્યા તથા વાણી કરીને બે બહેનો પણ તેમને હતી. દીનબંધુ પાઠકની કન્યા રત્નાવળી સાથે એ પરણેલા અને તેનાથી તેમને તારક નામે પુત્ર પણ થએલો, પરંતુ એ બાળવયમાં જ મરણ પામેલો.

રત્નાવળી ઉપર ઘણો પ્રેમભાવ હોવાથી એક વખત રત્નાવળી પૂછ્યા વગર પીએર ગઈ કે તરત જ એની પાછળ તે ગયા. ત્યારે પત્નીએ ઉપાલંભ દીધો: 'મારા દેહમાં તમને જેવી લગની છે તેવી જો શ્રીરામમાં હોત તો તમારો જન્મમરણનો ભય ટળી જાત.' આ વચન સાંભળી તુલસીદાસને ખરો વૈરાગ્ય પ્રગટ્યો. પછી તો સ્ત્રીએ બહુ સમજાવ્યા છતાં એ ત્યાંથી ચાલી નીકળ્યા અને કુટુંબ, કુળ, નાત ને ગામના સંબંધો છોડી રામના ભક્ત બન્યા. અંતે એમને રામદર્શન કેમ થયાં તે વિષેની વાત તો જાણીતી છે.

તુલસીદાસજીએ છ મોટા અને છ નાના ગ્રંથો લખેલા છે. તેમાં 'રામચરિત માનસ', વિનયપત્રિકા', 'જાનકીમંગલ', 'રામસતસઇ' વગેરે છે. આપણે જેને તુલસીકૃત રામાયણ તરીકે ઓળખીએ છીએ તે જ રામચરિત માનસ. રામચરિત્ર એ મોટું માનસરોવર છે એમ માનીને તુલસીદાસજીએ એના સાત ભાગ 'સોપાન' પાડ્યા. સોપાન એટલે પગથિયું. છસો પાનાનો મોટો ગ્રંથ છે. તેમાં આઠ આઠ ચોપાઇઓ પછી એક દોહો અથવા બીજો કોઇ છંદ આવે છે. ચોપાઇ તો તુલસીદાસની જ. રામચરિત માનસનું પ્રથમ શુદ્ધ સંસ્કરણ ડૉ. ગ્રીઅર્સને કર્યું. ડૉ. ગ્રીઅર્સન લખે છે કે 'તુલસીદાસજીએ રામાયણમાં ગ્રામ ભાષાના શબ્દો એવા તો ઉચિત અને સરસ અર્થમાં વાપર્યા છે કે એની ભાષા એ હૃદયની ભાષા બની ગઇ છે.'

ઈ. ૧૬૧૬માં હિંદમાં પ્લેગ આવ્યો. તુલસીદાસજીને એ રોગ થએલો. ત્યાર પછી એમનું આરોગ્ય નબળું પડ્યું, ને અંતે કાશીકાંઠે સંવત ૧૬૭૯ના શ્રાવણ સુદ ૭ને દિને દેહ મૂક્યો.

શ્રી 'ધૂમકેતુ'ની છુટક ઐતિહાસિક પ્રસંગોની માળા 'ઇતિહાસદર્શન' નામે જે પુસ્તકાકારે પ્રકટ થઇ છે તેની શરૂઆત એમણે 'કુમાર'થી કરેલી. તે માળાના આ અંકમાં અકબરના દરબારના વિદ્વાન રત્ન અબુલફઝલનો એક પ્રસંગ :

અબુલ ફઝલ ભારે વિદ્વાન પુરુષ હતો. પંદર વર્ષનો થતાં સુધીમાં તો તેણે ધર્મશાસ્ત્ર ને તર્કશાસ્ત્રના ઘણા ગ્રંથો વાંચી નાખ્યા હતા. એક વખત એક દુષ્પ્રાપ્ય પુસ્તક તેના હાથમાં આવ્યું. પણ તેના દરેક પાનાનો અરધોઅરધ ભાગ બળીને નાશ પામ્યો હતો. અબુલફઝલે બળેલા છેડા પર કોરા કાગળ ચોડી પુસ્તક વાંચવા માંડ્યું. અનેક વખત વાંચ્યા પછી, પુરતો વિચાર કરીકરીને, તે અધુરો ભાગ પૂરો કરતો ગયો. થોડા વખત પછી અચાનક એ પુસ્તકની બીજી નકલ મળી આવી. અબુલ ફઝલે પૂરું કરેલું પુસ્તક લગભગ એ પુસ્તક જેવું જ હતું, ને કેટલીક જગ્યાએ તો વિચાર, શબ્દ, શૈલી ને વાક્ય પણ બધાં જ તેના જેવાં હતાં!

એવા જ ઇતિહાસપ્રસિદ્ધ મુત્સદ્દી નાનાફડનવીસના ચાતુર્યનો એક નાનો પ્રસંગ એ અંકમાંથી ટૂંકાણમાં ઉતારીએ :

ચતુરશા નામે એક ચતુર ગુજરાતી વ્યાપારી એટલો ચતુર હતો કે જેટલા દેશમાં એને રહેવાનો પ્રસંગ મળતો તે બધા દેશમાં એ પૂરો તે દેશનો બની શકતો. ભાષા તો ભાગ્યે જ માસ બે માસ એની આડે આવતી. અને રીતરિવાજો પણ એ એકદમ જાણી જતો.

એક વાર વેપાર પ્રસંગે એને પુના જવાનું થયું, એટલે પેશ્વાનો મુજરો કરવાની તક ચતુરશા જેવો ચતુર નર કેમ જતી કરે?

પેશ્વાના દરબારમાં ચતુરશાએ શુદ્ધ મરાઠીશાહી મુજરો કર્યો ને શુદ્ધ દક્ષિણી ભાષામાં વાત કરી. પહેરવેશ પણ મરાઠી ઢાઢનો જ હતો. આ નવો માણસ કોણ હશે એ કોઇનાથી કળાયું નહિ. નાના ફડનવીસ એની સામે તાકી રહ્યો. એના મનમાં ઘડભાંગ થવા લાગી, કારણકે એ વખત બહુ બારીક હતો. પેશ્વાઈ દરબારની જરા જેટલી ગફલત કે ભૂલથી આખા દેશની ઉથલપાથલ થઇ જાય એવો સમય હતો.

નાનાને એટલી બાતમી તો મળી કે આ કોઈ પરદેશી વેપારી છે. ક્યાંનો છે એ હવે કેમ જાણવું? છેવટે તેણે એક યુક્તિ શોધી કાઢી. તેણે બેચાર દિવસ ચતુરશા જોડે પ્રસંગ પાડી પાંચમે દિવસે તેને પોતાને ત્યાં જમવા નોતર્યો. ભારે જમણ જમ્યાથી એ સુખીઓ વાણીઓ જરા આડે પડખે થયો અને તેની આંખ મળી ગઈ.

અગાઉથી તૈયાર કરી રાખેલા સંકેત પ્રમાણે એક નોકરે ધીમે પગલે ચતુરશાના ઓરડામાં જઇ એક, બે, ત્રણ એમ ઉપરાઉપરી ચાબુકના સપાટા ઊંઘતા મહેમાનને ચોડી દીધા! ચતુરશા બેબાકળો બૂમ પાડી ઉઠ્યો, 'ઓ બાપરે! મરી ગયો! કોણ છે? કોણ છે?'

'શું છે, શું છે' કરતો નાના ફડનવીસ ઓરડામાં ધસી આવ્યો. નોકરોને ધમકાવ્યા. એકને પકડીને બેડી પહેરાવી, અને મહેમાનની માફી માગીને ઉતારે પહોંચાડી દીધો. નાનાના મગજ ઉપરથી એક ચિંતા ઊતરી. ચતુરશા ગુજરાતી વેપારી છે એ જાણી લીધું.

આપણી વનસ્પતિ [૨૭]

બીલી

લેખક
પ્રો. જયંતીલાલ દે. ઓઝા
એમ. એસસી.



ઉપલે ડાબે ખૂણે: વચ્ચેથી કાપેલું તથા બીજ દર્શાવતું બીલીનું ફળ; ઉપલે જમણે ખૂણે: બીલીનું ફળ-મોટું કરી બતાવેલું; વચ્ચેના ભાગે: બીલીની ડાળ પાંદડાં વગેરે; નીચલે જમણે ખૂણે: બીલીનું ફૂલ.

છેક વેદકાળથી પવિત્ર લેખાતી અને શિવપૂજામાં ખાસ મહત્ત્વની ગણાતી આ વનસ્પતિને સંસ્કૃતમાં બિલ્વ તથા શ્રીફળ, હિંદીમાં બેલ તથા સીરીફલ અને મરાઠીમાં બીલ કે બેલ કહે છે. અંગ્રેજીમાં તે (Bael Tree) તેમજ 'બેન્ગાલ ક્વિન્સ' 'Bengal Quince' નામે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'ઈગલ માર્મેલોસ' (Aegle Marmelos, Corr.). ['ઇગલ' એ ગ્રીસ દેશની એક પુરાણકથામાં આવતી હેસ્પીરાઇડ્ઝની ત્રણ બહેનોમાંની એકનું નામ હતું. એ કથા તથા તેને લગતું વિખ્યાત ચિત્ર આ અંકના મુખચિત્ર પાછળ છાપ્યાં છે.]

હિમાલય, મધ્ય તેમજ દક્ષિણ હિંદ, ને બ્રહ્મદેશ બીલીનાં ખાસ ઉત્પત્તિસ્થાન છે. આપણા દેશમાં બધે તે ઉગાડવામાં આવે છે.

બીલીનું વૃક્ષ મધ્ય કદનું—૧૫ થી ૨૫ ફીટ ઊંચું થાય છે. તેના થડની બહારની છાલ ભૂરી હોય છે. ચોમેર ફેલાતી તેની ડાળીઓ પર ૧ થી ૧½ ઇંચ લાંબા, મજબૂત, સીધા, તીક્ષ્ણ કાંટા હોય છે. એ ડાળીઓ પર પાન સંયુક્ત, દાંડીવાળું અને ત્રણ (ક્વચિત્ પાંચ) નાનાં પાનનું બનેલું હોય છે. એ નાનાં પાન ૧½ થી ૪ ઇંચ લાંબાં, ⅞ થી ૨ ઇંચ પહોળાં અને વચમાં પહોળાં રહી ટોચે તેમજ તળિયે સાંકડાં થતાં હોય છે. એ ત્રણ નાનાં પાનમાં વચલું પાન સૌથી મોટું ને લાંબી દાંડીવાળું હોય છે; બાકીનાં બે નાનાં પાન સામસામાં ગોઠવાએલાં ને બહુ જ ટૂંકી દાંડીવાળાં હોય છે. બીલીનાં પાન શિયાળે ખરી પડે છે ને આ ઋતુમાં હવે તેને નવાં પાન આવે છે.

બીલીને ફૂલ બેસવાનો કાળ પણ આ એપ્રિલ ને મે માસ. એનાં ફૂલ લીલાશ લેતાં સફેદ ને મધુરી સુગંધવાળાં હોય છે. તે દાંડીવાળાં હોય છે. અને તેમાં લીલાશ પડતાં પુંકેસર તંતુઓ અસંખ્ય હોય છે.

બીલીના ફળને બીલું કે બેલફળ કહે છે. તે ગોળ, ભૂરું, પીળાશપડતું ને ૨ થી ૫ ઇંચ વ્યાસમાં હોય છે. તેની છાલ કઠણ હોય છે. તેમાં મધુર, ઘટ્ટ અને નારંગી રંગનો ગર્ભ હોય છે ને સંખ્યાબંધ લંબગોળ, ચપટાં બીજ હોય છે. બીલી બીજ વડે ઊગે છે.

બીલી એ ઘણી ઉપયોગી અને હિંદભરમાં સારી પેઠે જાણીતી વનસ્પતિ છે. તેના થડમાંથી ચીકણો, રાતો ભૂરો, ઉપયોગી ગુંદર મળે છે. તેનું લાકડું પીળાશપડતા સફેદ રંગનું, મજબૂત અને સુગંધી હોય છે. બીલીનાં ફૂલો તેમજ ફળની છાલમાંથી સુગંધી ઊડણ તેલ મળે છે. તેનાં બીજમાંથી ઘટ્ટ તેલ મળે છે જે મૃદુરેચક છે. તેના ફળના ગર્ભને ઉકાળી, તેને ચૂના સાથે મેળવવાથી સીમેન્ટ બને છે. પાકું ફળ ખાવામાં તેમજ અથાણાં, શરબત ને મુરબ્બા બનાવવામાં વપરાય છે. ફળની છાલ રંગવાના કામમાં વપરાય છે.

બીલીનું દરેક અંગ આયુર્વેદમાં ઉપયોગી ગણ્યું છે. બીલીનું મૂળ મધુર છે ને તે ત્રિદોષ, પેટનો દુખાવો, હૃદયના ધબકારા, મૂત્રાશયનાં દર્દો વગેરે મટાડે છે. તે વાત, પિત્ત ને કફને દૂર કરે છે. બીલીના મૂળની છાલનો ઉકાળો એકાંતરિયા તાવમાં આપવામાં આવે છે. દશમૂળ ક્વાથમાં તેનો ઉપયોગ થાય છે. મલબારમાં હૃદયના વધુપડતા ધબકાર નિયમિત કરવા બીલીના મૂળની છાલના ઉકાળાનો ઉપયોગ થાય છે. તે ખાંડ તથા રાંધેલા ભાત સાથે નાનાં બાળકોને ઝાડા બંધ કરવા માટે આપવામાં આવે છે.

બીલીનાં પાન મૃદુરેચક ગણાય છે. તાજાં પાન તાવને મટાડે છે. વળી તે આંખનાં દર્દો, બહેરાપણું અને સોજા ઉપર ઉપયોગી છે. આંખના દુખાવા પર પોટીસ તરીકે બીલીનાં પાન બંધાય છે. તેનો તાજો રસ શરદી અને તાવમાં અપાય છે. મલબારમાં બીલીનાં પાનનો ઉકાળો દમમાં ઉપયોગી ગણાય છે. તાવમાં સનેપાત હોય તો તેના પાનની ગરમ પોટીસ માથે બાંધવામાં આવે છે. તાજાં પાન વાટીને ઘા પર ચોપડવાથી તે રૂઝાય છે.

બીલીનાં ફૂલ તરસ મટાડે છે, ઉલટી બંધ કરે છે તેમજ મરડામાં પણ ઉપયોગી છે.

બીલીનું કાચું ફળ કડવું અને ખાટું હોય છે. તેને કાપીને સૂકવી નાખવામાં આવે છે અને એવાં સૂકાં ફળ બજારમાં વેચાય છે. તે ઝાડા અને મરડામાં બહુ અસરકારક ગણાય છે. બીલીનું પાકું ફળ હૃદયના રોગ માટે ઉપયોગી ગણાય છે કંબોડિયામાં બીલીનું ફળ ક્ષયરોગમાં આપવામાં આવે છે. કોંકણમાં બીલીનાં કાચાં ફળ, વરિયાળી અને આદુનો ઉકાળો હરસમાં આપવામાં આવે છે.

સુશ્રુત, વગેરે બીલીનાં મૂળ, પાન, તથા છાલ સર્પદંશ પર ઉપયોગી ગણે છે, પરંતુ કાયસ ને મ્હસ્કરના સંશોધન અનુસાર બીલીનો કોઈ ભાગ સર્પદંશ પર અસરકારક નથી.

કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે નિબંધ-હરીફાઈ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી 'સમાજ અને કાયદો' એ વિષય ઉપર ૪૦થી૫૦ ફૂલસ્કૅપના કદના નિબંધની હરીફાઈ જાહેર થઈ છે. નિબંધ તા. ૩૦ જૂન સુધીમાં નીચેને સરનામે મોકલવો. વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી પસંદગી પામનાર દરેકને રૂ. ૫૦ સુધીનું એક, એમ બે ઇનામો આપવામાં આવશે. લખો: મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબાઇ ૪.

સભા-લક્ષણ

લેખક — યોગેન્દ્ર પ્રિયદર્શી

'સભ્યોનું મિલન તે સભા' એવી સભાની વ્યાખ્યા થાય. પરંતુ આપણે શ્રોતાસમુદાયના મિલનને અથવા વિચારણા માટે મળેલા જનસમૂહને પણ સભા કહીએ છીએ. એ જ પ્રમાણે પ્રાચીન કાળમાં નાટ્ય પ્રસંગે એકઠા થએલા પ્રેક્ષકસમુદાયને પણ સભા કહેતા. નાટ્યશાસ્ત્રમાં આ પ્રેક્ષકસભાનો ઉલ્લેખ કરેલો નથી, પરંતુ 'અભિનયદર્પણ' વગેરે ગ્રંથોમાં તેનાં લક્ષણો દર્શાવેલાં છે. પ્રેક્ષક-સભા જનતાના વિવિધ વર્ગોની બનતી. તેમાં નીચેના સાત પારંગતોની હાજરી સભાના આભૂષણ રૂપ મનાતી તથા તેઓ સભાનાં સાત અંગ રૂપ ગણાતા: (૧) વિદ્વાન, (૨) કવિ, (૩) ભટ, (૪) ગાયક, (૫) પરિહાસક, (૬) ઇતિહાસક તથા (૭) પુરાણશાસ્ત્રી.

ભટનો અર્થ ભાષા કે અલંકારશાસ્ત્રી થાય છે. કદાચ તે પરાક્રમી પુરુષ (સુભટ)ના અર્થમાં પણ હોય. પરિહાસક એટલે વિનોદ-ચતુર માણસ. જેમ અકબરના દરબારમાં બિરબલ હતો.

પ્રેક્ષક-સભાનાં આ સાત અંગો તે રાજસભાનાં નવ રત્નોમાંનાં જ સાત રત્નો સમ લેખાય; કારણકે ઉપરનાં સાત રત્નોમાં જ્યોતિષી તથા વૈદ્યરત્નનો સમાવેશ થતાં રાજસભાનાં નવ રત્નો બની રહે છે, એવો શ્લોક નારદકૃત 'સંગીત મકરન્દ'માં આવે છે.

રાજસભાનાં નવ રત્નોની પ્રથા તો રાજા ભોજ તથા શહેનશાહ અકબરનાં નવ રત્નોથી જાણીતી છે. 'અભિનયદર્પણ'માં પ્રેક્ષકસભાનું લક્ષણ જણાવતાં કહ્યું છે કે 'સભા કલ્પવૃક્ષની જેમ ચમકતી હોવી જોઇએ. વેદો તેની ડાળી રૂપ છે, કલા તથા વિજ્ઞાન તેનાં પુષ્પ રૂપ છે તથા તેમાં હાજર રહેલા વિદ્વાન પ્રેક્ષક ભ્રમર રૂપ છે.' વળી કહ્યું છે કે 'જેમાં સદ્ગુણી, સત્પ્રેમી, સત્કર્મી, બહુસન્માનિત, પ્રસિદ્ધ વીર પુરુષ, પંડિતો વગેરે મહાજનો તથા ઉદારચરિત કર્મચારીઓનો સમાવેશ થતો હોય તે શોભાયમાન સ્થળનું નામ જ 'સભા.'

સભાપતિ: પહેલાં નાટ્યસભારંભ કોઈ વ્યક્તિને અધ્યક્ષપદે યોજાતો. તે પ્રેક્ષક-સભાનો નાયક ગણાતો. એ સભાપતિનું કાર્ય નાટ્યપ્રયોગને અંતે નાટકની સમાલોચના કે વિવેચન કરવાનું અર્થાત પ્રયોગના ગુણદોષોની તટસ્થભાવે સમીક્ષા કરવાનું તથા દિગ્દર્શક કે ઉત્તમ પાત્ર ભજવનારને યોગ્ય પુરસ્કાર આપી તેમનું સન્માન કરવાનું હતું. શાસ્ત્રમાં આ સભાપતિના અનેક ગુણ-લક્ષણો પણ જણાવ્યા છે. સૌ પ્રથમ તો તે સમાજનો બહુસન્માનિત કે શ્રેષ્ઠ પુરુષ હોવો જોઈએ, નહિ તો તે પ્રેક્ષકોની ગોષ્ઠિને પાત્ર થાય છે. વળી તે વિદ્વાન ન હોય તોપણ હાંસીપાત્ર થાય, કારણકે તો તે પ્રયોગની યોગ્ય સમીક્ષા કરી શકે નહિ. પુરાણ કાળમાં રાજા જ સમાજની શ્રેષ્ઠ વ્યક્તિ ગણાતી હોવાથી તે જ આ સ્થાને નીમાતો.

સભાપતિના અન્ય ગુણો 'અભિનયદર્પણ'માં આ પ્રમાણે દર્શાવ્યા છે: શ્રીમાન (ઐશ્વર્યસંપન્ન), ધીમાન (બુદ્ધિશાળી), કીર્તિમાન, કલાવાન (વિવિધ કલાકૌશલ્યનો જાણકાર), પ્રતિભાવાન, ગુણવાન, સત્કર્મી, વિવેકી (સારાનરસાં તત્ત્વોને સમજનાર), ધીર, દ્વેષહીન (પૂર્વગ્રહરહિત), વિતરણનિપુણ (પુરસ્કાર વહેંચવામાં ચતુર) તથા સંગીત, અભિનય, હાવ, ભાવ, રસ વગેરેનો જાણકાર કે સમજનાર.

'સંગીતરત્નાકર'માં તેને નીચેનાં લક્ષણોયુક્ત વર્ણવ્યો છે: વિવેચક, તદ્ગ્રાહી, (તત્ત્વગ્રાહી), નર્મનિપુણ (મર્મકુશળ), કૌતુકરત (જિજ્ઞાસુ), વાગ્મી (વક્તા), પ્રાજ્ઞ, ગંભીર, મેધાવી, ધીરબુદ્ધિ, મધ્યસ્થ, (તટસ્થ કે પક્ષપાતરહિત) નિજાધીન (સ્વતંત્ર), શાસ્ત્રવિજ્ઞાનસંપન્ન, સકલ કલાકુશલ, પ્રિયવચની, સત્યવાદી, ધર્મિષ્ઠ, કરુણાવરુણાલય (દયાસાગર), શૃંગારી તથા પ્રસન્નવદની ઈત્યાદિ.

'સંગીત-મકરન્દ' તેનાં લક્ષણો આ પ્રમાણે જણાવે છે: સાહિત્ય-સંગીત-કલાસકત, સર્વજ્ઞ, ચતુર, રસિક, મનોહર રૂપધારી ઈત્યાદિ. આમ જુદાંજુદાં શાસ્ત્રોએ તેને જુદાજુદા રૂપે દર્શાવ્યો છે.

મંત્રી: મંત્રીનું પ્રયોજન નાટકમાં વપરાતી પ્રાકૃત ભાષાઓનો અર્થ સમજાવવાનું તથા દુર્બોધ વસ્તુઓનો ગૂઢાર્થ પ્રકાશિત કરવાનું હતું. મંત્રીની વિશિષ્ટતા વિવિધ ભાષાઓના ભેદજ્ઞ તરીકેની હતી, કારણકે તેના જ્ઞાન વગર તે તેનો અર્થ યોગ્યરીતે સમજાવી શકે નહિ. તેના બીજા ગુણોમાં નીચેનાં લક્ષણોનો સમાવેશ થાય છે: ગુણદોષ-ભેદનિપુણ, ભાષાભેદ-વિચક્ષણ, નીતિકોવિદ, સહૃદય સુપંડિત, કથોપકથન-નિષ્ણાત, યશાંપ્રાર્થી શ્રૃંગારલીલાયુક્ત ઈત્યાદિ.

સભારચના: સભામાં કઇ વ્યક્તિ કયાં બેસે તે પણ શાસ્ત્રમાં દર્શાવેલું છે. અર્થાત્ તે કાળમાં જુદીજુદી વ્યક્તિઓને સભામાં જુદેજુદે સ્થાને બેસાડવામાં આવતી. જેમકે 'અભિનય દર્પણ'માં જણાવેલું છે કે 'સભાપતિ પૂર્વ તરફ બેસે; તેમની બન્ને બાજુ કવિઓ, મંત્રીઓ, હિતચિંતકો કે અન્ય મિત્રો બેસે.' 'સંગીત-રત્નાકર'માં જણાવ્યા પ્રમાણે તે કાળમાં સભાની રચના આ પ્રમાણે થતી હશે એમ જણાય છે: પુષ્પશોભિત નાટ્યસભામાં સુસજ્જિત સિંહાસન પર સભાપતિ (રાજા) સ્થાનાપન્ન થતા, તથા અન્ય કર્મચારીઓ તેમની આજુબાજુ ગોઠવાતા. તે આ પ્રમાણે: સભાપતિની ડાબી બાજુ અંતઃપુરિકા-વર્ગ (સ્ત્રી-વર્ગ), જમણી તરફ પ્રધાન, સેનાપતિ વગેરે પુરુષવર્ગ, સભાપતિની પાછળ કોષાધ્યક્ષ તથા તેમની બાજુમાં લૌકિક તેમજ વૈદિક શાસ્ત્રોમાં પારાંગત વિદ્વાનોનું રસિકવૃંદ, અને સર્વની મધ્યમાં કવિમંડળ, જ્યોતિમંડળ તથા વૈદકનિપુણોનું મંડળ, તથા સભાપતિની ચારે તરફ રાજ્યપરિવારની અન્ય વ્યક્તિઓ ગોઠવાતી. રાજાની પાછળ બંને બાજુ રૂપયૌવનસંપન્ના, ચારુદેહા ચામરધારિણીઓ કંકણના ઝંકારે વીંઝણો ઢાળતી ઊભી રહેતી, તથા બંને બાજુ આગળ ગાયક, કથાકાર, વિદ્વાનમિત્ર, પ્રિયંવદ તથા પ્રશંસાનિપુણ વ્યક્તિઓ (પ્રશંસકો) ગલ્પગોષ્ઠિ કરતા સેવામાં તત્પર રહેતા. સુદક્ષો (વ્યવસ્થાપકો) સભાની શાંતિ તથા શૃંખલાવિધાન (હરોળની વ્યવસ્થા) સાચવતા. અને શસ્ત્રધારી સંરક્ષકો સર્વની રક્ષા માટે સાવધાન રહેતા. અત્યારના 'પિટ ક્લાસ'ની જેમ 'વિલાસી વર્ગ'ની બેઠક સૌથી પાછળ રહેતી. 'સંગીત-મકરન્દ'માં સ્ત્રીઓની બેઠકને સ્થાને રાજાના રહસ્યમંત્રી, સેનાપતિ, પંડિતો વગેરેની બેઠક જણાવી છે અને સ્ત્રીઓની બેઠકનો તેમાં ઉલ્લેખ જ નથી.

પ્રેક્ષક: ઉત્તમ પ્રેક્ષકની પરીક્ષા પણ નાટ્યશાસ્ત્રમાં આપેલી છે. તે એ છે કે પાત્ર જે ભાવ બતાવે તે જ ભાવ પ્રેક્ષક બતાવે તો તેને ઉત્તમ કોટિનો સમજવો. અર્થાત્ પાત્ર સંતોષ બતાવે ત્યારે સંતોષ પામનારને શોક બતાવે ત્યારે શોક પામનાર પ્રેક્ષક ઉત્તમ જાણવો.

કલા-પ્રયોગને જોવા તથા સમજવા માટે પ્રેક્ષકોએ સંપાદન કરવાના ગુણો આટલા કહ્યાછે: ઇન્દ્રિયોની એકાગ્રતા, રસિકતા, તર્કવિતર્કમાં કુશળતા, ભાવકતા વગેરે. પ્રેક્ષકોને સૂચના આપતાં 'નાટ્યશાસ્ત્ર'માં જણાવ્યું છે કે પ્રેક્ષકોએ પોતાના આસન પર સ્વસ્થ ચિત્તે બેસી

બીજા પર ધ્યાન રાખ્યા વગર કેવળ નાટક ઉપર જ ધ્યાન રાખવું. વળી એમ સૂચવ્યું છે કે હાસ્યરસના પ્રયોગને સ્મિત વડે, અસ્પષ્ટ હાસ્યપ્રયોગ અર્ધ હાસ્યથી તથા વાકચાતુર્ય કે અન્ય યુક્તિથી યોજેલો હાસ્યરસ અતિહાસ વડે ગ્રહણ કરવો.

નાટકમાં ઉત્તમતા આવે ત્યારે તેને તાળીઓથી વધાવવાને બદલે જુદી રીતે વધાવવાની સૂચના નાટ્યશાસ્ત્રમાં આપેલી છે અને જણાવ્યું છે કે 'નાટકમાં ઉત્કટતા આવે ત્યારે તેને "સાધુ સાધુ" (બહુ સારું બહુ સારું કહીને) વધાવવું. તે જ પ્રમાણે અતિ કરુણ રસમાં 'કષ્ટમ્ કષ્ટમ્' (બહુ દુ:ખ, બહુ દુ:ખ) એમ બોલવું તથા પ્રહર્ષજનક અદ્દભુત પ્રસંગે 'અહો' એમ મોટો ઘોષ કરવો વગેરે. આ ઉપરથી જણાય છે કે પહેલાંના વખતમાં તાળીઓ પાડવાનો રિવાજ નહિ હોય અથવા તો તે સારું નહિ ગણાતું હોય. અત્યારે પણ શિષ્ટ સમાજમાં તે સભ્ય ગણાતું નથી. પ્રાચીન ને આર્વાચીન સંસ્કૃતિના ધામ સમા શાંતિનિકેતનમાં ગુરુદેવ ટાગોરે આ પ્રથા દાખલ કરેલી છે. આથી ત્યાં નાટ્ય પ્રસંગે તાળીઓ પાડવાને બદલે ઉપર મુજબ 'સાધુ સાધુ' શબ્દ વડે અભિવાદન કરવામાં આવે છે. (ચાલુ)

તાળો મેળવવાની સહેલી રીત

કોઈ લાંબા સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર કર્યા પછી તે ખરા છે કે નહિ તે ચકાસી જોવા માટે એક સરળ ને ચોક્કસ પદ્ધતિ એક સીમેન્ટના વેપારીએ શોધી છે. તેને નવડાની પદ્ધતિ કહે છે, કારણ કે તેમાં ૯નો આંકડો જ મોટો ભાગ ભજવે છે. દા. ત. નીચેનો સરવાળો તે પદ્ધતિથી સાચો છે કે નહિ તે ચકાસી જોઈએ:

```
  ૧ ૩ ૨ ૧
  ૪ ૨ ૬ ૩
  ૭ ૬ ૫ ૪
 ---------
૧ ૩ ૨ ૩ ૮
```

ઉપરના સરવાળાને ચકાસી જોવા માટે દરેક છૂટી રકમના આંકડાનો સરવાળો કરતા જાઓ. એ સરવાળો જો ૯ કરતાં ઓછો હોય તો તેને એમ ને એમ રહેવા દેવો, અને જો ૯ કરતાં વધારે હોય તો ૯ યા ૯ નો ગુણાકાર તેમાંથી બાદ કરો. દા. ત. પહેલી રકમનો સરવાળો ૧+૩+૨+૧=૭ છે; તે ૯ કરતાં ઓછો હોવાથી તેને એમ ને એમ રહેવા દેવો. એ જ પ્રમાણે બીજી રકમનો સરવાળો ૧૫ થાય છે, જે ૯ કરતાં વધારે હોવાથી તેમાંથી ૯ બાદ કરતાં ૬ આવે. ત્રીજી રકમનો સરવાળો ૨૨ થાય જેમાંથી ૯ નો ઓછામાં ઓછો ગુણાકાર ૧૮ બાદ કરતાં ૪ રહે. હવે એ જવાબોનો સરવાળો કરો. જે ઉપરના દાખલામાં ૭+૬+૪=૧૭ આવે છે. તેમાંથી પણ ૯ નો વધારો કાઢીએ તો ૮ આવે. હવે, જો દાખલો ખરો હોય તો, સરવાળાનો જે જવાબ આવ્યો હોય તેના આંકડાનો સરવાળો કરી તેમાંથી ૯ નો વધારો કાઢતાં તે બરાબર ૮ જ આવવો જોઈએ. ઉપરના દાખલામાં તે ૧+૩+૨+૩+૮=૧૭; ૧૭−૯=૮ જ આવે છે. ટૂંકમાં તાળાની રીત આ પ્રમાણે થાય

```
 ૧૩૨૧=૭      =૭
 ૪૨૬૩=૧૫−૯ =૬
 ૭૬૫૪=૨૨−૧૮=૪
-----------------
૧૩૨૩૮=૧૭−૯ = ૧૭−૯=૮
```

એક વાર સમજી લીધા પછી આ પદ્ધતિ તદ્દન સહેલી અને ઝડપી લાગશે

આ જ પદ્ધતિથી બાદબાકીનો તાળો મેળવવો હોય તો જે રકમોની બાદબાકી કરવાની હોય તે રકમોનો ઉપર પ્રમાણે ૯ નો વધારો કાઢી તેમની બાદબાકી કરવી. (જો એ બાદબાકીનો જવાબ ઓછામાં આવે તો તેમાં ૯ ઉમેરવા). તે જવાબના રકમના ૯ ના વધારા બરાબર થશે.

```
દાખલા તરીકે: ૯૬૨૫ — ૯ નો વધારો=૪
              ૫૪૩૭ — ૯ નો વધારો=૧
              ----   -----------
              ૪૧૮૮ — ૯ નો વધારો=૩
```

એ જ રીતે જે રકમોનો ગુણાકાર કરવો હોય તે રકમોનો ૯ નો વધારો કાઢી તેમનો ગુણાકાર કરવો. એ ગુણાકારનો ૯નો વધારો જો જવાબની રકમના ૯ના વધારા બરાબર હોય તો તે દાખલો ખરો સમજવો.

ભાગાકારમાં પણ જે ભાગાકાર આવ્યો હોય તે અને ભાજક એ બંનેનો ૯નો વધારો કાઢી ગુણાકાર કરવો. જો તે ભાજ્યના ૯ના વધારા બરાબર થાય તો દાખલો ખરો એમ સમજવું.

જંગી રકમોના સરવાળા બાદબાકી ગુણાકાર ભાગાકારોમાં આ પદ્ધતિ બહુ સરળ થઈ પડે છે અને આજે તો આ ૯ ના વધારાની પદ્ધતિનો અમેરિકા તથા બીજા દેશોમાં મોટામોટા નામું લખનારા હિસાબનીશો તથા એન્જિનીઅરો પણ ઉપયોગ કરે છે.

(સાયન્સ ડાઈજેસ્ટ)

રમતો માટેનાં ઉપયોગી પુસ્તકો

અંતકડીની રમતથી ઘરઘરનાં બાળકો પરિચિત છે. એ રમતમાં ઉપયોગી થઈ શકે તેવાં સંખ્યાબંધ કવિતાનાં અવતરણોનો કક્કાવાર સંગ્રહ **અંત્યાક્ષરી** (પૃ. ૧૯૨—સંપાદક, શ્રી ઈશ્વરલાલ ઈ. દેસાઈ, પ્રકાશક, મંગળદાસ ઍન્ડ સન્સ બુકસેલર્સ., ભગા તળાવ, સૂરત, ૧-૮-૦) હમણાં બહાર પડ્યો છે. અંતકડીની રમત માટે તો એ પુસ્તક મૂલ્યવાન છે જ, પણ તે ઉપરાંત જીવનબોધ, ઊર્મિપોષણ ને રસાનુભવ કરાવતી એમાંની અમુકઅમુક કડીઓથી એ એક નાનકડા સુભાષિતસંગ્રહ જેવું પણ લાગે છે. આ તો કેવળ બુદ્ધિ અને સ્મરણશક્તિની રમતનું પુસ્તક; પણ શરીર અને મન બંનેને કસે તથા પ્રફુલ્લિત બનાવે એવું એક બીજું પુસ્તક પણ હમણાં બહાર પડ્યું છે: **સાદી રમતો** (લેખક-ચીનુભાઈ મુ. શાહ). ગુજરાત વ્યાયમ પ્રચારક મંડળ (ભરૂચ; કિં. રૂ.૪-૦-૦) જેવી સંસ્થા તરફથી તે બહાર પડ્યું છે ને મુંબાઈ સરકારે તેને ઉલ્લેખ-પુસ્તક (રેફરન્સ-બુક) તરીકે મંજૂર કર્યું છે. એ જ તેના પ્રમાણભૂતપણાનું પ્રમાણ છે. રમનારાઓ તથા રમતની વ્યવસ્થા કરનારાઓને ઉપયોગી સંખ્યાબંધ ચિત્રોથી ભરચક આ પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પડે છે એ જ તેની લોકપ્રિયતાની સાબિતી છે. એની સાથેસાથે આપણી એક લોકપ્રિય, પણ ભુલાતી જતી રમત **ગિલ્લીદંડા** વિષે બહાર પડેલી નાની પુસ્તિકા (લેખક-વાસુદેવ ભટ્ટ, પ્રકાશક-અમદાવાદ વ્યાયામ મંડળ, ૦-૪-૦)નો ઉલ્લેખ પણ કરવો જોઈએ. 'કુમાર'ના વાચકો તો ૩૦૦મા અંકમા આવેલા એ લેખકના એ વિષય ઉપરના લેખથી પરિચિત છે. તેને વિસ્તારી વિગતો તથા ચિત્રો સાથે વિકસાવીને આ પુસ્તિકા તૈયાર કરેલી છે તે ઉપયોગી છે.

અજાણ્યે કરેલી હાનિ ગમે તેટલી મોટી હોય, તો ય દરગુજર કરવી જોઈએ;
જાણીને કરેલી હાનિ ગમે તેટલી નાની હોય, તો ય દંડ દેવો જોઈએ.



મધુકરી

ખંખેરી નાખ ખામી, વર વપુ વળગી ક્ષુદ્રતાની રજોટી;
ગર્વે માથું ઉછાળી ગગન ગજવતી પાડ તું વીરહાક;
લજ્જા સ્નેહી જનોની હર સમર વિષે શત્રુસેના પછોટી,
વેગે ને તેજી તેગે ચકિતચખ કરી નાખ સૌને અવાક.
ઝેરી ફુત્કારવંતી પકડ રિપુતણી દાઢને નાખ ચીરી,
આવે તો આવતું છો મરણ, અગર છે આત્મકેરી અમીરી.
(પ્રસ્થાન) —પૂજાલાલ

સુબ્રહ્મણ્યમ ભારતી–મેધાવી ક્રાંતિકાર કવિ

આપણે ત્યાં રાષ્ટ્રોત્થાનના સમય દરમ્યાન પ્રાંતેપ્રાંતમાં નૂતન યુગના વૈતાલિકો સમા કવિઓ અને સાહિત્યસ્વામીઓ પાકયા. બંગાળીમાં ટાગોર, ઉર્દૂમાં શાયરે-ઈન્કિલાબ જોશ મલીહાબાદી, મલાયલમમાં વલ્લાથોલ, ગુજરાતીમાં લોકપ્રિય ગાયક સ્વ. મેઘાણી, વગેરેએ નૂતન યુગની ભાવનાઓને ઝીલી અને વાચા આપી. સ્વ. સુબ્રહ્મણ્યમ્ ભારતી પણ તામિલ ભાષાના આવા જ એક વૈતાલિક હતા. બંગાળના માછીમારો ટાગોરનું નામ પણ જાણ્યા વિના ટાગોરની લયમધુર ગીત પંક્તિઓ લલકારે છે, સ્વ. મેઘાણીની ઘણી ગીત-રચનાઓ આજે લોકગીતોરૂપે ગુજરાતી જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ છે. તેવી જ રીતે સ્વ. ભારતીજીની ગીતકૃતિઓ આજે તામિલના ગામડે ગામડે લોકજીભે રમી રહી છે.

સંત ત્યાગરાજ પછી દક્ષિણ ભારતને માટે ગીતોનો મોટામાં મોટો વારસો મૂકી જનાર કોઇ હોય તો તે સુબ્રહ્મણ્યમ્ ભારતી. શ્રીમતી શુભલક્ષ્મીથી માંડીને પટમ્મલ સુધીનાં દક્ષિણ ભારતનાં સઘળાં ગાયકો આજે ભારતીનાં ગીતો મુક્તકંઠે ગાય છે. શ્રીમતી શુભલક્ષ્મીએ તો સ્વ. ભારતી પોતાના નિર્વાસનકાળમાં જ્યાં રહેતા હતા એ પૉંડીચેરીમાંનું તેમનું મકાન ખરીદવા માટે સંગીતનો એક કાર્યક્રમ રાખેલો, ને એમાં મળેલાં નાણાંથી તે ખરીદીને રાષ્ટ્રને ભેટ આપી દીધું છે.

આજથી ચાર દાયકા પહેલાંનું ઈ. સ. ૧૯૦૭નું કૉંગ્રેસનું સુરત મુકામેનું અધિવેશન ઘણાને આજે યાદ પણ નહિ હોય. ઉદ્દામ અને વિનીત બળો વચ્ચે ચકાસણીનો એ મહાન ઐતિહાસિક પ્રસંગ હતો. કલકત્તા અધિવેશનમાં દાદાભાઈ નવરોજીએ 'સ્વરાજ'નો મંત્ર ફૂંકયા પછી દેશમાં નવી જ જાગૃતિ આવી ગઈ હતી અને લોકમાન્યની નેતાગીરી નીચે ઉદ્દામ બળો સંગઠિત થવા માંડયાં હતાં. ગોપાળ કૃષ્ણ ગોખલે, સુરેન્દ્રનાથ બૅનરજી અને રાસવિહારી ઘોષ જેવા વિનીતો ઉદ્દામ રાષ્ટ્રવાદના એ જુવાળને ખાળવા મથતા હતા. એટલા માટે નાગપુરનું અધિવેશન મોકૂફ રખાએલું, કારણકે નાગપુર તો લોકમાન્યના કેન્દ્રસમું હોવાનું વિનીતો માનતા. પરંતુ સુરતમાં યે લોકમાન્યે એમનો કેડો ન મૂકયો. એમની જ ગુફામાં પેસીને એમના દાંત કાઢી લેવાનું શૌર્ય લોકમાન્યમાં હતું. પરિણામે સુરતના અધિવેશનમાં રાસવિહારી ઘોષની પ્રમુખપદ માટેની દરખાસ્તને ટેકો આપવા માટે જેવા સુરેન્દ્રનાથ બૅનરજી ઊભા થયા કે ધાંધલ શરુ થઈ ગયું. લોકમાન્ય કૉંગ્રેસના પ્રતિનિધિઓને સંબોધીને પોતાનું વક્તવ્ય રજૂ કરવા માગતા હતા. પ્રમુખે તે માટે રજા ન આપી એટલે તેઓ વ્યાસપીઠ પર ધસી ગયા.

અને એ જ જાણે તોફાનનો સંકેત હોય તેમ ખુરશીઓ અને પગરખાં ઊડયાં, લાઠીઓ પણ ઊછળી. એક દક્ષિણી ચંપલ બરાબર સર ફિરોજશાહ મહેતાને વાગ્યું. પોલીસ આવી પહોંચી અને ધાંધલમાં જ આખું યે અધિવેશન ડૂબી ગયું.

લોકમાન્યની એ ઉદ્દામ છાવણીના બે દક્ષિણી મહારથીઓ હતા: સુબ્રહ્મણ્ય

'દૈવી ગાયક' કહીને અંગ્રેજ કવિઓએ જેનાં મોંફાટ વખાણ કર્યાં છે એ 'સ્કાઇ લાર્ક'ને આપણે વખાણીએ છીએ; પણ આપણામાંના કેટલાને ખબર હશે કે આપણા દેશમાં પણ એ જ ગોત્રનું ને એવુંજ સતત ગાનાર મધુરકંઠી પંખી કાયમી વાસ કરે છે? આપણા જ ગામના તેલી તંબોળી કે ભઠિયારાની દુકાને યા કોઈ ફકીરના હાથે ઝૂલતા પેલા ત્રિકોણાકાર લૂગડું ઢાંકેલા નાના પાંજરા પાછળ એ સ્કાઈલાર્કનું સ્થાન લેનાર ત્રણત્રણ પ્રકારનાં પંખીઓ હોય છે: ભરત, અગન અને ચંડોળ.

એમાં સ્કાઈલાર્કને રૂપેરંગે મળતું, ને એની પેઠે અખંડ ગાન રેલાવતું પંખી ભરત ખૂબ વહેલું-બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી એ ગાતું ગાતું ઊંચે ચડવા માંડે છે,—પચીસપચાસ ફૂટ નહિ, પણ હજારેક ફૂટ! અને ત્યાંથી ગાતું ગાતું જ તે નીચે ઉતરે છે. જમીન નજીક આવે કે તરત ગાન સંકેલી પાંખ બંધ કરી ભોંયે પડતું મૂકે છે, પણ જમીનને અડે તે પહેલાં તો પાછું ગાતું ગાતું ઊંચે ચડવા માંડે છે. આમ, બપોર સુધીમાં સતત ગાતું તે આવી હજારેક ચડઊતર કરે છે, પણ નથી એ થાકતું કે નથી એનો અવાજ ડરડાતો. રોજ સવારથી બપોર સુધી તે આમ અવિરત ગાયા જ કરે છે. બપોર પછી ક્વચિત જ. એનું ગાન એટલે ઝીણી સીસોટી જેવી આહ્લાદક સ્વરધારા.

જન્મથી જ આકાશના અસીમ પટને ખૂંદનારું છતાં સ્વભાવે ગુલાબી અને કષ્ટસહ કઠોર કાયાવાળું હોવાથી પાલ્ય પંખી તરીકે સંકુચિત પાંજરામાં પણ એવા જ ઉલ્લાસથી ગાયા કરે છે.

માદા ચકલી જેવડા, જમીન સાથે ભળી જતા ધૂળિયા બદામી રંગના આ પંખીને માથે ટૂંકી ત્રિકોણાકાર કલગી હોય છે, જે તે ઇચ્છાનુસાર ઊંચી નીચી કરી શકે છે. ચાંચ પાતળી, અણીદાર, ગુલાબી; આંખો ઘેરી બદામી; પગ ઘઉંવર્ણા અને પાછળના લાંબા આંગળા પર સીધો લાંબો નહોર, જે લાર્ક પંખીઓને ઓળખવાની ખાસ એંધાણી છે

આ એના ગર્ભાધાનનો મહીનો છે. ગુજરાતનું કાયમી વાસી એ પંખી જાળાંઝાંખરાવાળાં બીડ કે ખારીનું વસનારું છે. ઘાસના ભોથાના મૂળમાં કે માટીના ઢેફાની ઓથે ઘાસનો છીછરો માળો બનાવી, ઘેરા કસુંબી રંગનાં છાંટણાંવાળાં દૂધિયા રંગનાં ૪-૫ ઈંડાં એ મૂકે છે.

('વનેચર' પરથી)



માસમાસનાં પંખી
૪૦-ભરત

ભારતી અને વી. ઓ. ચિદમ્બરમ્ પિલ્લે. કૉંગ્રેસના આ અધિવેશન પછી લોકમાન્યના અનુયાયીઓએ શ્રી અરવિંદ ઘોષના પ્રમુખપદ હેઠળ એકત્ર થઈ 'બૉયકૉટ' તથા 'સ્વદેશી'ના ઠરાવો પસાર કર્યા. એ બેઠક પછી ભારતી મદ્રાસ પાછા ફર્યા.

જ્વલંત દેશદાઝથી ઊભરાતાં કાવ્યોના રચયિતા શ્રી ભારતીનો જન્મ ઇ. સ. ૧૮૮૨માં તિન્નેવલ્લી જિલ્લામાં આવેલા એટ્ટીયપુરમ્ નામક એક નાના સરખા દેશી રાજ્યમાં થએલો. કુમાર વયે જ એમણે બનાવવા માંડેલી કવિતાઓએ ખુદ ત્યાંના રાજાનું લક્ષ ખેંચેલું. અંગ્રેજી શિક્ષણ પ્રત્યે ભારતીને પહેલેથી જ તિરસ્કાર હતો અને એને લઇને બનારસ જઈ ત્યાં સંસ્કૃત, હિંદી તથા હિંદુસ્તાની સંગીતનું ખાસ શિક્ષણ મેળવ્યું.

બનારસથી પાછા આવતાં જ કૉંગ્રેસના એક સ્થાપક શ્રી સુબ્રહ્મણ્ય આયરની નજરમાં આ ઓજસ્વી તરુણ વસી ગયો અને તેમણે ભારતીને પોતાના કૉંગ્રેસી દૈનિક 'સ્વદેશમિત્ર'માં સહતંત્રી તરીકે રોકી લીધા. ભારતીએ પોતાના લેખો અને કવિતાઓથી તામિલ પ્રજામાં નવજાગૃતિ ફેલાવવા માંડી.

સુરત કૉંગ્રેસમાંથી 'બૉયકૉટ' 'અને સ્વદેશી'ની ચળવળને વેગ આપવાનું નક્કી થયું. 'સ્વદેશમિત્ર'ને એમનો ઉદ્દામ દૃષ્ટિકોણ પોસાય એવો ન હતો, એટલે એમણે લોકમાન્ય ટિળક ને અરવિંદ ઘોષના જાગૃતિમંત્રનો પ્રચાર કરવા માટે એક સ્વતંત્ર સાપ્તાહિક શરુ કર્યું. લાલ, બાલ અને પાલની ત્રિપુટીના પરમ પ્રભાવના એ દિવસો હતા અને ગૂંગળામણો, ગિરફતારીઓ અને દેશપારીનો એ જમાનો હતો.

સ્વદેશી આંદોલનને અને બહિષ્કારની પ્રવૃત્તિને વેગ આપવા ભારતીએ મદ્રાસમાં સ્થાપેલો ભારતભંડાર એ વખતે સઘળી રાજદ્વારી પ્રવૃત્તિનો ઉદ્‌ગમસ્રોત બની રહેલો. ત્યાંથી જ 'વંદેમાતરમ્'ના ઘોષ પ્રાંતભરમાં ફરી વળ્યા. બ્રિટિશ હકૂમત તે સાંખી લે તેમ ન'હતું. એણે ભારતીના બે સહકારીઓ શિવ અને પિલ્લેને ગિરફતાર કરી સજા કરી. ભારતી અને તેમના સાપ્તાહિક સામે પણ વૉરંટ નીકળવાની અફવા ચાલી. ભારતી પોતે તો મક્કમ જ હતા, પણ એમના મિત્રોએ એમને સમજાવીને રાતોરાત પૉંડીચેરી મોકલી દીધા.

અને ભારતીએ પૉંડીચેરીમાંથી પોતાના સાપ્તાહિક 'ઇન્ડિયા'નું પ્રકાશન શરુ કર્યું. એ વખતે ઇંગ્લંડમાં રહેલા પ્રસિદ્ધ ક્રાન્તિકારી ને સશસ્ત્ર ઉત્થાનના હિમાયતી વી. વી એસ. આયર એમાં વિદેશવૃત્ત (Foreign Topics) લખતા. બ્રિટિશ છૂપી પોલિસને અનેકવાર હાથતાળી આપી છટકી ગએલા એ આયરનાં તથા એવાં બીજાં 'ઇન્ડિયા'નાં લખાણો સામે પ્રતિબંધ જાહેર કર્યો. પણ એ પ્રતિબંધને કારણે તો બ્રિટિશ હિંદમાં એ પત્ર ઊલટું વધુ લોકપ્રિય બન્યું.

એ જ અરસામાં શ્રી અરવિંદ ઘોષનો અલીપુર જેલમાંથી છૂટકારો થયો અને એમણે 'ધર્મ' તથા 'કર્મયોગી' પત્રો શરુ કર્યા, પરંતુ નોકરશાહીનો પંજો એમને છોડે તેમ ન હતું. પરિણામે બીજા ત્રણ ખટલાઓમાંથી પસાર થઈ શ્રી અરવિંદે હમેશ માટે બંગાળનો ત્યાગ કર્યો અને ઈ. ૧૯૧૦ની ચોથી એપ્રિલે પૉંડીચેરી પહોંચ્યા, અને એ સાથે જ રાજકારણમાંથી પોતાની નિવૃત્તિ જાહેર કરી.

થોડા સમય બાદ એક મુસ્લિમ ફકીર પણ પૉંડીચેરી આવી પહોંચ્યો. એ અન્ય કોઈ નહિ પણ પ્રસિદ્ધ ક્રાન્તિકારી શ્રી. વી. વી. એસ. આયર પોતે જ હતા! લંડન તથા પારીસમાં પાછળ પડેલી છૂપી પોલીસને થાપ આપીને એ વેશે એ પૉંડીચેરી પહોંચ્યા હતા.

ભારતી, અરવિંદ અને આયર ત્રણેની આ ઉપસ્થિતિએ બ્રિટિશ સરકારને અકળાવી મૂકી. આડકતરાં સઘળાં દબાણો નિષ્ફળ જતાં એણે ફ્રેન્ચ સરકાર પર સીધું દબાણ લાવવા માંડ્યું કે ગમે તે બહાને પણ એ ત્રણેને તે પૉંડીચેરીમાંથી હાંકી કાઢે, પરિણામે પોતાની પ્રવૃત્તિ પર થોડાઘણા અંકુશો સ્વીકારીને ભારતી તથા આયર બ્રિટિશ હદમાં પાછા આવ્યા, જ્યારે શ્રી અરવિંદ ત્યાં જ રહ્યા.

પાછા આવીને ભારતી ફરી 'સ્વદેશમિત્ર'માં જોડાયા, જ્યારે આયરે 'દેશભક્તન્'નામનું તામિલ દૈનિક શરુ કર્યું. આયરના આ પત્રે ફરી પાછો ભારતીના ઉદ્દામ રાષ્ટ્રવાદને અવકાશ કરી આપ્યો અને એમના લેખો કાવ્યો આયરના એ તામિલ પત્રમાં છપાવા લાગ્યાં.

ખુલ્લા ગળાનો કાળા રંગનો કોટ, કૈઝર જેવી મૂછો ને ભરાવદાર પાઘડી સાથે અક્કડ ચાલે ચાલતા ભારતીનો આત્મા પણ અણનમ હતો. એમનાં કેટલાંક રાષ્ટ્રગીતો તો રણગીતોમાં ખપે તેવાં છે.

'ભય ફેંકી દો, વિજય આપણો જ છે.' એવું ઉદ્‌બોધતા એમના ગીત પર નેતાજી સુભાષચન્દ્ર બોઝ તો એટલા મુગ્ધ હતા કે લશ્કરના કૂચગીત માટે તેમણે એનું નોટેશન તૈયાર કરાવ્યું હતું.

"ફેનિલ કેશવાળી ધરાવનાર નીલા સાગરકાંઠે શાશ્વત ઊભી રહેલી કૉમોરિનની તપસ્વી ભૂશિર અને માલવંણની ટેકરીઓ વચ્ચે વસેલું તામિલનાડ તેનાં યશસ્વી કાર્યોની ગૌરવ ગાથાઓ ઉચ્ચારે છે. 'કમ્બન' અને 'શિલાપ્પદી કર્મ'ના રચયતા વલ્લુવન જેવી મહા મેધાઓની અણમોલ રત્નમાળાથી આ પ્રદેશ વિભૂષિત બન્યો છે, વ્યાઘ્ર અને મત્સ્યના સંજ્ઞાચિહ્નવાળો ધ્વજ લંકા, ફિલિપિન્સ અને જાવામાં રોપનાર અહીંના લોકો હતા. અંધકારને નસાડતું કલિંગનું યુદ્ધ ખેલનાર વીર રણવીરો આ ભૂમિમાં પાકયા હતા..." જન્મભૂમિની આવી પ્રશસ્તિ તો કયા મેધાવી કવિએ નથી કરી? શ્રમનું ગૌરવ પણ આ કવિએ હર્ષભેર ગાયું છે. એમાં ખેતરો તેમજ કારખાનાંના શ્રમજીવીઓનો મહિમા વર્ણવતાં ગીતો પણ છે. આ લોકહૃદયના સ્વામીનું સ્મારક ઊભું કરવા 'કલ્કી'ના તંત્રીએ ૫૦૦૦ની ટહેલ નાખેલી. એના ઉત્તર રૂપે રૂા. ૫૦ હજાર ભરાઇ ગયા. આ નાણાંનો પ્રવાહ એવો તો વધતો ગયો કે જાહેર સૂચના આપીને વધારે રકમોને આવતી અટકાવવી પડી હતી. ગુજરાત જેવા પ્રાંતમાં નાનાલાલ અને મેઘાણીના સ્મારક માટે હજી રકમોનાં સાંસાં છે.

ભારતીજીના વતન એટ્ટીયપુરમ ખાતે તેમની યાદમાં એક ભવ્ય સ્મારક ખુલ્લું મુકાયું છે. એટ્ટીયપુરમ આમ તો એક નાનકડું ગામ છે, પણ દક્ષિણના ઇતિહાસમાં એનું મહત્ત્વ ઘણું છે. વિજયનગરની જાહોજલાલીનો અસ્ત થયા પછી ઉદયાપલમ્ અને એટ્ટીયાપુરમ્‌ના જમીનદારો, તાંજોરના રાજાઓ અને રામનંદના સેતુપતિઓએ જ ત્યાંની સંસ્કૃતિની જ્યોત જલતી રાખી હતી. એમના રાજદરબારોએ વિપુલ સંખ્યામાં સંસ્કૃતના કવિઓ આપ્યા છે. ત્રણત્રણ સૈકાની રાજકીય અશાન્તિમાં આપણા પ્રાચીન સંગીતને સાંગોપાંગ જાળવી રાખવાનો યશ પણ આ પ્રદેશ ને જફાળે જાય છે.

('ભારતી', 'જન્મભૂમિ' વગેરે પરથી)

ઍલાર્મવાળી કાંડા-ઘડિયાળ

સવારે વહેલા ઊઠવા માટેના ઘંટડીવાળા ડબ્બા તો આપણે જાણીએ છીએ; પણ ઘડિયાળની બારીક કારીગરી માટે જાણીતા દેશ સ્વિટ્ઝર્લૅંડે હમણાં કાંડા-ઘડિયાળમાં પણ ઍલાર્મ ગોઠવ્યા છે.

તેનો અવાજ તમરાની સીટી જેવો તીણો ને સ્પષ્ટ હોય છે, અને આપણા ધાર્યા સમય પર ઍલાર્મ મૂકી શકાય છે. બહુ કામકાજવાળા કાર્યરત માણસો માટે તે અતિ ઉપયોગી સાધન છે. સવારે તો એ તમને ઉઠાડે જ છે; પણ દિવસ આખા દરમ્યાન પ્રતિપળે તમારા સેવકની જેમ કામ આપે છે. કોઈ મુલાકાતે જવાનું હોય

તેનો સમય ગોઠવીને તમે કામમાં લાગી જાઓ અને વખત થતાં તમને તે ચેતવી દે. તમારી મુલાકાતે આવનારને પણ તે ચેતવણી રૂપ છે. પાંચ મિનિટ માટે તમને મળવા આવનાર માણસ તમારી કાંડા ઘડિયાળની સીટી વાગતાં જ સમજી જઇને તરત રસ્તે પડે છે. હિંદમાં ફાવર-લ્યૂબા કંપની મહીના ગાસમાં જ તે મંગાવવાની છે.

રુદ્રાક્ષ

રુદ્રાક્ષ એ નેપાળ-ભૂતાનની વનસ્પતિ છે. તે ઝાડનું અને તેનાં બીનું નામ પણ રુદ્રાક્ષ. રુદ્રાક્ષના બીને સો વર્ષે વાવવામાં આવે તો પણ તેમાંથી ઝાડ ઊગી નીકળે છે, એમ કહેવાય છે. એટલે બીજા કુરમાં અલૌકિક શકિત રહેલી છે. શંકર એટલે કલ્યાણ કરનાર દેવનું આભૂષણ મનાતું, તથા સાધુ-સંતો, યોગીઓ, જાદુગરો અને સમાજના ભક્તવર્ગમાં જેની માળા પહેરવાનો રિવાજ છે તે આ રુદ્રક્ષનાં બી જેમ વધારે પાકટ તેમ વધારે ગુણકારી છે. મરીના દાણાથી માંડીને સોપારી જેવડા તેના ગણકા થાય છે ને એક મણકાની કિંમત ઓછામાં ઓછેથી માંડીને રૂપિયા ૧૦૦ સુધીની પણ હોય છે. એકમુખી, દોમુખી, પંચમુખી, એમ રુદ્રાક્ષની મહત્તા ગણાય છે, પણ આજે જનસમાજમાં કાળબળે તેમાં રહેલા ખાસ ગુણની મહત્તા ભુલાઇ છે. શરીરમાં રહેલું પ્રાણતત્ત્વ જેને ચુંબકતત્ત્વ કહે છે તે કગી થવાથી જ માણસનું આરોગ્ય બગડે છે. રુદ્રાક્ષમાં એ પ્રાણતત્ત્વને નિયમિત રાખી ચુંબકતત્ત્વને વ્યવસ્થિતપણે શરીરમાં ભ્રમણ કરાવનારો ગુણ છે. ગળામાં તેની માળા પહેરવાથી કે તાંબુ, ચાંદી કે સોનાની સાંકળીમાં રુદ્રાક્ષ મઢી લઈ પહેરવાથી કોઈ ખરાબ હવાની અસર થતી નથી અને બળ તથા મગજશક્તિને મદદરૂપ બને છે. નાના બાળકને રતિપુર ને મોટા માણસને વાલપુર ઘસારો મધમાં અગર ગાયના દૂધમાં સવારે એક વખત ઘસીને આપવાથી કૉલેરા, બળિયા કે પ્લેગ જેવા જીવલેણ રોગ થવાનો સંભવ નથી. એવા રોગ લાગુ પડયા પછી પણ રોગીને ઉપર પ્રમાણે ઘસારો દર ત્રણ કલાકે આપવાથી તેના હૃદયની ગતિ બંધ ન પડતાં કાયમ રહી તેમાં સુધારો થાય છે. કફ-સસણી, આંચકી અને ન્યુમોનિયામાં પણ દર ચાર કલાકે રુદ્રાક્ષના નાના બે ત્રણ દાણા વાટીને પાવલીભાર મધમાં ચટાડવાથી આરામ થાય છે. રુદ્રાક્ષની ૧૦૮ મણકાની માળા અંગૂઠા અને તેની સાથેની બે આંગળીની મદદથી ફેરવી જવાથી શરીરમાંની વિદ્યુત જાગૃત થઇને જીવનમાં શાંતિ આપનાર બને છે. પ્યાલામાં પા શેર દૂધ ભરી તેમાં રુદ્રાક્ષની માળા સો વખત બોળીબોળીને કાઢી લીધા પછી તે દૂધ પી જવાથી શરીરની વધારાની ગરમી-તજાગરમી દૂર થાય છે. પણ એ દૂધ ગાયનું હોવું જોઇએ. પ્લેગમાં તાંબાંના તારમાં રુદ્રાક્ષ ને પપીતા મઢી પહેરવાથી પ્લેગ થતો નથી ને થયો હોય તો રાહત મળે છે. પ્લેગની ગાંઠ પર પપીતા તથા રુદ્રાક્ષને પાણીમાં ઘસી ઉપરાછાપરી ચોપડવાથી ગાંઠ બેસી જાય છે યા ફાટીને આરામ થાય છે. —વૈદ્ય એસ. એસ. પંડયા

[લેખકે બહાર પાડેલી એક નાની પત્રિકામાંથી આ હકીક્ત તારવીને અહીં મૂકી છે. એમાં દર્શાવેલા ઔષધ તરીકેના રુદ્રાક્ષના ઉપયોગો વિષે કોઈ વૈદ્ય તેમજ ડૉક્ટરની સલાહ લઈ જોવી.]



જગત નાગરિકત્વના પ્રયોગો

છેલ્લા બે મહાયુદ્ધથી કંટાળેલી જગહિતૈષી વ્યક્તિઓએ દુનિયાની પ્રજાઓ વચ્ચે એખલાસ, ભ્રાતૃભાવ અને પ્રેમ વધારવાની અનેક પ્રવૃત્તિઓ શરુ કરી છે, તે પૈકી એક એ છે કે દેશદેશના વિદ્યાર્થીઓ એકબીજાના દેશમાં જઈ તેમનાં ઘરોમાં વસવાટ કરે છે અને પરસ્પરને સમજીને નિકટનો ભાઈચારો બાંધી જગત-નાગરિકત્વ ખીલવવા મથે છે. અમેરિકામાં ઈ. ૧૯૩૨થી ડોનાલ્ડ બી. વૉટ નામના એક ઉત્સાહી સજ્જને 'એકસ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનૅશનલ લિવિંગ'ની 'ક્રૉસરોડ્ઝ' (Crossrodas) નામથી આવી પ્રવૃત્તિ શરૂ કરી છે, જેનાં પરિણામો દર્શાવતી એક સુંદર પુસ્તિકા ભાઇશ્રી મહેન્દ્ર મેઘાણીએ અમને હમણાં ત્યાંથી મોકલી છે.

આ ઉપરનું ચિત્ર એજ પ્રકારની એક બીજી પ્રવૃત્તિ, જે યુનાઇટેડ નેશન્સ એસોસીએશન તરફની 'કાઉન્સિલ ફૉર એડ્યુકેશન ઈન વર્લ્ડ સિટિઝનશિપ' (જગત-નાગરિકત્વના શિક્ષણ માટેની સમિતિ) દ્વારા ચાલે છે તેને લગતું છે. ઑસ્ટ્રેલિયા, બેલજિયમ, કૅનૅડા, ડેન્માર્ક, ફ્રાન્સ, હૉલાંડ, ઈટલી, ન્યૂ ઝીલાંડ, નૉર્વે, દક્ષિણ આફ્રિકા, સ્વીડન, યુનાઇટેડ સ્ટેટ્સ અને જમાઈકા એમ તેર દેશોમાંથી એકએક કુમાર અને એકએક કુમારી, એ રીતે ૧૬ થી ૧૮ની વયનાં છવ્વીસ વિદ્યાર્થીઓને ઇંગ્લંડનાં ગૃહ તથા શાળાઓમાં વસીને નિકટનો પરિચય પામવા મોકલવામાં આવેલાં. તેમની ચૂંટણી માટે 'આપણે કેવું જગત જોઇએ' એ વિષય પર નિબંધની હરીફાઇ ગોઠવેલી. ઉપરના ચિત્રમાં એ વિદ્યાર્થીઓ ઇંગ્લંડના રાજમહેલ 'બકિંગહામ પૅલેસ'નો પહેરો બદલવાનો વિધિ જોઈ રહ્યા છે.

આપણી આ સમૃદ્ધિની તમને જાણ હતી ?

દુનિયામાં પંખીઓની આશરે ૧૯,૦૦૦ જાતો છે; એથી બીજે નંબરે આવે છે માછલાંની જાતની સંખ્યા–૮ થી ૯ હજાર; તે પછી સરિસૃપ એટલે પેટે ચાલનારાં જાનવરોની સંખ્યા આવે: ૩૫૦૦; અને છેલ્લે પશુઓ, જેની ૨૦૦૦ થી ૩૦૦૦ જાત હોવાનું ગણાય છે.

બૃહદ-ભારતમાં ૧૭,૦૦૦ જાતની વનસ્પતિઓ હોવાનું વનસ્પતિશાસ્ત્રજ્ઞોનો શિરોમણિ હૂકર નોંધે છે. તેમાં હિમાલયની ૪૦૦૦, સીલોનની ૨૮૦૦, બ્રહ્મદેશની ૪૫૦૦ ને મલાયાની ૨૫૦૦. તેમાં ઉત્તર ગુજરાતમાં ૬૦૦, બરડામાં ૬૦૦, કચ્છમાં ૪૦૦.

બૃહદ ભારતમાં આંચળવાળાં પ્રાણીઓની ૫૦૦ જેટલી જાતો જોવામાં આવે છે, તેમાંથી ગુજરાતમાં માત્ર ૮૦. પચાસ વરસ પર હિંદમાં ૧૨૦૦ જાતનાં પંખીઓ નોંધાયાં હતાં. સંશોધન-અવલોકનના પરિણામે આજે એ સંખ્યા લગભગ બમણી થઇ છે; પણ ગુજરાતના ફાળે તો માત્ર ૨૫૦–૩૦૦ જ આવે છે!

કર્નલ વૉલે હિંદમાં ૩૫૦ જેટલી સાપની જાત વર્ણવી છે, પણ ગુજરાતમાં તો માત્ર એમાંની ૨૫થી વધુ જાણવામાં આવી નથી.

એવન્સે પતંગિયાંની ૧૩૦૦ જેટલી જાતો નોંધી છે, ત્યારે ગુજરાતના ફાળે તો માત્ર ૭૦-૭૫ જ આવે છે. અને એમાં યે અમદાવાદની આસપાસ તો માત્ર ૪૦-૪૨ જેટલી જ.

સુરત અને અમદાવાદનો કલેક્ટર સેજવિક તૃણવર્ગની વનસ્પતિઓનો સમર્થ જ્ઞાતા હતો. એ ગુજરાતનાં ૧૧૬ જાતનાં ઘાસની નોંધ કરી ગયો છે. તેમજ ગુજરાત કૉલેજના એક પ્રો. સેક્સ્ટનની મદદથી તેણે ઉત્તર ગુજરાતની ૬૦૦ વનસ્પતિઓની યાદી છપાવી છે.

વડોદરા કૉલેજનો પ્રોફેસર લિટલડેલ અહીંથી ગયો ત્યારે ગુજરાતનાં પંખીઓનાં ૧૦,૦૦૦ ઇંડાંનો અમૂલ્ય સંગ્રહ પોતાની સાથે વિલાયત લેતો ગયો હતો.

નર્સ નામના જીવાતના નિષ્ણાતે ડીસામાંથી જ ૮ થી ૧૦ હજાર ભમરી, મધમાખ અને કીડીમંકોડીની જાતનાં જીવડાં બ્રિટિશ મ્યૂઝિયમમાં મોકલી આપ્યાં છે. —હરિનારાયણ આચાર્ય

સળેખમ વિષે વધુ

સળેખમ એ સામાન્ય વાત થઈ પડી છે. એક વૈજ્ઞાનિકે સળેખમ વિષે શોધખોળ કરીને એમ સાબિત કર્યું છે કે સળેખમ થયું હોય તે વખતે નાક સાફ કરવું એ તંદુરસ્તીને હાનીકારક અને સળેખમ લાંબો વખત ચાલુ રાખે તેવું છે. તે કહે છે કે સળેખમ વખતે જે પાતળો ચીકણો પદાર્થ પેદા થાય છે તે કુદરતીરીતે પેટમાં જવાને નિર્માયો હોય છે, પણ નાકમાંથી તેને બહાર કાઢી નાખીને આપણે ઉલટું જ કાર્ય કરતા હોઇએ છીએ. આ વાત આપણને હાસ્યાસ્પદ લાગે. પણ જે સંરક્ષક જાડું પ્રવાહી નાકના અંદરના ભાગને લાગેલું હોય છે તે ઝીણા વાળ તથા શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી અંદરના ભાગ તરફ જ વહેવું જોઇએ. જ્યારે તે પ્રવાહી પેટમાં જાય છે ત્યારે તેમાંના કિટાણુઓ જઠરરસમાં નાશ પામે છે. પણ જ્યારે આ મરણ પામેલા કિટાણુઓ લોહીમાં દાખલ થાય છે ત્યારે સળેખમ મટાડી દે તેવો એક પદાર્થ તે લોહીમાં ઉત્પન્ન કરે છે. એટલે જેવી રીતે બળિયા ટંકાવવાથી બળિયા સામે સંરક્ષણ આપે તેવો પદાર્થ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે લીટનો પાતળો પદાર્થ ગળી જવાથી સળેખમ સામે સંરક્ષણ આપી શકે તેવો પદાર્થ લોહીમાં પેદા થાય છે. વળી સળેખમ વખતે જોરજોરથી નાક સાફ કરવાથી બીજી ઘણી તકલિફો ઉત્પન્ન થાય છે. કાનનાં ઘણાં દર્દો તેનું જ સીધું પરિણામ છે. (ટિટબિટ્સ)

આ માસ (મે) ઈતિહાસમાં

તા. ૫ ભારતના ગાયનાચાર્ય વઝેબુવાનું અવસાન, ૧૯૪૩

તા. ૬ ઇંગ્લંડમાં ટપાલની ટિકિટો સૌ પહેલી શરુ થઈ, ૧૮૪૦.

તા. ૯ ભારતસેવક ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ, ૧૮૬૬.

તા. ૧૦ મીરતમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-યુદ્ધનો પ્રારંભ થયો, ૧૮૫૭.

તા. ૧૨ પોલૅંડના તારણહાર માર્શલ પિલસુદ્સ્કીનું અવસાન, ૧૯૩૫.

તા. ૧૪ ઑસ્ટ્રેલિયાથી પહેલી વિમાની ટપાલ સાડા ઓગણીસ દિવસે ઇંગ્લંડ પહોચી, ૧૯૪૧.

તા. ૧૫ શ્રીરંગપટ્ટણ પાસે અંગ્રેજોને હાથે ટીપુની છેલ્લી હાર, ૧૭૯૧.

તા. ૧૮ પૃથ્વી હેલીના ધૂમકેતુના પૂંછડામાંથી પસાર થઇ ને મહાન અથડામણમાંથી બચી ગઈ, ૧૯૧૦.

તા. ૨૦ વાસ્કો-ડ-ગામા કાલીકટ બંદરે પહેલો ઊતર્યો, ૧૪૯૮.

તા. ૨૨ રાજા રામમોહનરાયનો જન્મ, ૧૭૭૨.

તા. ૨૫ બ્રિટિશ સલ્તનતમાં ગુલામીનો વેપાર બંધ થયો, ૧૮૬૭.

તા. ૨૭ રશિયાના મહાન પીટરે પીટર્સબર્ગ નગર વસાવ્યું, ૧૭૦૩.

તા. ૩૦ જોન ઑવ આર્કને અંગ્રેજોએ જીવતી બાળી મૂકી, ૧૪૩૧.

તા. ૩૧ અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમનનો જન્મ, ૧૮૧૯.

આ માસની વ્યક્તિવિશેષ: કાર્લ માર્ક્સ



આજે આખા જગત પર ઓળો પાથરી રહેલા 'સામ્યવાદ'ના મૂળ સ્થાપક અને જગત પર પોતાની વિચારસરણીનો બહોળો પ્રભાવ મૂકી જનાર સંસારની વિરલ વ્યક્તિઓમાંના એક કાર્લ માર્ક્સનો જન્મ જર્મનીમાં ટ્રાયર ગામે ૧૮૧૮ની ૫મી મેએ યહૂદી કુટુંબમાં થયેલો. વિદ્યાર્થીકાળમાં જ તેણે મૂડી કમાવાને બદલે મૂડીનો ઉપહાસ કરી માબાપની આશાઓ ભાંગી નાખેલી. બહુમુખી પ્રતિભાવાળો એ યુવાન જીના યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. થયો, પણ તેના બંડખોર વિચારોને લીધે ત્યાં પ્રોફેસરી ન મળતાં પત્રકારત્વમાં પડ્યો અને જોતજોતાંમાં ક્રાંતિકારીઓનો આગેવાન બની ગયો. પરિણામે તેને ૧૮૪૩માં જર્મનીથી ભાગી પારીસ આવવું પડ્યું. ત્યાં તે પોતાના સમકક્ષ વિચારના ફ્રેડરિક એન્જલ્સના પરિચયમાં આવ્યો, જે તેનો જીવનભરનો સાથી અને સહાયક બની રહ્યો. પારીસમાંથી પણ ભાગવું પડતાં તે બ્રસેલ્સ ગયો, જ્યાંથી એન્જલ્સ સાથે ૧૮૪૭માં તેણે એનું જગવિખ્યાત 'સામ્યવાદી જાહેરનામું' બહાર પાડ્યું, બ્રસેલ્સમાંથી પણ બેલ્જિયન સરકારે તેને હાંકી કાઢતાં પારીસ થઈ તે ફરી જર્મની ગયો, જ્યાં મહાપરિશ્રમે યોજેલો ૧૮૪૮નો બળવો નિષ્ફળ જતાં તે છેવટે ૩૨ વર્ષની વયે, થાકેલો અને અકિંચન, ઇંગ્લંડ જઇ રહ્યો અને શેષ જીવન ત્યાં જ વીતાવ્યું. છાંપાઓમાં લખેલા લેખોમાંથી જે કિંચિત મળતું તે ઉપરાંત તેનો બધો ભાર એન્જલ્સ જ ખેંચતો. ઇંગ્લંડમાં એણે પોતાના જીવનના મહાકાર્ય સમો 'કૅપિટલ' ગ્રંથ લખ્યો. ઊતરતી અવસ્થાએ તબિયત ખૂબ લથડેલી રહેવા છતાં તેણે 'કૅપિટલ'નો બીજો ખંડ તૈયાર કરવા માંડેલો, જે પોતાની પત્ની જેનીને અર્પણ કરવો ધારેલો; પરંતુ તે પણ ગુજરી જતાં તેનું રહ્યુંસહ્યું સામર્થ્ય તૂટી ગયું અને બે વર્ષ બાદ ૧૮૮૩ની ૧૪મી માર્ચે જગતનો એ મહાન ક્રાંતિકારી પોતાના સિદ્ધાંતને ખાતર હાલકીભરી દેશનિકાલીઓ, કઠોર ગરીબી અને યાતનાભરી જિંદગી ગુજારી અવસાન પામ્યો.

મરના ભલા હૈ ઉસકા જો અપને લિયે જિયે,
ઝિન્દા હૈ વહ જો મર ચુકા ઈન્સાનકે લિયે,

મિસિસ બેસંટ ગાંધીજીની અસહકારની નીતિની વિરુદ્ધ હોવાથી પોતાના 'ન્યૂ ઈન્ડિયા' પત્રમાં તે ગાંધીજીની સામે બહુ આકરા લેખો લખતાં. એક દિવસ એમાં બહુ જ ખરાબ લેખ આવેલો જોઇ તે વિષે ગાંધીજીને પૂછતાં તેમણે જવાબ આપ્યો : 'જ્યાં લગી ખાસ દલીલવાળા લેખ આવતા ત્યાં સુધી હું એ પત્ર વાંચતો; પણ મારા પર વ્યક્તિગત ટીકા આવવા લાગી ત્યારથી મેં એ વાંચવું બંધ કર્યું છે. એવું લખાણ વાંચવાથી મન પર તેની કાંઇ ને કાંઈ અસર થાય, પણ વાંચીએ જ નહિ તો મનનો સદ્‌ભાવ કાયમ રહે. આજે જો મારે મિસિસ બેસંટને મળવાનું થાય તો તેમના પ્રતિ મારા મનમાં જે આદરભાવ છે તેમાં ઊણપ નહિ હોય.'

કહેવતોના અર્થ :'નગારખાનામાં તતુડીનો અવાજ'–એ જેમ કોઈને કાને પડી શકતો નથી તેમ, મોટા આગળ નાનું કશા લેખામાં ન હોય એવું દર્શાવવા આ કહેવત વપરાય છે. એના જેવી બીજી: 'ઊંટના પેટમાં જીરાનો વઘાર'; 'કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી';'તોપના ભડાકામાં તાળીનો શો આશરો?';'સૂર્ય ઊગે ત્યાં દીવો શો બળે?' વગેરે.

અનેકાર્થી શબ્દ: **હેલી**=સતત વરસાદ; સાહેલી; ગીતની એક દેશી; બગલ; મુડદાની રાખ; ક્ષણ.

ગણિતગમ્મત: કોઇ પણ સૈકડા વિષે આ જાણવા જેવો ગણિતીય સંબંધ છે: કોઇ પણ સૈકડાની આજુબાજુની બે રકમો લો. બંનેનો ગુણાકાર કરતાં જે સંખ્યા આવશે એમાં જમણી બાજુ નવના ચાર અંકો જ આવશે. એ ચાર અંકોને કાઢી નાખતાં બાકી વધે તેમાં એક ઉમેરશો તો જે સંખ્યાનો સૈકડો હશે તે સંખ્યાનો વર્ગ જ આવશે. દા.ત. ૩ સંખ્યાનો સૈકડો ૩૦૦ લીધો. આજુબાજુની રકમો ૨૯૯×૩૦૧=૮૯૯૯૯-ચારનવના અંકો છેલ્લે આવ્યા; તેને કાઢી નાખતાં ૮; ૮+૧=૯=૩૨.

—નૌતમ વખારિયા

આપણા દેશમાં ૫૫ હજાર ચો૦ માઈલ વિસ્તારમાં જંગલો આવેલાં છે, જે એકંદર જમીનના કુલ ક્ષેત્રફળનો ચોથો ભાગ થયો.

તડકામાં નીકળતાં પહેલાં જો પાણી પી લેવામાં આવે તો લૂ લાગતી નથી.



ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચશ્માં મૂકવાના ઘરને પેન્સિલની માફક ખિસામાં ભેરવવાની ચાંપ બેસાડવાથી નીચા વળતાં તે પડી જઇ ચશ્મા ફૂટી જવાનો ભય રહેશે નહિ.

યુરોપમાં સૌથી પહેલું છાપું શરુ કરવાનું માન જુલિયસ સીઝરને મળી શકે તેમ છે. સેનેટનું કામકાજ, સમાચારો, બનાવો તથા ઇતર માહિતી રોમના મુખ્ય ચોકમાં આવેલા 'Acta Diuma' નામના સફેદ માહિતીપાટિયા (News-board) પર લખવાનો તેણે હુકમ કરેલો. આ પદ્ધતિ ત્રણ સદી ચાલુ રહેલી. પરંતુ આજની પદ્ધતિના, છપાઇને બહાર પડતા વર્તમાનપત્રની શરૂઆત તો ઈ. ૧૬૦૯માં જર્મનીમાં Avisa Relation Oder Zeitung નામે છાપાથી થએલી.

અમેરિકામાં ડુંગળી રીંગણ ઇત્યાદિ શાકને દૂધનું ખાતર નાખવાથી સારો પાક આવે છે એવી શોધ થઈ છે. જ્યારે આપણે ત્યાં તો ખાવા માટે પણ પૂરું દૂધ મળતું નથી!

જગતમાં ખ્રિસ્તીધર્મ પાળનારા લગભગ ૭૦ કરોડ છે. ચીનનો કન્ફ્યુશિયન ને તાઓ એ બંને ધર્મ પાળનારા ૩૫ કરોડ છે. હિંદુ ધર્મ પાળનારા ૨૩ કરોડ,ઇસ્લામ પાળનારા ૨૦ કરોડ, બૌદ્ધો ૧૫ કરોડ, શિન્તો ધર્મ પાળનાર ૨ાા કરોડ અને યહૂદી ૧ાા કરોડ છે.

સૌથી નાનું હૃદય સિંહનું હોય છે. આથી નાના હૃદયવાળો માણસ સિંહ જેવો હિમ્મતવાન મનાય છે.

ઇંગ્લંડમાં ૫૧ ટકા વાચકો સાહિત્ય વાંચે છે, ૩૪ ટકા શાસ્ત્રીય પુસ્તકો વાંચે છે ને ૧૫ ટકા બાળસાહિત્ય વાંચે છે. અહીં?

ઇંગ્લંડમાં એક ખેડૂત સરાસરી ૨૬ એકર જમીન ખેડે છે, કૅનેડાનો ખેડૂત ૧૪૦ એકર અને હિંદનો ૩ થી ૪ એકર ખેડે છે.


જગતભરના ⅔ આંધળાઓ હિંદમાં છે, જેમાં ભણી શકે તેવા ૫ થી ૧૫ વર્ષની વયના જ ૫૦,૦૦૦ થી વધારે છે.

વાંદરાની ભાષામાં કુલ ૧૬ શબ્દો છે જે વડે તે ભૂખ, ગુસ્સો, બીક વગેરે ભાવો વ્યક્ત કરે છે.


ગૂમડું પાકતું ન હોય તો કબૂતરની હગાર પાણી સાથે વાટી લગાડવાથી ૧૨ કલાકમાં ફાટી જાય છે.

સૌથી ફાસ્ટ બૉલરના બૉલનો વેગ કલાકના ૯૦ માઈલ હોય છે.

પ્રથમ ચિત્ર: ૧૮મી સદીની ઇટાલિયન પિસ્તોલ



વચ્ચે: ૧૮મી સદીની સ્કૉટિશ પિસ્તોલ
નીચે: ઇ. ૧૫૫૦ની પિસ્તોલ,-હાથીદાંત, લાકડકામ અને સોનાની કારીગરીવાળી





કલાકણિકા: લોહીતરસ્યાં હથિયારો પર પણ માનવે કલારસનાં છાંટણાં નાખ્યાં છે એ તો આપણી અનેક પ્રાચીન ઢાલ-તલવારો-કટારો બોલે છે. પશ્ચિમના દેશોમાં પિસ્તોલો એવી રીતે શણગારાતી. એ ત્રણ નમૂના આ ઉપર આપ્યા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૯થી ચાલુ) Ahmedabad—20, Drawing, Cinema; (235) Harkishen Tikamdas, Gangaram Bldg., 5th Floor, Babulnath Rd., Bombay 7—15, Stamps, Viewcards, Coins, Painting; (236) Mansukhlal G. Gondhia, P. O. Box No. 106, Mbale, Uganda, Br. East Africa—18, Stamps, View cards, Readling; (237) Pravin C. Shah, Rajamehta's Street, Brahmpuri, 1115, Ahmedabad—17, Music, Science; (238) Manikant A. Acharya, P. O. Box No. 251, Nairobi, Kenya, Br. East Africa—16, Stamps, Matchlabels, Photography; (239) Hargovind Kachrani, Lakhasar chok, Mandvi, (Cutch)—17, Singing, Swiming; (240) Ramesh Shridharani, 227, Malbar Hill, Bombay 6—18, Stamps, Genral topic; (241) Jayant R. Merchant, Khanwala St., Surat—18, Native-life, Stamps, Coins, Custams; (242) Navnit R. Kamani, Kamani House, Pedder Road, Bomday 26—17, Stamps, Coins, Sports, (243) Amritlal G. Desei, Anshad St., Amli, Via Navsari, (B. B. & C. I. Ry.)—Stamps, Literature, Politics, History; (244) Jasvantlal C. Shah, 305, Masjid Bunder Rd., Room No. 57, Bombay 3—16, Stamps, Photographs; (245) Hasmukh Chachani, Shanti Bhuvan, Dhanbad, E. I. Rly. (Bihar)—18, Photography, Stamps, Swiming, Coal Industry; (246) Rameshchandra Shantilal, 17, Saraswati Nivas Society, Sarkhej Rd., Ellis Bridge, Ahemdabad—19, Film-songs, Reading, Pollitics; (247) Chandrakant M. Patel, c/o Maganbhai S. Patel, 65 Siyagunj Rd., Indore—18, politics, Commerce, Stamps, Correspondence; (248) Bhoiglal K. Mistry, opp. Fire Brigade, Maninagar, Ahmedabad—19, Drawing & Painting, Photography, Tauring, Singing; (249) Navin R. Hirrgasu, Thobhasheri, Mahiderpura, Surat-18, Drawing, Music; (250) Chandulal V. Paramar, Sarswati Vastu Bhandar, Porbandar—20, Drawing, Literature, Photography; (251) Amrital C. Desai, c/o Chimanlal I. Desai, Desai falia, (P. M. S.), Halol —17, Reading, Drawing & Painting; (252) Jagdish Nanubhai Bhatt, Malbar View No. 2, 4th Floor, Chowpaty Seaface, Bombay 7—18, View cards, Music, Stamps, Photography; (253) Mulprasad Ramji Pujara, Baxi Bungalow, Girnar Rd., Junagadh—19, Stamps, Literature, Politics; (254) Rameshchandra Jivani, Jakhau (Cutch)—17, Journalism, Picturs, Match-labales, Swimeing, Nature; (255) Kantilal Velji Mehta, Sachda falia, Bhuj (Cutch)—18, Potitics & Cricket; (256) Pramodray Harishanker Dave, 44, Saraspur, Shangar Sheri, Ahmebabad—18, Literature, Politics, Music, Photography; (257) Madhukant P. Patel, c/o Purushottam N. Patel, 1777, Surdas sheth's pole, Mandvi Street, Ahmedabad-18, Stamps; (258) Niranjan K. Parikh, 3, Patel Society, Khanpur Rd., Ahmedabad—16, Stamps, Base-ball playing; (259) Ashok Dhirajlal Zaveri, Block No. 17, B. N. Kapol Nivas, Viucent Rd., Matunga (G.I.P.), Bombay 19—17, Politics, Philosophy, Indian History, World Geography, Sports; (260) Vasantlal Chimanlal Shah, c/o Chimanlal T. Shah, 72/80 Nagdevi cross lane, Bombay 3-16, Stamps, Extrareading, Cricket, (Language: Gujarati & English.); (261) Dayalbhai Chhababhai, Vahan Falia, P. O. Matvad, Via Jalalpur, (Dr. Surat)-19, Stamps, Sport, Reading; (262) Nagjibhai F. Patel, Moti Khadki, Sisva, Anand, (Baroda State)-22, Stamps, Politics; (263) Rajnikant Shantilal Patel, 42, Shangharsheri, Saraspur, Ahmedabad-16, Music, Reading, Stamps; (264) Bhavanbhai Unkabhai, School Falia, Matvad, Jalalpur, (Surat)-15, Stamps; (265) Bharat V. Mehta, 11, Manekwadi, Delwada Bld., opp. Manekwadi Station, Bhawanagar-21, Politics, Palmistry, Literature. Exchange of views; (266) Jayant R. Rana, Saraswati Mills Co., Sidhpur, (N G.)-17, Nail-Drawing, Stamps, Sports; (267) Harshkant M. Kothari, Dhrafavala Plot, Dhoraj, Cricket, Literature, Science; (268) Suryakant B. Sheth, Kamdar st., Botad Jn. (S. Rly). 20, Drawing, Science, Touring, Letter writting. (269) Chandulal Manji Pattani, Ramtekri Rd., Porpander, 17-Gujrati LIterature, Psychology; (270) Harkishan A. Vora, Co. Mataverlal Shamdas & Co., P. O. Box No. 55, Jharia (Bihar). Camical technology; (271) Mr. Arvind Surajlal Shroff B. A., opp. Kelapith Deshapandhu Karyalaya, Surat, 24, Education, Gujarati literature, Stamps., (272) Mr. Hemlata Arvindlal, C/o Arvind S. Shroff B.A. Kelapith, Surat-18, Stamps, Embroidery, Dressing. (wishes only Female Pen-Friends.) (273) Vora Janardan Harishchandra, Kelapith, Motihing pole, Surat-20, Stamps, Swimming, Study of Gandhism; (274) Javahar Vrandavandas Godhe, Kelapith, Motihing pole, Surat-19, History, Drawing, Swimming; (275) Nareshchandra Manilal Shah, 2251, Adasa's Khadki, Fatasa's Pole, Ahmedabad-1-17, Stamps; (276) Inayatali A. Batadinani B.A. C/o Mr. Abdullah Vali Manmud B.A.LL.B., (Advocate), Husseinbhoy Ismailji Rd., Miran pir, Lyari Quarter, Karrchi-2 (Pakistan) 29, Politics, Science, Live of Greatmen, Reading, Photegraphy; (277) Pramodray Durgashanker Antani, Nagar Chakla, Bhuj-21, Literature, Music, Drawing; (278) Sevantlal Dahyalal Sanghvi Ratanpole, Kadi(N.G.)-19, Stemps, Coins, Photography; (279) Mahasukh D. Mehta, 30, Jambuwadi-18, Photography., Bombay-2-19, Politics, Stamqs, Coins, Potography. (ચાલુ)



કૂકસ આઇલૅન્ડની નવી બહાર પડનારી ટિકિટો (શ્રી હરિલાલ બૅંકર તરફથી)

ન્યૂઝીલૅન્ડ તાબાના 'કૂકસ આઇલૅન્ડ' અને 'વેસ્ટર્ન સામોઆ' તરફથી આ જૂન-જુલાઇમાં તદ્દન નવી જ ટપાલની ટિકિટો બહાર પડવાની છે તેના શ્રી હરિલાલ બૅંકર તરફથી મળેલા આ આગોતર ફોટોપ્રિન્ટ એટલા માટે છાપીએ છીએ કે જે ટિકિટસંગ્રાહકોને તેનાં ફર્સ્ટ-ડે કવર ત્યાંથી મેળવવાં હોય તે તેની આજથી તજવીજ કરી શકે. એમાં ૦ા પેન્સથી ૩ શિલિંગ સુધીની ટિકિટો છે, અને શૉખીનોને રસ પડે તે માટે મૂળ કરતાં મોટા કદની અહીં છાપી બતાવી છે. દક્ષિણ સમુદ્રોની ખેડ કરીને ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલાન્ડની મોજણી કરનાર તથા અનેક નવા ટાપુઓ શોધનાર વિખ્યાત અંગ્રેજ સાહસ-સફરી કૅપ્ટન કૂકના નામથી તો ભાગ્યે જ કોઈ અજાણ્યુ હશે. ઉપરની ટિકિટોમાં તેની છબિઓ સાથે એના નામને ચિરસ્મરણીય કરતા એ ટાપુઓનાં દૃશ્યો તથા નકશા વગેરેનાં સંયોજિત ચિત્રો આપવામાં આવ્યા છે.